ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 05 Date : 16-11-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૪ | ગાંધીજી અને શ્રી અરવિંદના વિકાસવાદી વિચાર (૨) |
| સુધીન્દ્ર કુલકર્ણી | ૦૮ | ગાઝામાં ઇઝરાયેલના નરસંહાર મુદ્દે હિંદુત્વ માનવતાની કસોટીમાં નિષ્ફળ રહ્યું છે |
| યશવંત મહેતા | ૧૧ | ત્યારે મારી આંખ રડે છે... |
| લિખિતંગ | ૧૧ | વાચકોના પત્રોમાંથી |
| રજની દવે | ૧૨ | સિટીઝન્સ ફોર ડેમોક્રેસી – ગુજરાત સંમેલન |
| રજની દવે | ૧૪ | ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય-૩ |
| અશ્વિન કારીઆ | ૧૬ | અશ્વિન કારીઆની નજરે.. |
| - | ૧૬ | • સોનમ વાંગચૂક રાષ્ટ્રદ્રોહી ? |
| - | ૧૬ | • ભાગદોડ દુર્ઘટનાઓમાં જીવ ગુમાવતા કમભાગી દેશવાસીઓ |
| - | ૧૭ | • ન્યાયતંત્ર તરફના પૂરા સન્માન સાથે |
| પંક્તિબેન જોગ | ૧૮ | આરટીઆઈનાં ૨૦ વર્ષની સફર પર એક નજર |
| રાજેન્દ્રસિંહ વાઘેલા | ૧૯ | રમણભાઈ પટેલ : સદ્‌ગુણ સંપન્ન સેવક |
| લિખિતંગ | ૧૯ | વાચકોના પત્રોમાંથી |
| રજની દવે | ૨૦ | ચિંપ લેડી ગૂડોલ : પ્રાણી અને પર્યાવરણ પ્રેમી વ્યક્તિત્વનો વિલય |
| નિયામક | ૨૩ | ઉમાશંકર જોશી ગુજરાત અધ્યયન કેન્દ્ર, ગંગોત્રી ટ્રસ્ટ, અમદાવાદ |
| અશોક રાજ | ૨૩ | પુરુષોત્તમભાઈ પંચાલ : સેવાતીર્થના સેવક |
| આશા વીરેન્દ્ર | ૨૪ | બોલતી મેના |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.73 Issue No.05 1945 Date : 16-11-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ

❍ વિનોબા ❍

## 'હું' 'ચૈતન્ય' (૧)

*સંપાદકીય.....*

શંકરાચાર્ય કહે છે -

'श्रवणात् मननात् ध्यानात् तात्पर्येण निरंतरम्
बुद्धेः सूक्ष्मत्वमायाति ततो वस्तूपलब्धये ।

- તન્મયતાપૂર્વક સતત શ્રવણ, મનન, ધ્યાન કરવાથી બુદ્ધિ સૂક્ષ્મ બને છે અને એનાથી વસ્તુ (આત્મા)ની ઉપલબ્ધિ થાય છે.

વિનોબાજીના ધ્યાન, ભક્તિ, કર્મ, મન, સંબંધી વિવરણ 'મૈત્રી'ના વિશેષાંક રૂપે પ્રકાશિત થઈ ચૂક્યા છે. એ જ રીતે વિનોબાજીના 'આત્મા' સંબંધી વિચારોનું સંકલન - સંપાદન બ્રહ્મવિદ્યા, મંદિરના વિદૂષી સાધિકા બહેન શ્રી ઉષાબહેન વોરાએ કર્યું અને 'મૈત્રી'ના નવેમ્બર-૨૦૧૮ના વિશેષાંક રૂપે 'આત્માને જાણીએ' નામે તે અંક પ્રસિદ્ધ થયો. તેનો ગુજરાતી અનુવાદ પ્રસ્તુત છે.

આ આત્મા તત્ત્વ અત્યંત વિલક્ષણ છે. આત્મા સૂક્ષ્મ છે, આત્મા શાંત છે. આ સૂક્ષ્મતા શબ્દોથી પર છે. શાંતિ પણ શબ્દોનો વિષય ન હોઈ શકે. તેમ છતાં પણ સમજવા માટે શબ્દોની શરણે જવું પડતું હોય છે. તો કહે છે કે આત્મા સચ્ચિદાનંદરૂપ છે, આત્મા ચૈતન્યરૂપ છે : આત્મા નિરાકાર છે, આત્મા નિર્વિકાર છે. આત્માનાં પરસ્પરવિરોધી વિશેષણો પ્રયોજાતાં કહે છે કે તે સત્ પણ છે અને અસત્ પણ છે. તે અણુ પણ છે અને બૃહદ્ પણ છે. તે દૂર પણ છે, અને અત્યંત નજીક પણ છે. તે બહાર પણ છે અને અંદર પણ છે. તે બધું જ છે અને તે કંઈ પણ નથી.

'મૈત્રી'ના વિશેષાંકની સંપાદકીય નોંધમાં ઉષાબહેન 'આત્માને જાણીએ' વિષયના સંકલન-સંપાદનની પ્રક્રિયા વર્ણવતાં લખે છે કે ''....આત્મા અંગે શું કહેવાવું જોઈએ, કેવી રીતે કહેવાવું જોઈએ.... આત્માને કેન્દ્રમાં રાખીને તેની પરિક્રમા કરવાનો વિચાર બનાવ્યો અને પછી ચિત્તમાં તત્સંબંધી આત્મજ્ઞાન, આત્મચિંતન, આત્મદર્શન, આત્મપરીક્ષણ, આત્મશક્તિ, આત્મસ્મૃતિ જેવા શબ્દો ઘૂમરાવા લાગ્યા.....

''.... પછી એક બીજો પ્રશ્ન ઊભો થયો. સામાન્ય રીતે આત્મા, પરમાત્મા, બ્રહ્મ શબ્દને સમાનાર્થી માનીને ઢીલીઢાલી ભાષામાં એ શબ્દોનો ઉપયોગ એકબીજા માટે કરવામાં આવે છે. આરંભમાં પ્રયુક્ત 'આત્મા' શબ્દ વચમાં અથવા છેલ્લે ક્યારેક 'બ્રહ્મ' બની જાય છે, તો ક્યારેક 'પરમાત્મા' તો ક્યારેક 'ઈશ્વર' બની જાય છે, તો શું કરવું જોઈએ ? છેવટે ત્યાં પણ વિવેકથી કામ લેવું એવું વિચાર્યું. પરમાત્મા અને બ્રહ્મને બાજુ પર રાખીને કેવળ ને કેવળ આત્મા પર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું વિચાર્યું અને સંકલનનું કામ ચાલવા લાગ્યું....''

આત્મા અવ્યક્તરૂપે બધે છવાયેલ છે. અહીં બે વાત ધ્યાનમાં આવે છે - (૧) આત્મા અવ્યક્ત છે (૨) તે સર્વત્ર છવાયેલ છે. એનું જ એકમાત્ર અસ્તિત્વ છે. બાકી જે કંઈ પણ દેખાય છે તે ભાસ છે. આપણે બધાં તે આભાસની દુનિયાના નિવાસી છીએ. આપણે વાસ્તવિકતા સાથે જીવવાનું જાણે જાણતા નથી. અને જાણીએ પણ કઈ રીતે, કેમ કે જ્યારે આત્મા પોતે જ અવ્યક્ત છે ! હવે આ કોયડાને કેવી રીતે ઉકેલવો ? આત્માનો અનુભવ તો છે જ નહીં. તો શું આત્મા એ કેવળ શબ્દમાત્ર છે ? ના, આવું નથી કહી શકતા. તે તો શબ્દ કરતાં ઘણું બધું વધારે છે. શરીર, મન, બુદ્ધિનો સાક્ષી; શરીર, મન, બુદ્ધિથી પર એવું તે તત્ત્વ છે. જ્યારે આપણો સઘળો વ્યવહાર શરીર-મન-બુદ્ધિની ચારેબાજુ જ ચક્કર માર્યા કરે છે. આપણને આ ખ્યાલ જ નથી રહેતો કે આપણું સાચું સ્વરૂપ આત્મા છે, શરીર નથી. શરીર રૂપ છે, આત્મા સ્વરૂપ છે. સ્વરૂપને જોવા માટે અરીસો કામ નહીં આવે. તે અવ્યક્ત છે, ઇંદ્રિયો દ્વારા જોવા નહીં મળે. તો પછી એ અતીંદ્રિય તત્ત્વને કેવી રીતે ગ્રહણ કરી શકાય ? ચિત્તરૂપી દર્પણ પર એનું પ્રતિબિંબ જોવા મળી શકે, શરત માત્ર એટલી કે ચિત્ત અત્યંત નિર્મળ હોય, શુદ્ધ હોય. ચિત્ત પર તો કેટકેટલાય સંસ્કારોની ધૂળ ચઢેલી હોય છે, કેટકેટલીય ઉપાધિઓના અલંકારોથી સજાવેલ હોય છે, કેટકેટલીય સ્મૃતિઓની ભરમાર રહેલી હોય છે ! તે ધૂળ, તે ઉપાધિઓ, તે સ્મૃતિઓ જ્યાં સુધી દૂર થતાં નથી ત્યાં સુધી ચિત્ત પારદર્શી બનતું નથી, અને સ્વચ્છ પ્રતિબિંબ ગ્રહણ કરતું નથી. માટે જ જેણે આત્માનો પરિચય કરવો છે તેણે સૌથી પહેલાં પોતાના ચિત્તને એકદમ શુદ્ધ કરવું પડશે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જેમ કે નિર્મળ, પરિશુદ્ધ ચિત્ત ચૈતન્યના પ્રતિબિંબને ઝીલી શકે છે. પરંતુ એ ચિત્તને કેવી રીતે શુદ્ધ કરી શકાય, તે માટેની લગન લાગવી જોઈએ ને !

એ જ્યાં સુધી લાગતી નથી ત્યાં સુધી આત્મા સર્વેસર્વા હોવા છતાં પણ તે પૃષ્ઠભૂમિમાં છુપાયેલો રહેશે. માટે સૌથી પહેલાં તો આત્માના સર્વેસર્વા સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા ચિત્તમાં જાગશે, પછી ચિત્તને શુદ્ધ કરવા બાબતે ધ્યાન જશે. આમ તો દરેકના ચિત્તમાં પ્રસંગોપાત્ત ચિત્તશુદ્ધિ બાબતે થોડું ઘણું મંથન તો ચાલતું જ હોય છે. પરંતુ જ્યારે ચિત્તશુદ્ધિ જ જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય હશે, ત્યારે આપણે આત્માની રહસ્યમયતાને ભેદી શકીશું. 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मंतव्यो निदिध्यासित्वः –ની આવી અભીપ્સા આપણા ચિત્તમાં નિર્માણ પામે, એ દૃષ્ટિથી અહીં 'આત્મા' તત્ત્વનું વિવિધલક્ષી વિવરણ પ્રસ્તુત કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

'આત્મા બધાં છે, આત્મવાન એકાદ જ' આવા 'એકાદ આત્મવાન'ના મુખેથી કહેવાયેલું આ બધું વિવરણ, આપણું કેવી રીતે અને ક્યાં કેવું માર્ગદર્શન કરે છે, એને પરખવા માટે તો પ્રત્યેકનો પોતાનો અંતરાત્મા જ પ્રમાણ હોઈ શકે છે. મને લાગે છે नाहं देहो अहं आत्मा – 'હું શરીર નહીં, આત્મા છું'ની સ્વાનુભૂતિ કરાવવામાં આ વિવરણ જેટલા અંશે ઉપયોગી નીવડે, એટલી જ એની સાર્થકતા છે. આજે ભૌતિકતાથી ગ્રસ્ત થયેલી - ફસાયેલી આપણી ચેતના આના ભીતરી હાર્દને કેટલું ગ્રહણ કરી શકે છે - આ એક આહ્વાન છે.

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ |
| ડૉ. અનુરાધા<br>અનુ. રાજેન્દ્ર દવે | ૪ | ગાંધીજી અને શ્રી અરવિંદના વિકાસવાદી વિચાર - લેખ નં.૨ |
| સુધીન્દ્ર કુલકર્ણી | ૮ | ગાઝામાં ઇઝરાયેલના નરસંહાર મુદ્દે હિંદુત્વ માનવતાની કસોટીમાં નિષ્ફળ રહ્યું છે |
| યશવંત મહેતા | ૧૧ | ત્યારે મારી આંખ રડે છે... |
| રજની દવે | ૧૨ | સિટિઝન્સ ફોર ડેમોક્રેસી - ગુજરાત સંમેલન |
| રજની દવે | ૧૪ | ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય-૩ |
| અશ્વિન કારીઆ | ૧૬ | અશ્વિન કારીઆની નજરે<br>૦ સોનમ વાંગચૂક રાષ્ટ્રદ્રોહી ?<br>૦ ભાગદોડમાં જીવન ગુમાવતા દેશવાસીઓ<br>૦ન્યાયતંત્ર તરફના પૂરા સન્માન સાથે |
| પંક્તિબેન જોગ | ૧૮ | આર.ટી.આઈનાં ૨૦ વર્ષની સફર |
| ડૉ.રાજેન્દ્રસિંહ વાઘેલા | ૧૯ | રમણભાઈ પટેલ : સદ્‌ગુણ સંપન્ન સેવક |
| રજની દવે | ૨૦ | ચિંપ લેડી ગૂડોલ : પ્રાણી અને પર્યાવરણ-પ્રેમી વ્યકિતત્વનો વિલય |
| નિયામ ગુ.સ.કેન્દ્ર | ૨૩ | ઉમાશંકર જોષી અધ્યયન કેન્દ્ર ફેલોશિપ |
| અશોક રાજ | ૨૩ | પુરુષોત્તમ પંચાલ : સેવાતીર્થના સેવક |
| આશા વીરેન્દ્ર | ૨૪ | બોલતી મેના |


ઈશ્વર આપણને સહુને આહ્વાન ઝીલવા માટે સમર્થ બનાવે.

ભૂમિપુત્રના સહૃદયી પાઠક મિત્રોના ચરણોમાં હિંદી 'મૈત્રી' વિશેષાંકનો ગુજરાતી અનુવાદ સાદર સમર્પિત છે.

**- અમી ભટ્ટ**

## ૧. આત્મસ્વરૂપ

૦ હું ૦ ચૈતન્ય ૦ અકર્તા ૦ સચ્ચિદાનંદ ૦ શાંત ૦ સૂક્ષ્મ ૦ એકસમાન ૦ સર્વવ્યાપક ૦ નિત્ય ૦ सत्यकामः सत्यसंकल्प.

(આત્માનું સ્વરૂપ કેવું છે ? આ નહીં, તે નહીં - 'નેતિ, નેતિ શબ્દોમાં તેનું નિષેધાત્મક વર્ણન કરવામાં આવે છે. આત્માનું વિધાયક વર્ણન કરવું હોય તો આત્માને સ્થૂળ રૂપમાં 'હું' કહી શકીએ. અને ચૈતન્યને તેનું અંતઃસ્વરૂપ કહી શકીએ. અને તે 'સચ્ચિદાનંદ' રૂપ છે. તે સૂક્ષ્મ છે, શુદ્ધ છે, શાંત છે, નિત્ય છે, સર્વવ્યાપી છે. ભગવદ્‌-ગીતામાં આ તત્ત્વનું વર્ણન 'अजो नित्य शाश्वतोऽयं पुराणः' 'नित्य सर्वगतः स्थाणुस्वलोऽयं सनातनः', 'अनाशिनो अप्रमेयः' -જેવા શબ્દોથી વર્ણન મળે છે. એનું 'એક'નું જ વાસ્તવિક અસ્તિત્વ છે. તે તત્ત્વ સર્વત્ર સમાનરૂપે વિદ્યમાન છે. તે અવ્યક્ત છે, તે અજર-અમર-અકર્તા છે. તે તત્ત્વ આ બધાં પ્રકટ-ગૂઢ રૂપોમાં બધે જ છવાયેલું છે. એનો ઊંડાણપૂર્વક તાગ લગાવવો ઘણું અઘરું છે. આવા આ આત્માના સ્વરૂપ સંબંધે અહીં વિનોબાજીનું ચિંતન રજૂ થયું છે..... - ઉષા)

### હું

પ્રકૃતિમાં અનંત ગુણ-દોષ રહેલા છે. પણ એ બધાંથી પર કોઈ એક તત્ત્વ છે, જેને એ ગુણ-દોષોનો સહેજ પણ સ્પર્શ નથી. અને તે તત્ત્વ એ 'હું' છું. હું કોણ છું ? હું કેવળ શિવ છું. હું અંતર્યામી આત્મા છું, હું નિર્વિકલ્પ છું, મારામાં વિવિધ કલ્પનાઓ નથી. મારામાં કોઈ પ્રકારનો બદલાવ આવતો નથી. હું કેવળ છું. આ શરીરનો જે આકાર છે, તે હું નથી. હું નિરાકાર છું. હું વિભુ અર્થાત્‌ વ્યાપવાવાળો છું. હું બધી ઇંદ્રિયોને વ્યાપ્ત કરનારો છું. હું સર્વત્ર છું. મારામાં સદા-સર્વદા સમત્વ છે. હું ચિદાનંદ રૂપ છું. જેને વિકલ્પ સહન નથી થતો તેવો સ્વરૂપાવબોધ હું છું એટલે કે હું જ્ઞાનરૂપ છું. હું ન તો ગુરુ છું, ન શાસ્ત્ર છું, ન તો શિષ્ય છું, ન શિક્ષા છું. હું 'તું' નથી 'હું' પણ નથી. મારું અસ્તિત્વ જ નથી. આ પ્રપંચ પણ નથી. કંઈ પણ નથી.

આવું શા માટે છે ? કારણ કે આ બધું મિથ્યા છે, અનિત્ય છે. જે આજે છે, અને કાલે નથી રહેવાનું, તેનું નામ મિથ્યા છે. હું ન તો યોગી છું, ન વિયોગી છું, ન રાગી છું. હું ન તો ક્રોધ છું, ન તો કામ છું, ન લોભ છું એટલે કે મારામાં કામ, ક્રોધ, લોભ આ ત્રણેય નથી. 'હું' કોઈનાથી પણ બદ્ધ નથી, હું કોઈ પણ વ્યક્તિ અથવા કોઈ પણ સાધના સાથે ન તો યુક્ત છું. ન તો મુક્ત છું. હું બંધાયેલો નથી, એમ જોડાયેલો નથી, અને ન તો હું છુટ્ટો થયેલો છું. હું સાક્ષી नित्यः प्रत्यगेवाहमस्मि – છું. એટલે કે હું તો નિત્ય,



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સાક્ષી, અંતર્યામી આત્મા છું. प्रत्यग् + आत्मा = प्रत्यगात्मा, અંતરાત્મા. હું કેવળ છું, બસ.

सोऽहं इत्यवधारय – તે 'હું' છું, આવું તું એકદમ દૃઢ નિશ્ચય-પૂર્વક માન. કોણ ? જેનામાં કોઈ વિકાર પ્રવેશ્યો નથી, તે આત્મા હું છું. લોહચુંબક જેમ લોખંડના કણોને ચલાવે છે પણ તેના પોતાનામાં કોઈ વિકાર હોતો નથી, કેવળ સાંનિધ્યમાત્રથી વ્યવહાર થાય છે. એવી રીતે જે બુદ્ધિ, મન, ઇંદ્રિય, શરીર અને આખી સૃષ્ટિને અંદરથી ચલાવે છે. દેહ, ઇંદ્રિય, મન, પ્રાણ આ બધાં વાસ્તવિક રીતે જડરૂપ છે. એ જડરૂપ હોવા છતાં પણ કોઈના સાંનિધ્યથી ચેતન ભાસમાન જણાય છે. જેના સાંનિધ્યથી અચેતન હોવા છતાં પણ મન, ઇંદ્રિયો, બુદ્ધિ વગેરે ચેતન ભાસિત જણાય છે, તે આત્મા 'હું' છું.

આમ જે પોતાની બુદ્ધિ અને વૃત્તિઓને એટલે કે બુદ્ધિની બધી હલચલોને જાણે છે, તે સાક્ષી છે અને તે હું છું, આવું તું એકદમ દૃઢ-નિશ્ચયપૂર્વક જાણી લે. 'હું' ચંચળ નથી, મારું 'મન' ચંચળ છે, મારી 'બુદ્ધિ' ચંચળ છે. 'હું' એકાગ્ર પણ નથી, મારી બુદ્ધિ, મારું મન એકાગ્ર હોય છે. 'હું' તો એની ચંચળતાનો, એની એકાગ્રતાનો સાક્ષી છું.

પુત્ર, વિત્ત વગેરે પદાર્થો જેના અનુષંગે (સંબદ્ધ) મને પ્રિય હોય છે, सोऽहं इत्यवधारय – તે 'હું' છું, આ તું નિશ્ચિત સમજી લે. મારો પગ અટકી ગયો, મેં કપાવી નાખ્યો. આનો એટલો અર્થ થાય કે મને સૌથી વધુ પ્રેમ મારી ઉપર જ હોય છે. હું દૃષ્ટા છું, પગ, હાથ વગેરે બધાને જોનાર છું. તે હું દૃષ્ટા આ બધાંને જોનાર છું, મારા અનુષંગને લીધે જ આ બધાં મને પ્રિય હોય છે. અહીં આત્માને 'પ્રેમી' કહેવાયો છે.

પોતાના પર પ્રેમ હોવાને લીધે હું ક્યારેય નહીં હોઉં, એવું તો લાગતું જ નથી. अहं सदा भूयासम् – હું સદૈવ કાયમ રહું. 'હું' આત્મા કદી વિનાશ પામતો નથી, ભલે ને શરીર નાશ પામે.' – હું આવું વિચારનારો દૃષ્ટા છું. નાક, કાન, આંખ, મન આ બધું હું નથી.

બુદ્ધિનો સાક્ષી હોવાનો મારો ગુણ છે – धी – साक्षित्वा-विशेषतः । હું બુદ્ધિ દ્વારા બીજાના મનના વિષયોને ગ્રહણ કરી શકું છું. એવી જ રીતે મારા મનમાં કેવી રીતે ચોરીઓ ચાલતી રહે છે, એનું પણ હું બરોબર નિરીક્ષણ કરું છું. હું સાક્ષી છું. જ્યારે પોતાના જ મનમાં વિકાર જન્મે ત્યાં પર્સનલ ફેક્ટર – વ્યક્તિગત પાસું પ્રવેશે છે. એટલા માટે તટસ્થતાથી જોવું જોઈએ. વિજ્ઞાનીઓ જેવી તટસ્થ દૃષ્ટિ હોવી જોઈએ. બુદ્ધિને જાણનાર હું છું. કાલે સ્વપ્નમાં મારી બુદ્ધિ ભટકતી હતી, ગાઢ નિદ્રામાં શાંત હતી અને અત્યારે જાગૃતાવસ્થામાં તે વિચારી રહી છે, ચિંતનપૂર્વક વ્યાખ્યાન કરી રહી છે – હું આ ત્રણેય અવસ્થાઓમાં રહેલી પેલી બુદ્ધિનો સાક્ષી છું. હું ભ્રાન્ત બુદ્ધિનો સાક્ષી છું, વ્યવસ્થિત સ્વચ્છ બુદ્ધિનો સાક્ષી છું અને શૂન્ય બુદ્ધિનો સાક્ષી હું છું.

મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર – આ ચારેયનો સાક્ષી અંતરાત્મા मनोबुद्ध्यहंकार – चित्तानि नाहं – હું ન તો મન છું, ન બુદ્ધિ છું, ન ચિત્ત છું, ન અહંકાર છું. હું બધાનો સાક્ષી છું. આપણે દેહ, ઇંદ્રિયો, મન અને બુદ્ધિથી અલગ છીએ. આપણે આ બધાનાં સાક્ષી છીએ. જેવી રીતે હું મારી આ ઘડિયાળનો સાક્ષી છું. જો ઘડિયાળ બરાબર ચાલતી ન હોય તો હું તેને રીપેર કરાવું છું. એવી જ રીતે હું આ ઇંદ્રિયો, મન, બુદ્ધિથી અલગ છું. આ વસ્તુને આપણે સમજી લેવાની છે. પોતાને પોતાના સ્થાનમાં સમજવાની છે. જે સાક્ષીરૂપેણ રહે છે તે બંને બાજુએથી બોલે છે. એક બાજુ એ કહે છે કે 'હું આખી દુનિયા છું.' અને બીજી બાજુ કહે છે કે 'દુનિયા છે જ નહીં, હું જ છું.'

સામે અનેક ઘડા પડ્યા છે. એ અનેક ઘડામાં એક જ આકાશ હોય છે. આકાશના કાંઈ ટુકડાઓ હોતા નથી જેમ આકાશ બધા ઘડામાં રહેલું છે, એમ 'હું' એક જ બધાં શરીરોમાં રહું છું. પછી તે શરીર ભલે માણસનું હોય, કૂતરાનું હોય કે ગધેડાનું હોય, બધાં શરીરોમાં 'હું' જ છું. હવે માની લો કે અનેક ઘડાઓમાંથી કોઈ એક ઘડો તૂટી ગયો. તૂટ્યો તો તૂટ્યો એનાથી એ આકાશનું શું બગડવાનું છે? એવી રીતે 'હું' કાયમ જ છું. હું તૂટવાનો નથી. હું તૂટતો નથી. આ આકાશ અંદર અને બહાર – બંને બાજુએ છે. એવી રીતે 'હું' આ શરીરની અંદર પણ છું અને શરીરની બહાર પણ છું. હું કાયમ છું, હું નિત્ય ઉપલબ્ધ છું – नित्योपलब्धिस्वरूपः अहम् आत्मा । – જેનું સ્વરૂપ નિત્ય ઉપલબ્ધ છે તે આત્મા હું છું.

નાનકડી અમથી કીડી રેલવેના પાટા પર ચાલે છે. એંજિન નજીક આવતાં જ તે પાટા પરથી ખસી જાય છે. એંજિન તેને કંઈ જ કરી શકતું નથી. એંજિન જડ છે, જ્યારે કીડીમાં ચૈતન્ય શક્તિ છે, જ્ઞાન શક્તિ છે. આ ચૈતન્યશક્તિ બ્રહ્મદેવથી લઈને નાનકડી અમથી કીડી સુધીનાં શરીરોમાં વ્યાપ્ત છે. તે संचित् અર્થાત્ ચૈતન્યશક્તિ જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિમાં પ્રગટ થાય છે, તે એકદમ સ્પષ્ટ હોય છે. એ જ હું છું.

શરીર સૃષ્ટિનો અંશ છે. હું એટલે કે આત્મા એ ઈશ્વરનો અંશ છે.

## ચૈતન્ય

શંકરાચાર્ય કહે છે કે સૂર્યને દિવસ-રાત (અહો રાત્રિ) હોતા નથી. – ભા-रूपत्वात् કેમ કે તે ભા-રૂપ છે, તે પ્રકાશ સ્વરૂપ છે. એટલા માટે એને ન તો રાત છે, ન દિવસ છે. જો સૂર્યને કહેવામાં આવે કે તું તો કેટલું બધું કામ કરે છે, આ અંધકારને દૂર કરવા માટે – તો એ શું કહેશે ? એ કહેશે, મને જરા દેખાડોને કે આ અંધકાર છે શું ? એ સ્વીકારશે નહીં કે હું અંધારાને દૂર કરવાનું કામ કરું છું. સૂર્ય તો બસ 'હું છું' આટલું જ કહેશે. જેવી રીતે ભાનુ ભા-રૂપ છે, પ્રકાશ રૂપ છે એવી રીતે હું ચિદ્રૂપ છું. ચૈતન્ય સ્વરૂપ છું, જ્ઞાન સ્વરૂપ છું. જ્ઞાની નહીં, પણ જ્ઞાન સ્વરૂપ છું. જ્ઞાની અર્થાત્ જ્ઞાનવાળો. હું

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધીજી અને શ્રી અરવિંદના વિકાસવાદી વિચાર (૨)

**ગાંધી**જી ઈશ્વરમાં અપાર શ્રદ્ધા ધરાવતા હતા. તેઓએ માનવ-જીવન સાથે સંબંધિત દરેક મુદ્દા પર વિચાર કર્યો છે જે મૂળરૂપે ઈશ્વર પર જ આધારિત છે. તેઓએ જગતને પણ ઈશ્વરની જ અભિવ્યક્તિ માની છે. જગત સત્યનું વ્યક્તરૂપ છે. તેઓએ લખ્યું પણ છે કે ઈશ્વરનાં અનેક રૂપ હોઈ શકે છે અને તેમનું દરેક રૂપ આપણી શ્રદ્ધાનું અધિકારી છે.


ગાંધીજીએ 'સૃષ્ટિ, શા માટે થઈ' – મુખ્યત્વે આ પ્રશ્ન પર વિચાર નથી કર્યો, એમ છતાં તેઓ જગતને બે રૂપોમાં વહેંચે છે – એક તાત્ત્વિક અને બીજું વ્યાવહારિક. સૃષ્ટિ ઈશ્વરની જ અભિવ્યક્તિ છે. તાત્ત્વિક દૃષ્ટિથી સૃષ્ટિ વાસ્તવિક અને સીમિત છે. ગાંધીજીએ તેને વાસ્તવિક માની છે, કેમ કે એ સૃષ્ટિ છે ઈશ્વર નહીં. જગતના વાસ્તવિક રૂપનું વિશ્લેષણ કરતાં તેઓએ લખ્યું છે કે વિશ્વનો વિકાસ અને સંચાલન કેટલાક નિયમોના આધાર પર થાય છે. વિશ્વના દરેક તત્ત્વ જેમ કે – સૂર્ય, ચંદ્ર વગેરે બધાને માટે સત્ય છે અને તેના વિના વિશ્વની ગતિ થંભી જશે. આ બધાના સંચાલન પાછળ એક શક્તિ છે અને ગાંધીજી એમ માને છે કે આ શક્તિ ઈશ્વર છે અને પ્રકૃતિને સંચાલિત કરવાવાળા પ્રાકૃતિક નિયમ આ જ ઈશ્વરીય શક્તિના કાર્ય કરવાના ઢંગ છે અને એટલા માટે આ જગત વાસ્તવિક છે.

જગતમાં એક નિશ્ચિત વિકાસનો ક્રમ દેખાય છે. આ વિકાસનો ક્રમ નિશ્ચિત રૂપે ઈશ્વર તરફ જાય છે. એટલે ઈશ્વર જગતના આદિ પણ છે અને અંત પણ. એટલા માટે પણ આપણે જગતને વાસ્તવિક કહી શકીએ છીએ. જગતનું વાસ્તવિક સ્વરૂપ જ વ્યવહારિકતા તરફ આપણને લઈ જાય છે. જ્યારે આપણે જગતને વાસ્તવિક માનીએ છીએ ત્યારે આપણે એ પણ માનવું પડે છે કે આ જગતમાં આપણે જીવવાનું છે અને કાર્ય કરવાનું છે અને ત્યારે આપણને જીવનનો અર્થ પણ સમજાય છે.

ગાંધીજીએ માનવીના સ્વરૂપના સંબંધમાં પણ વિકાસવાદી આધાર પર વિચાર કર્યો છે. એવા અનેક વિચારક થયા છે જેઓએ પોતાના વિચારનું કેન્દ્ર મનુષ્યને બનાવ્યું છે. મનોવૈજ્ઞાનિક વિચારક ફ્રૉયડ એમ માને છે કે મનુષ્યનું દરેક કાર્ય અને દરેક પ્રવૃત્તિ તેની અચેતનની ઇચ્છા અને આકાંક્ષા પર નિર્ભર કરે છે. કેટલાક અન્ય સમાજશાસ્ત્રી વિચારક જેમ કે હોલ્સ વગેરે છે, તેમના અનુસાર પણ મનુષ્ય સામાજિક પ્રવૃત્તિના આધાર પર જ કામ કરે છે. મનુષ્ય મૂળરૂપે એક સ્વાર્થી પ્રાણી છે, પરંતુ સ્વાર્થસુખના સમાયોજનને માટે કંઈક સમજૂતી કરવી જરૂરી છે, એટલે તે એક પ્રકારનો સામાજિક અનુબંધ કરી લે છે. આ બધાથી અલગ કેટલાક સમાજશાસ્ત્રી એવા પણ છે જે સામાજિક ઉપકરણોના આધાર પર માનવીની વ્યાખ્યા કરે છે. તેમના અનુસાર મનુષ્ય મૂળે એક સામાજિક પ્રાણી છે અને સમાજથી અલગ રહીને તે જીવી નથી શકતો, પરંતુ કેટલાક એવા દાર્શનિક પણ છે, જે મનુષ્યની વ્યાખ્યાને માટે માનવના સાર્વભૌમ અને અનિવાર્ય ગુણોની શોધ કરે છે. જેમ કે અરસ્તુએ મનુષ્યને વિવેકશીલ જીવ કહેલ છે. જેનું તાત્પર્ય છે કે વિવેકશીલતા એવો અનિવાર્ય ગુણ છે જે દરેક મનુષ્યમાં વિદ્યમાન છે અને તેના કારણે જ દરેક મનુષ્ય મનુષ્ય છે. કેટલાક માનવવાદી વિચારક છે, જે એમ માને છે કે માનવતાના સાર્વભૌમ અને અનિવાર્ય ગુણોની શોધ કરવાનું વ્યર્થ છે, કેમ કે મનુષ્ય એક એવો વિચિત્ર જીવ છે, જેમાં તેની પ્રધાનતા તેના જાતીય ગુણોની નથી, બલકે તેના વ્યક્તિગત ગુણોની છે અર્થાત્ દરેક વ્યક્તિ પોતામાં વિશિષ્ટ છે અને તેનામાં કેટલાક એવા વિશિષ્ટ લક્ષણ છે જે કેવળ તેનામાં છે. માર્કસે પણ આધુનિક પરિપ્રેક્ષ્યમાં માનવની વ્યાખ્યા કરી છે જે આર્થિક પરિપ્રેક્ષ્યમાં છે.

ગાંધીજી માને છે કે આ બધા વિચારક માનવીની ઉપરની ગતિવિધિનું જ ધ્યાન રાખે છે, મૂળ સત્યનું નહીં. ગાંધીજીના મતે મનુષ્ય એક જટિલ પ્રાણી છે. મનુષ્યની જે બાહ્ય બાજુ છે તે જ દેખાય છે. મનુષ્યનું શરીર પણ અન્ય જીવોની જેમ જ વિકસિત થાય છે અને નાશ પામે છે. આ મનુષ્યની ભૌતિક બાજુ છે, પરંતુ મનુષ્યમાં એવી કેટલીક વિશિષ્ટતાઓ છે જે તેની ભૌતિક બાજુથી અલગ છે. જેમ કે તેનામાં માનવીય ચેતના અને વિવેક છે. મનુષ્યની આ વિશેષતાઓ માનવીને આધ્યાત્મિક દિશા તરફ લઈ જાય છે અને તેનાથી એ સ્પષ્ટ થાય છે કે મનુષ્યમાં ભૌતિક બાજુ ઉપરાંત આધ્યાત્મિક બાજુ પણ છે. ગાંધીજી માને છે કે મનુષ્યને જે અનુભૂતિઓની અનુભૂતિ થાય છે, તે કોઈ ને કોઈ રૂપમાં ઈશ્વરની જ અભિવ્યક્તિ હોય છે. આ રીતે, માનવી પણ ઈશ્વરની જ અભિવ્યક્તિ છે, પછી તે તેની શારીરિક બાજુ હોય કે આધ્યાત્મિક કે પછી ભૌતિક. મનુષ્ય જે રૂપમાં ઈશ્વરની વધારે નજીક આવે છે તેની એ જ બાજુ વધારે શ્રેષ્ઠ હોય છે.

આ રીતે ગાંધીજીનું એમ માનવું છે કે મનુષ્યમાં એક આધ્યાત્મિક શક્તિ છે, જે ભૌતિકતા અને આધ્યાત્મિકતાનું મિશ્રણ અવશ્ય છે પરંતુ જેમ-જેમ તેનો વિકાસ થતો જાય છે, તેમ-તેમ તે અધ્યાત્મની તરફ વધતો જાય છે. તેનો આ વિકાસ ભૌતિકતાથી આધ્યાત્મિકતા તરફ છે. તેની આધ્યાત્મિક પ્રગતિ તેને ઈશ્વર તરફ લઈ જાય છે. આ રીતે દરેક મનુષ્યમાં ઈશ્વરનો અંશ વિદ્યમાન રહે છે. આ જ ઈશ્વરનો અંશ વિવેક, અંતરાત્માનો અવાજ અને ઇચ્છાસ્વાતંત્ર્ય દ્વારા પોતાને વ્યક્ત કરે છે.




**મહાત્મા ગાંધી અને**
**શ્રી અરવિંદ ઘોષ**

તુલનાત્મક અભ્યાસ
ડૉ. અનુરાધા પ્રસાદ
અનુવાદક : રાજેન્દ્ર દવે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ગાંધીજીનો એવો દૃઢ વિશ્વાસ છે કે મનુષ્યમાં જો આ ઈશ્વરીય અંશનો વિકાસ થતો રહે તો તે ધરતી પર સ્વર્ગ ઉતારી શકે છે.

ગાંધીજીના વિચારો પરથી આપણને એવું પ્રતીત થાય છે કે ગાંધીજીએ દરેક મનુષ્યને 'સારો મનુષ્ય' માન્યો છે. તેમના મત ઉપરથી કોઈ પણ મનુષ્ય ક્રૂર અને સ્વાર્થી ભલે દેખાય પરંતુ અંદરથી મનુષ્ય એક 'સારો મનુષ્ય' છે. જો તેની ઉત્તમતાનો નિરંતર વિકાસ થતો રહે તો એક ક્રૂર અને સ્વાર્થી મનુષ્ય ઉત્તમતાનું પ્રતીક બની શકે છે. એટલા માટે તેઓ કહે છે કે – હું માનવસ્વભાવને શંકાની નજરે જોવામાં વિશ્વાસ કરતો નથી. એ કોઈ પણ સારા વ્યવહારમાં બદલી શકે છે. આ જ માનવીની આધ્યાત્મિકતા છે.

ગાંધીજી જ્યારે એમ માને છે કે દરેક મનુષ્ય એક 'સારો મનુષ્ય' છે ત્યારે આપણે એમ માનવું પડે છે કે દરેક વ્યક્તિ સમરૂપ છે અને દરેક વ્યક્તિમાં ઈશ્વરનો નિવાસ છે. તેને દર્શાવતા તેઓ કહે છે કે 'હું ઈશ્વરના એકત્વમાં શ્રદ્ધા ધરાવું છું અને એટલે મને માનવતામાં વિશ્વાસ છે. જોકે આપણાં અનેક શરીર છે, તેમ છતાં આપણો આત્મા એક છે. સૂર્યની રોશની અનેક કિરણોથી આવે છે, પરંતુ તેનો સ્રોત એક છે.' એટલા માટે ગાંધીજીનો વિશ્વાસ છે કે આ મૂળની એકતાની અભિવ્યક્તિ વ્યક્તિગત અને સામાજિક બંને જીવનમાં હોય છે અને એ આધ્યાત્મિક જીવનની દરેક બાજુમાં દેખાય છે. ભલે તે રાજનીતિક બાજુ હોય કે આર્થિક કે પછી સામાજિક, માનવીની આ વિશિષ્ટતા તેને સમસ્ત વિશ્વ સાથે એકરૂપ કરી દે છે.

## સામાજિક અને રાજનીતિક ક્ષેત્રમાં ગાંધીજીની વિકાસવાદી અવધારણા

ગાંધીજીએ પોતાને ખુદને 'વ્યાવહારિક આદર્શવાદી' કહ્યા છે. કેમ કે એક નિશ્ચિત આદર્શ અનુસાર તેમના સિદ્ધાંતનું સર્જન થયેલ છે. જોકે તેઓએ એ વાત પર વિસ્તૃત વિવેચન નથી કર્યું કે સમાજ કે રાજ્યની સ્થાપના કેમ થઈ ? બલકે તેમનો ઉદ્દેશ એ હતો કે કઈ રીતે સમાજ અને રાજ્યને સુધારી એક સ્વસ્થ અને સુદૃઢ ઢાંચો આપી શકાય. એટલે તેમના વિચારોમાં આદર્શની ઉપસ્થિતિ રહે છે.

સમાજનો વિકાસ કેવી રીતે થયો, આ પ્રશ્નમાં ગાંધીજી ગૂંચવાતા નથી અને તેઓ અન્ય વિચારકો દ્વારા આપવામાં આવેલા સિદ્ધાંતોમાં શ્રદ્ધા રાખે છે પરંતુ ગાંધીજીને એ વિશ્વાસ છે કે સમાજનું નિર્માણ નૈતિક આધાર પર થયું છે. જ્યારે વ્યક્તિ પોતાની સ્વાર્થી પ્રવૃત્તિઓમાંથી ઉપર ઊઠે છે, ત્યારે સમાજનું નિર્માણ થાય છે. અર્થાત્ સમાજના નિર્માણના બે આધાર છે – (૧) આત્મબલિદાનની ભાવના અને (૨) અહિંસા. પોતાના સ્વાર્થથી ઉપર ઊઠવું અને હિંસાનો ત્યાગ – આ બંને વાતો પર સમાજનું નિર્માણ શક્ય થાય છે. ગાંધીજી માને છે કે જ્યારે પણ આપણે કોઈ સહયોગની વાત વિચારીએ છીએ કે કોઈ સામાજિક સંસ્થાનું નિર્માણ કરીએ છીએ ત્યારે આપણે આ બંને વાતોને માટે તત્પર થવું પડે છે. આપણે આપણા સ્વાર્થનો ત્યાગ કરવો પડે છે અને હિંસાને છોડવી પડે છે.

આ રીતે, ગાંધીજી એમ માને છે કે 'વ્યક્તિગત શુભ' અને 'સામાજિક શુભ'માં કોઈ વિરોધ નથી. માનવીનું જીવન પશુના જીવનથી એટલા માટે ભિન્ન છે, કેમ કે માનવીના જીવનમાં શ્રમ અને સહયોગનો પ્રવેશ છે. ગાંધીજીનું કહેવું છે કે શ્રમ એક મોટી શક્તિ છે અને તે વ્યક્તિને એક-બીજાથી સંબંધિત કરી દે છે અને સહયોગની ભાવનાને વધારે છે. આથી એમ કહી શકાય છે કે ગાંધીજીના વિચારમાં સમાજનો આધાર શ્રમ છે. માર્કસે પણ તેને જ આધાર માન્યો છે. પરંતુ જ્યાં તેઓ તેને 'શ્રમ' કહે છે, ત્યાં ગાંધીજી તેને 'કાર્ય' કહે છે. માર્કસ અને ગાંધીજીના વિચારોમાં અંતર એ જ છે કે, જ્યાં માર્કસે હિંસા અને સંઘર્ષને પોતાના વિચારોમાં અગ્રતા આપી છે, ત્યાં ગાંધીજીએ શ્રમને અહિંસાના માર્ગેથી લાવવાનું પસંદ કર્યું છે અને પ્રેમ તથા સહયોગ તેમના વિચારના આધાર છે.

સત્તાના વિકેન્દ્રીકરણના સંબંધમાં આપણે ગાંધીજીના વિકાસવાદી વિચારોને જોઈ શકીએ છીએ –

ગાંધીજીનું કહેવું હતું કે શક્તિનું વિકેન્દ્રીકરણ શોષણને જન્મ આપે છે. જ્યારે કોઈ એક સ્થાન પર શક્તિ કેન્દ્રિત થઈ જાય છે ત્યારે તેને ટકાવી રાખવા માટે જ શક્તિનો પ્રયોગ થાય છે અને હિંસા થાય છે. કેન્દ્રીયકરણ મૂડીને એક હાથમાં એકત્રિત કરી દે છે. જેનાથી તેના દુરુપયોગની શક્યતા વધી જાય છે. એટલા માટે ગાંધીજી એમ માને છે કે શક્તિનું વિકેન્દ્રીકરણ થવું જરૂરી છે.

ગાંધીજીએ 'ગ્રામ-સ્વરાજ્ય'નું જે ચિત્ર રજૂ કર્યું છે તે તેમના વિકેન્દ્રીકરણના સિદ્ધાંતોનો આધાર છે. ગાંધીજીનું કહેવું છે કે એક વિકેન્દ્રીત રાજનીતિક વ્યવસ્થા જ 'ગ્રામીણ ગણતંત્ર'નું મૂળ છે અર્થાત્ રાજકીય વ્યવસ્થાનો એકમ ગ્રામ હોવો જોઈએ અને એવાં ગ્રામ આત્મનિર્ભર હોવાં જોઈએ. આવાં ગ્રામોનું મુખ્ય કાર્ય ખેતી અને કુટીર ઉદ્યોગ જ રહેશે, જેની વ્યવસ્થા ગ્રામ સ્વયં કરી લેશે. લોકો સ્વેચ્છાથી ગ્રામપંચાયતની સ્થાપના કરશે, જે ગામની સામાજિક અને રાજનીતિક વ્યવસ્થાનો આધાર હશે. ગાંધીજીએ તેની ઉપમા આપતા કહ્યું છે કે એ વ્યવસ્થા સમુદ્રમાં ઊઠતી ચક્કરદાર લહેરોના ઘેરા જેવી છે, જેમાં કોઈ લહેર બીજાથી અલગ નથી, સૌથી નાના કેન્દ્ર-બિંદુની ચારે તરફ બધી લહેરો ઊઠતી રહે છે તથા બધાનો લય-વિલય સાથે થાય છે. આ જ રીતે વ્યક્તિ ગ્રામીણ પંચાયતનું એકમ છે. બધાં ગ્રામ વિભિન્ન લહેરોની જેમ વ્યક્તિને ઘેરેલ છે, જેમાં વ્યક્તિ એ ગ્રામીણ ઘેરાવથી ભિન્ન નથી, બંનેનું જીવન એક-બીજા પર આશ્રિત છે તથા પોતાની સંપૂર્ણતામાં એ વ્યક્તિઓને સમેટેલ એક એકમ છે. તેમાં કોઈ લહેર કોઈ બીજીનો નિષેધ નથી કરતી, બધી એક-બીજાથી પોતાની જીવનશક્તિ બનાવે છે.

આ રીતે ગાંધીજીનું આદર્શ રાજ્ય ગ્રામીણ ગણતંત્રોનું રાજ્ય છે જે આત્મનિર્ભર હોય. દરેક ગામમાં ગ્રામ-પંચાયતની સ્થાપના થવી જોઈએ અને ગાંધીજીનો વિચાર છે કે આ જનતંત્રમાં જ શક્ય છે. ગાંધીજી તો આનાથી પણ ઉપર ઊઠવા માગે છે અને એ વાતને માને છે કે 'ધરતી ન મારી છે, ન તારી, બલકે ગોપાલની છે.' વાસ્તવમાં 'વસુધૈવ કુટુમ્બકમ્' તેમનો આદર્શ છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આર્થિક ક્ષેત્રમાં ગાંધીજીના વિકાસવાદી વિચાર આર્થિક સમાનતા પર આધારિત છે. ગાંધીજી એમ માને છે કે પૂર્ણ આર્થિક સમાનતાનો આદર્શ પૂર્ણપણે ન પામી શકાય, કેમ કે દરેક વ્યક્તિની ક્ષમતા બીજાથી અલગ હોય છે. એટલે જો દરેક વ્યક્તિને સરખી તક પણ આપવામાં આવે, તો પણ કેટલીક વ્યક્તિઓની આર્થિક સંપન્નતા અન્યથી વધારે થઈ જશે. જો કઠોરતાથી પણ આર્થિક સમાનતાના નિયમને લાગુ કરાય, તો પણ વ્યવસ્થા પૂર્ણ રૂપે સાચી નહીં હોય.

આ જ કારણે ગાંધીજી એમ માને છે કે સમાજની આર્થિક સંરચનાનો આધાર નૈતિક જ હોવો જોઈએ અને પ્રેમ તથા વિશ્વાસના આધારે આર્થિક સમાનતા સ્થાપવી જોઈએ. ગાંધીજી માનતા હતા કે મૂડી અને શ્રમમાં ઘનિષ્ઠ સંબંધ છે અને મિલમાલિક અને મજૂર એક-બીજા પર આશ્રિત છે. એટલા માટે મિલ-માલિકોનું એ કર્તવ્ય છે કે મજૂરોને પૂરતું વેતન અને અન્ય સુવિધાઓ આપે અને મજૂરોનું પણ એ કર્તવ્ય છે કે માલિકોના કામમાં લાપરવાહી ન બતાવે અને વધુ ને વધુ સારું કામ કરે. ગાંધીજીને એવો વિશ્વાસ હતો કે ઉદ્યોગીકરણ પર જરૂર કરતાં વધારે ભાર મૂકવો જરૂરી નથી. અત્યાધિક ઉદ્યોગીકરણ અનેક પ્રકારની સમસ્યાઓને જન્મ આપે છે, જેનાથી અનેક પ્રકારનાં રાજકીય અને સામાજિક દૂષણ પેદા થાય છે. ઉદ્યોગીકરણને કારણે જ આંતરરાષ્ટ્રીય સંઘર્ષ થાય છે, મૂડીવાદની સ્થાપના થાય છે અને પછાત દેશોનું શોષણ થાય છે. ઔદ્યોગિકીકરણને કારણે જ સામાન્ય વર્ગ અને મૂડીપતિની વચ્ચે સંઘર્ષ થાય છે અને વધારે મશીનો બેરોજગારીને જન્મ આપે છે.

ગાંધીજીનું માનવું છે કે ઉદ્યોગીકરણ માનવતાનો અંત લાવી દે છે. કેમ કે ક્રમશઃ તે માનવીને મશીન બનાવી દે છે. જેનાથી માનવી પોતાનો જીવવાનો ઉત્સાહ ખોઈ નાખે છે. ગાંધીજી એમ ઇચ્છતા હતા કે સમાજ એ રૂપમાં વિકસિત થાય જેમાં માનવ-અસ્તિત્વની સાર્થકતા રહે અને મનુષ્યને જીવવાનો આનંદ મળે. એટલે તેઓએ ઉદ્યોગીકરણનો વિરોધ કર્યો છે.

આ રીતે ગાંધીજીનું લક્ષ્ય એક એવા સમાજની સ્થાપના કરવાનું છે જ્યાં બધું સમાન હોય તથા શક્તિ અને આનંદનો વાસ હોય. તેના માટે એ જરૂરી છે કે દરેક પુરુષ અને દરેક સ્ત્રી સમાજમાં પોતાની જવાબદારીને સમજે. તેમનું એવું પણ માનવાનું હતું કે સ્ત્રી અને પુરુષ સમાન છે અને બંનેનું કાર્ય-વિભાજન બંનેની પોતપોતાની ક્ષમતા અનુસાર થયું છે. આથી કોઈ એકનું કાર્ય બીજાથી શ્રેષ્ઠ ન કહી શકાય. નારી સ્વભાવથી જ પ્રેમરૂપ છે અને આ કારણે પ્રકૃતિએ નારીને 'મા'નો દરજ્જો આપ્યો છે. પુરુષ પોતાની શારીરિક સંરચનાથી જ વધારે શક્તિશાળી છે. આથી તેને ભરણપોષણ અને શ્રમનું કામ મળ્યું છે. જ્યારે આ બંને અંગ સમાન રૂપે કામ કરવા લાગે, ત્યારે જ સમાજનો વિકાસ શક્ય થઈ શકે છે.

ગાંધીજી કર્મયોગના સિદ્ધાંતથી ખૂબ પ્રભાવિત હતા. આ આદર્શ તેમણે ભગવદ્‌ગીતામાંથી પ્રાપ્ત કર્યો હતો. ગીતા આપણને નિષ્કામ કર્મનું શિક્ષણ આપે છે. ગીતાના આધ્યાત્મિક સંદર્ભને ગાંધીજીએ જીવનમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. એટલે એમનું કહેવું છે કે જે વ્યક્તિ કર્મ છોડી દે છે, તે અધઃપતન તરફ જાય છે અને જે વ્યક્તિ કષ્ટનો ત્યાગ કરી દે છે, તે જ આગળ વધે છે. પરંતુ નિષ્કામ ભાવથી કામ કરવાનો અર્થ એ નથી કે આપણે આપણા કર્મના પરિણામથી ઉદાસ થઈ જઈએ. મનુષ્યએ પોતાના કર્મનાં સાધન અને સાધ્ય બંને પવિત્ર રાખવાં જોઈએ. એ જ વ્યક્તિ સફળ થાય છે, જે પોતાના કર્મ પ્રત્યે નિષ્ઠાવાન છે પરંતુ તેનાં કર્મ નિર્લિપ્ત હોય. વાસ્તવમાં ધાર્મિક અને આધ્યાત્મિક સિદ્ધાંત જ્યારે રાજકીય અને સામાજિક જીવનમાં ચરિતાર્થ થાય છે ત્યારે આદર્શ વ્યવસ્થાની સ્થાપના થઈ શકે છે.

ગાંધીજી સમાજના વિકાસમાં શિક્ષણને ઘણું મહત્ત્વ આપે છે. શિક્ષણથી તેમનું તાત્પર્ય શિશુ અને મનુષ્યમાં શરીર, મન અને આત્મા જે કંઈ સર્વોત્તમ છે, તેની સર્વાંગી અભિવ્યક્તિ છે. શિક્ષણ એવું હોવું જોઈએ જેનાથી વ્યક્તિ સ્વાવલંબી બની શકે અર્થાત્ સાચું શિક્ષણ એ છે, જે બાળકોની આધ્યાત્મિક, બૌદ્ધિક અને શારીરિક શક્તિઓને વિકસિત અને પ્રોત્સત્હિત કરે છે. ગાંધીજી વ્યક્તિના 'ચરિત્ર નિર્માણ' પર ખૂબ જ ભાર મૂકે છે. ચરિત્રમાં ગાંધીજીએ મન, વચન, કર્મોની પવિત્રતા અને સત્ય પર ભાર મૂક્યો છે. તેઓ શિક્ષણ દ્વારા બાળકોને ગણતંત્રના આદર્શ નાગિરક બનાવવા માગે છે. આ રીતે એ સ્પષ્ટ થાય છે કે ગાંધીજીના વિચારોમાં પ્રકૃતિવાદ અને આદર્શવાદનો અનુપમ સમન્વય છે. પ્રકૃતિવાદની સમાન તેઓ આદર્શવાદી પણ છે. કેમ કે તેઓ પૃથ્વી પર ઈશ્વરનું રાજ્ય સ્થાપિત કરવા માગે છે. શિક્ષણનું લક્ષ્ય આત્મ-વિકાસ, ચરિત્ર નિર્માણ અને ઈશ્વરીય જ્ઞાન છે. શિક્ષણનાં વ્યક્તિગત અને સામાજિક બંને લક્ષ્ય છે. શિક્ષણના વ્યક્તિગત ઉદ્દેશનો અર્થ એ નથી કે તે માત્ર વ્યક્તિને માટે જ છે, કેમ કે ખરેખર વ્યક્તિ અને સમાજ એક-બીજાથી એટલા જોડાયેલાં છે કે તેને અલગ નથી કરી શકતા.

વ્યક્તિનો વિકાસ અને રાજ્યની પ્રગતિ જ શિક્ષણનું લક્ષ્ય હોવું જોઈએ. સામાજિક લક્ષ્ય વિના શિક્ષણ અધૂરું છે. સામાજિક દૃષ્ટિએ શિક્ષણનો ઉદ્દેશ વ્યક્તિમાં એ સામાજિક ગુણોનો વિકાસ કરવો છે, જેનાથી તેનું સમાજના અન્ય સભ્યોથી સામંજસ્ય હોય છે. તેના વિકાસથી વ્યક્તિ સમાજની એક ઉપયોગી અને સારી સભ્ય બની શકે છે. ગાંધીજીએ એમ માન્યું છે કે મનુષ્ય મૂળ રૂપમાં એક સામાજિક પ્રાણી છે. તે સામાજિક પ્રગતિની જરૂરિયાતોથી પોતાની વ્યક્તિગતતાનું સમાયોજન કરવાનું શીખીને જ પોતાની વર્તમાન સ્થિતિ પર ઊંચે ઊઠેલ છે. આ રીતે શિક્ષણનાં વ્યક્તિગત અને સામાજિક લક્ષ્ય એક-બીજાનાં પૂરક છે. ગાંધીજી શિક્ષણનાં સામાજિક લક્ષ્યો પર એટલા માટે પણ ભાર મૂકે છે કે જ્યાં એક તરફ મનુષ્ય સ્વાર્થી હોય છે, ત્યાં બીજી તરફ તેમની પોતાની વ્યક્તિગતતાના વિકાસને માટે કોઈ ને કોઈ પ્રકારનું સામજિક જીવન જરૂરી હોય છે. ઈશ્વર સાથે સાક્ષાત્કાર એના દ્વારા જ શક્ય બને છે.

ગાંધીજીની શિક્ષણ-યોજનાનું લક્ષ્ય સમાજનો વિકાસ કરવાનો છે. આચાર્ય કૃપાલાણીએ તેમની શિક્ષણ-યોજના પર છણાવટ કરતા લખ્યું છે કે ગાંધીજીએ શિક્ષણને સામાજિક વ્યવસ્થા સ્થાપિત કરવા માટેના એક સાધનના રૂપમાં કર્યું. તેમની શિક્ષણ-વ્યવસ્થા સત્યનાં બધાં સાધનોની જેમ પોતાનામાં જ શુભ છે પરંતુ જો તેને તેના સમાજ-



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દર્શનથી અલગ કરી દઈએ છીએ, તો તે વધારે દિવસ ફૂલી-ફાલી નથી શકતું. તે તેના મૂળથી અલગ થઈ જાય છે. વાસ્તવમાં તેમના સમાજ દર્શનને સમજવા માટે તેમની શિક્ષણયોજના જરૂરી છે.

ગાંધીજી જ્ઞાતિ-પ્રથાના વિરોધી હતા. તેમના મતાનુસાર જ્ઞાતિ વર્ણ-વ્યવસ્થાનું સૌથી વિકૃત રૂપ છે અને તે લોકોને ઊંચ કે નીચ બનાવે છે. ગાંધીજી એ વાત માનતા હતા કે આધુનિક વર્ણ-વ્યવસ્થા વિકૃત અને દૂષિત થઈ ગઈ છે. કેમ કે તેમાં વર્ણની પાછળ જે મૂળ વિચાર છે, તે નષ્ટ થઈ ગયો છે. વર્ણ જન્મના આધાર પર જ્ઞાતિને નથી સ્વીકારતો અને એ નથી માનતો કે કોઈ એક વર્ણમાં જન્મ લઈને બીજાથી શ્રેષ્ઠ થઈ જાય છે. ગાંધીજી એમ પણ માને છે કે પહેલાં વર્ણ-વ્યવસ્થા કાર્ય-વિભાજનના આધાર પર હતી. બ્રાહ્મણ-બ્રાહ્મણ એટલા માટે નહોતો કે તે સમાજમાં પોતાનું યોગદાન આમ તો કર્મોથી કરી રહ્યો હતો. ક્ષત્રિય અને શૂદ્ર પણ પોતાનાં કાર્યો અનુસાર ઓળખાતા હતા. પ્રારંભમાં એ પણ સ્પષ્ટ હતું કે કોઈ શૂદ્ર સાચા ઢંગથી બ્રાહ્મણનાં કાર્ય કરવા માંડે, તો તેને બ્રાહ્મણ વર્ણમાં સમજવામાં આવે. પરંતુ બાદમાં આ પ્રથા જટિલ થતી ગઈ અને તેણે લોકોને ઉચ્ચ-નીચ પુરવાર કરવાનું શરૂ કરી દીધું. ગાંધીજી માને છે કે દરેક વર્ણમાં નિશ્ચિત કર્તવ્ય જોડાયેલાં છે અને જો કાર્ય-વિભાજનના સિદ્ધાંતને અપનાવી તેને માનવામાં આવે તો જ તે સાચી પુરવાર થશે અને દરેક વ્યક્તિને સમાજમાં ઉચિત સ્થાન મળી શકશે, પછી ભલે તે નાની હોય કે મોટી.

**શ્રીઅરવિંદના વિકાસવાદી વિચાર**

શ્રીઅરવિંદના મતે વિશ્વ એક અસીમ શક્તિ છે. પ્રાચીન દાર્શનિક હેરાક્લાઇટ્સની માફક શ્રીઅરવિંદ માને છે કે જગત એક શક્તિની સૃષ્ટિ છે. એક ચેતના-શક્તિ સમસ્ત વસ્તુઓની સૃષ્ટા, પાલક અને નાશ કરવાવાળી છે. તે ચેતનાશક્તિ અવિભાજ્ય છે અને પ્રત્યેક વસ્તુમાં ઉપસ્થિત છે. એ ચેતનાશક્તિ સાધારણ બાહ્ય, ચેતના-માત્ર નથી, બલકે તે વિશિષ્ટ છે. આ જ ચેતના શ્રીઅરવિંદની સચ્ચિદાનંદ છે. શ્રીઅરવિંદ માને છે કે જગત આ જ અતિમાનસની વિવિધ એકાગ્રતાનું પરિણામ છે.

શ્રીઅરવિંદનું માનવું છે કે જે વૈચારિક સિદ્ધાંતોથી જગતની વ્યવસ્થા કરાઈ છે તેમાં બે જ મુખ્ય રહ્યા છે – (૧) જડવાદ અને (૨) અધ્યાત્મવાદ. શ્રીઅરવિંદ એમ ઇચ્છે છે કે તેઓ આ બંનેને પૂર્ણપણે સંયુક્ત કરી દે. તેઓ કહે છે કે જડવાદી માર્ગો વધારે સરળ છે, કેમ કે તે જડ કે ભૌતિક શક્તિના રૂપમાં એક તત્ત્વને પરમ માની લે છે. પરંતુ જડવાદી માન્યતાઓ ઇન્દ્રિયોની સાક્ષીઓ પર આધારિત હોય છે, જેની ક્ષમતા સીમિત હોય છે. એટલા માટે તેમના દ્વારા કરવામાં આવેલી વ્યાખ્યા સંતોષપ્રદ ન કહી શકાય. શ્રીઅરવિંદ કહે છે કે જડવાદી વિજ્ઞાન પર તો વધારે ભાર મૂકે છે, પરંતુ વૈજ્ઞાનિક નિયમોમાં ક્યારેય પણ અંતિમ નિશ્ચિતતા નથી હોતી. અધ્યાત્મવાદનું સમર્થન કરતા તેઓ કહે છે કે જે ઢંગે ભૌતિકવાદી પોતાની વાત સ્થાપિત કરે છે, એ જ ઢંગથી અધ્યાત્મવાદી નિષ્કર્ષ પણ સ્થાપિત થઈ શકે છે. શ્રીઅરવિંદ પોતાના દર્શનમાં 'સત્'નું એક વ્યાપક અને પૂર્ણ ચિત્ર ઉપસ્થિત કરવા ઇચ્છે છે, જેમાં 'ભૌતિક' અને 'અધ્યાત્મ' બંનેને સમુચિત સ્થાન મળી શકે.

શ્રીઅરવિંદના મતાનુસાર પરમ સત્ની જ અભિવ્યક્તિ 'સૃષ્ટિ' છે. જ્યારે 'વિકાસ'નો અર્થ છે – મનુષ્યનું નિમ્નતરથી ઉચ્ચતરમાં વિકસિત થવું. વિકાસપ્રક્રિયા જડથી થતી જઈ માનસના સ્તર સુધી પહોંચે છે અને પછી 'અતિમાનસ'ની તરફ આગળ ધપે છે. આ વિકાસ-પ્રક્રિયાને એક તટસ્થ વૈજ્ઞાનિકની જેમ ન પ્રસ્તુત કરી શકાય, કેમ કે આપણે સ્વયં એ પ્રક્રિયાના અંગ છીએ અને પ્રક્રિયા આપણાથી જ સંબંધિત છે. શ્રીઅરવિંદ એમ કહે છે કે વિકાસ-પ્રક્રિયા જડ-તત્ત્વથી પ્રાણ-તત્ત્વ અને મનથી થતી માનસના સ્તર સુધી પહોંચે છે. પ્રાણ-તત્ત્વ જડ તત્ત્વમાં વિકસિત થાય છે. આથી તે જડથી તૂટેલ નથી. માનસ પોતાનાં ત્રણેય સ્તરોને સમેટી રહે છે, કેમ કે તે તેમાં વિકસિત થયું છે. આ જ માનસ ઉચ્ચતર રૂપમાં ઊઠી અતિમાનસના સ્તર સુધી પહોંચે છે. શ્રીઅરવિંદનો વિચાર છે કે આપણે આપણા આધ્યાત્મિક પ્રયત્નોથી 'માનસ'ના સ્તર સુધી પહોંચી ચૂક્યા છે અને 'અતિમાનસ'ની તરફ વધવા માટે પણ નિરંતર પ્રયત્ન કરી શકે છે. આ રીતે, વિકાસ-પ્રક્રિયા જગત સાથે પણ સંબંધિત છે અને વ્યક્તિ સાથે પણ. શ્રીઅરવિંદ વ્યક્તિને અગ્રતા આપે છે, કેમ કે તેઓ જાણે છે કે આધ્યાત્મિક શક્તિઓ વ્યક્તિના માધ્યમથી સ્પષ્ટ રૂપમાં વ્યક્ત થાય છે. વ્યક્તિનું ઉત્થાન અને વિકાસ જગતના વિકાસથી ભિન્ન નથી, બલકે તેની આ જ વિશેષતા છે કે વ્યક્તિગત વિકાસથી જગતના વિકાસની ગતિ તીવ્ર હોય છે. માનવ ભૌતિક અને આધ્યાત્મિક શક્તિઓનો સંગમ છે અને આ જ પ્રક્રિયાથી તે ઉત્થાનની તરફ અગ્રસર થાય છે.

શ્રીઅરવિંદે વિશ્વ-પ્રક્રિયાને બેવડી પ્રક્રિયાના રૂપમાં સમજી છે. એક અવરોહણ અને બીજું આરોહણ. શ્રીઅરવિંદ એ વાતને માને છે કે આધ્યાત્મિક પ્રક્રિયામાં બે વાત અશક્ય છે – (૧) ઇન્વેલ્યૂશન અને (૨) ઇવેલ્યૂશન. આ સૃષ્ટિની ઉત્પત્તિ, કેમ થઈ ? તેનો જવાબ આપતા શ્રીઅરવિંદ કહે છે – લીલાને કારણે આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. સૃષ્ટિ કેવી રીતે થાય છે ? તેનો તેઓ જવાબ આપે છે – માયાના કારણે. સૃષ્ટિ આનંદની અભિવ્યક્તિ છે. આનંદથી જ આપણે અસ્તિત્વવાન હોઈએ છીએ અને આનંદમાં જ આપણી પરિણિતિ છે. શ્રીઅરવિંદ એમ કહે છે કે સૃષ્ટિ કોઈ જાદુગરના જાદુનું પરિણામ નથી. બલકે સૃષ્ટિની પાછળ એક નિયમ છે. આ નિયમને 'માયા' કહી શકાય છે. એક અર્થમાં 'માયા' એ શક્તિ છે જે વિશ્વની રચના કરે છે. એ માયા રૂપી શક્તિ જ 'સચ્ચિદાનંદ' છે.

જીવન ત્રણ અવસ્થાઓમાં થઈ આગળ વધે છે. પોતાના પ્રારંભિક રૂપમાં તે એક સંકલ્પ છે જે યાંત્રિક શક્તિઓના નિયંત્રણમાં રહે છે. મધ્યમાં તે અસ્તિત્વને માટે સંઘર્ષરત એક આત્મા છે જે મૃત્યુ અને સામર્થ્યહિનતાથી પ્રભાવિત રહે છે. તેના અંતિમ રૂપમાં તે એક સંતુલન પ્રાપ્ત કરી લે છે. જેમ-જેમ જીવન માનસની તરફ એક માનસ અતિમાનસની તરફ આગળ વધતું જાય છે, તેમ-તેમ આત્મગૌરવ અને સંઘર્ષની પ્રવૃત્તિઓ પ્રેમ અને સહયોગથી આધિન થતી જાય છે અને આધ્યાત્મિકતાનો વિકાસ થતો જાય છે.

(ક્રમશઃ)

**– ડૉ. અનુરાધા પ્રસાદ**

અનુ. રાજેન્દ્ર દવે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાઝામાં ઈઝરાયેલના નરસંહાર મુદ્દે હિંદુત્વ માનવતાની કસોટીમાં નિષ્ફળ રહ્યું છે

**ભાર**તનો પેલેસ્ટીન માટે પરંપરાગત ટેકો વર્તમાન સરકાર હેઠળ નબળો પડ્યો છે, જ્યારે પેલેસ્ટીનીઓ સાથે એકતામાં વિરોધ પ્રદર્શનો થતાં તેને સરકારના દમનનો સામનો કરવો પડી રહ્યો છે. આ લેખમાં એ શોધ કરવામાં આવી છે કે આ પરિવર્તન ભારતની વૈશ્વિક છબી અને લોકશાહીને કેવી રીતે અસર કરે છે. સુધીન્દ્ર કુલકર્ણી પૂછે છે: શું ભારત પેલેસ્ટીન પર તેનું નૈતિક નેતૃત્વ પાછું મેળવશે ? ૨૦મી સદી વસાહતીકરણની સદી હતી. ભારતે, તેના પોતાના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન અને તે પછી, વસાહતી તાબેદારીનો ભોગ બનેલા અન્ય લોકોને અડગપણે ટેકો આપ્યો છે. સ્વતંત્ર ભારતના સ્થાપક પિતા - મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ, નેતાજી સુભાષચંદ્ર બોઝ અને અન્ય, સ્વતંત્રતા અને ન્યાય માટે લડતા અન્ય રાષ્ટ્રો સાથે ભારતની એકતાને આપણી આંતરરાષ્ટ્રીય ફરજ અને માનવતા પ્રત્યેની ફરજ માનતા હતા.

આમ, તે એક નિર્વિવાદ સત્ય છે કે સ્વતંત્ર ભારત માટે આંતરરાષ્ટ્રીય સમુદાયના આદર અને પ્રશંસા આપણા નેતાઓએ બ્રિટિશ સંસ્થાનવાદથી મુક્તિ માટેના આપણા પોતાના સંઘર્ષ અને એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના લોકોની સમાન વસાહતી વિરોધી આકાંક્ષાઓ વચ્ચે સ્થાપિત કરેલા બંધનમાંથી ઉદ્દભવ્યો હતો. એ પણ સાચું છે કે પેલેસ્ટીનના સ્વતંત્રતા અને રાજ્યત્વ માટેના સંઘર્ષને ભારતનો ટેકો ૧૯૪૭ પહેલાં શરૂ થયો હતો, અને ત્યારબાદ તે અવિશ્વસનીય રીતે ચાલુ રહ્યો હતો. લાંબા સમય સુધી, પેલેસ્ટીનની સ્વતંત્રતા પર ભારતમાં વ્યાપક અને મજબૂત રાષ્ટ્રીય સર્વસંમતિ હતી. ૧૯૭૭માં મોરારજી દેસાઈની સરકારમાં ભારતના વિદેશ મંત્રી બનેલા ભાજપના દિગ્ગજ નેતા અટલબિહારી વાજપેયીજીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે ઇઝરાયેલ આક્રમક છે અને પેલેસ્ટીનીઓ તેનો ભોગ બન્યા છે, અને તેમણે માંગણી કરી હતી કે ઇઝરાયેલે ૧૯૬૭ના આરબ-ઇઝરાયેલ યુદ્ધ પછી ગેરકાયદેસર રીતે કબજે કરેલી પેલેસ્ટીન જમીન ખાલી કરવી જોઈએ.

૧૯૮૮માં ભારત, ૮૦થી વધુ દેશો સાથે, પેલેસ્ટીનને માન્યતા આપનારા પ્રથમ દેશોમાંનો એક હતો. ૧૯૯૨માં ભારતે ઇઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા પછી પણ પેલેસ્ટીનને અમારો ટેકો ચાલુ રહ્યો હતો.

### હિંદુત્વ સમર્થકો નેતાન્યાહુને રોલ મૉડેલ તરીકે શા માટે જુએ છે

જોકે, ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારથી આ સમર્થનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આજની ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પલેસ્ટીનીઓને હિંદુ-મુસ્લિમ દ્વિસંગી લેન્સ દ્વારા જુએ છે. ઇઝરાયેલ વિશ્વનું એકમાત્ર રાષ્ટ્ર છે જે 'હિંદુત્વ'ને સમર્થન આપે છે, તેથી મોદી સમર્થકો 'મુસ્લિમ' પેલેસ્ટીનીઓ પ્રત્યે કોઈ સહાનુભૂતિ દર્શાવતા નથી. આ વાત એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે ભાજપ અને સંઘ પરિવારે એવા સમયે આંખ આડા કાન કર્યા કે જ્યારે ગાઝામાં, તેમના પોતાના વતનમાં ઇઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓનાં મૃત્યુ, ભૂખમરા, ક્રૂરતા, બોમ્બમારા અને વંશીય રીતે શુદ્ધિકરણ સામે કરવામાં આવેલા અમાનવીય અત્યાચાર સામે વિશ્વભરમાં વિરોધ પ્રદર્શનો એક ઉગ્ર ઉત્તેજનાની જેમ વધી રહ્યાં છે. શાસક સંસ્થાએ પણ સુનિશ્ચિત કર્યું છે કે ગાઝામાં ઇઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓની સામૂહિક હત્યાકાંડ સામે ભારતમાં કોઈ વિરોધ ન થાય.

ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ, જે અમેરિકાના સંપૂર્ણ સમર્થનથી આગળ વધ્યા હતા, તેમણે ૭ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલાનો ઉપયોગ સમગ્ર ગાઝાનો નાશ કરવા, તેને પેલેસ્ટાઈનની વસ્તીથી મુક્ત કરવા અને તેને 'ગ્રેટર ઇઝરાયેલ'નો ભાગ બનાવવા માટે એક બહાના તરીકે કર્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરમાં કહ્યું છે કે તેઓ ઇચ્છે છે કે ગાઝાને, તેના પોતાના હકદાર રહેવાસીઓ સિવાય, એક આંતરરાષ્ટ્રીય વૈભવી રિસોર્ટમાં ફેરવવામાં આવે. ભાજપના ઘણા સમર્થકો, જેમના માટે નેતન્યાહુ એક હીરો છે, તેમને સમર્થન આપી રહ્યા છે કારણ કે તેઓ પાકિસ્તાન અને તેના પોતાના લઘુમતીઓ સાથે વ્યવહાર કરવામાં ભારત માટે સમાન નીતિને સમર્થન આપે છે.

### વૈશ્વિક નૈતિક કટોકટીની વાર્તા

યુનાઇટેડ નેશન્સ સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસે ૨૯ જુલાઈના રોજ શોક વ્યક્ત કર્યો હતો કે ''ગાઝામાં પેલેસ્ટીનીઓ મહા માનવતાવાદી વિનાશનો સામનો કરી રહ્યા છે, આ કોઈ ચેતવણી નથી, તે આપણી નજર સમક્ષ પ્રગટ થતી વાસ્તવિકતા છે અને તેમણે તેને વૈશ્વિકક અંતરાત્માનું નૈતિક સંકટ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ઇઝરાયેલ ગાઝામાં બર્બરતાનો ઉપયોગ કરી રહ્યું છે. ભૂખથી લોકો મરી રહ્યા છે અને તે બંધ થવું જોઈએ. યુરોપિયન શહેરોમાં ભારે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યાં છે, જેના કારણે તે દેશો પણ પેલેસ્ટીનીઓની અલગ રાજ્યની માંગને સમર્થન આપવા માટે મજબૂર થયા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને કહ્યું છે કે પેરિસ સપ્ટેમ્બરમાં યુએન સત્રમાં પેલેસ્ટીન સરકારને સત્તાવાર રીતે માન્યતા આપશે. સઉદી અરેબિયા સાથે, ફ્રાન્સે ગયા અઠવાડિયે યુએનમાં પેલેસ્ટીન રાજ્યત્વને માન્યત આપવા અને ગાઝા પર ઇઝરાયેલના યુદ્ધનો અંત લાવવાના ધ્યેય સાથે એક પરિષદનું આયોજન કર્યું હતું.

બ્રિટન, જેને ટીકાકારો દ્વારા પેલેસ્ટીનીઓને સૌપ્રથમ રાજવિહીન બનાવનાર રાષ્ટ્ર તરીકે જોવામાં આવે છે, તે ઇઝરાયેલને આંધળો ટેકો આપવાનું બંધ કરવા માટે પણ ભારે જાહેર દબાણ હેઠળ છે. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે જાહેરાત કરી છે કે જો ઇઝરાયેલ ગાઝા પર તેના યુદ્ધને સમાપ્ત કરવા માટે ''નોંધપાત્ર પગલા'' નહીં લે, કબજા હેઠળના વેસ્ટ બેન્કના ભાગોને જોડવાની યોજનાઓ બંધ ન કરે તો બે-રાજ્ય ઉકેલ તરફના રાજકીય માર્ગને સમર્થન ન આપે તો યુકે સપ્ટેમ્બર સુધીમાં પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપશે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## આ ઘટનાના મોટા મુદ્દાઓ

નીતિમાં પરિવર્તન : ૨૦૧૪થી પેલેસ્ટીન સાથે ભારતની ઐતિહાસિક એકતા ઓછી થઈ ગઈ છે. સરકાર અને ન્યાયતંત્ર પેલેસ્ટીની અધિકારોને સમર્થન આપતા વિરોધને વધુ ને વધુ નિરાશ કરી રહ્યું છે અને ઇઝરાયેલ સાથે નજીક આવી રહ્યું છે. અસંમતિ દબાવવામાં આવી છે અને તાજેતરના કોર્ટના આદેશો અને પોલીસ કાર્યવાહીએ નાગરિકોને પેલેસ્ટીનના સમર્થનમાં શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો અધિકાર નકારી કાઢ્યો છે, અને ભારતમાં લોકશાહી અધિકાર નષ્ટ થઈ રહ્યા છે તે અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવે છે. ફ્રાન્સ, યુકે, સ્પેન, નોર્વે અને આયર્લેન્ડ સહિત ઘણા દેશો પેલેસ્ટીનને ઔપચારિક રીતે માન્યતા આપવા તરફ આગળ વધી રહ્યા છે, જે ઇઝરાયેલ અને તેના સમર્થકોની વધતી આંતરરાષ્ટ્રીય અલગતાને પ્રતિબિંબિત કરે છે. ભારત માટે બોધપાઠ એ છે કે તેના માટે સંસદમાં નવેસરથી ચર્ચાની હાકલ કરવી જોઈએ અને ભારતને વૈશ્વિક બાબતોમાં તેની બંધારણીય સ્વતંત્રતાઓ, નૈતિક વારસો અને સહાનુભૂતિ જાળવી રાખવાની જરૂરિયાત પર ભાર મૂકવાની જરૂર છે. તેમના શાશ્વત શ્રેય માટે, સ્પેન, નોર્વે અને આયર્લેન્ડે મે મહિનામાં ઔપચારિક રીતે પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપી દીધી છે. જો ઇઝરાયેલ યુદ્ધવિરામનો ઇન્કાર કરે તો ફ્રાન્સ, યુકે દ્વારા પેલેસ્ટીનને માન્યતા આપવામાં આવશે.

અત્યાર સુધીમાં, યુએનમાં મોટાભાગના દેશો-૧૯૩માંથી ૧૪૭ - પહેલેથી જ પેલેસ્ટીન રાજ્યને માન્યતા આપી ચૂક્યા છે, જે હાલમાં યુએનમાં નિરીક્ષકનો દરજ્જો ધરાવે છે. ગયા સપ્ટેમ્બરમાં આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (આઈસીજે)એ જાહેર કર્યું હતું કે ઇજરાયેલનો પેલેસ્ટીની પ્રદેશ પર કબજો ગેરકાયદેસર છે. આ બધું દર્શાવે છે કે પરિસ્થિતિ ઇજરાયેલ વિરુદ્ધ થઈ રહી છે. તેલ અવીવ અને વોશિંગ્ટન ડીસીમાં તેના સમર્થકો બંને પેલેસ્ટીની મુદ્દા પર આંતરરાષ્ટ્રીય સ્તરે અલગ પડી રહ્યા છે. પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્ર આંતરારષ્ટ્રીય અભિપ્રાય અને પેલેસ્ટીનીઓના ન્યાય માટે પોકાર બંને પ્રત્યે બહેરું અને મૌન બની ગયું છે. મોટી સત્તા હોવાના ઘમંડમાં વધુ એક પ્રદર્શનમાં, તેણે ગયા અઠવાડિયે ગાઝા પર ઇઝરાયેલના નરસંહાર યુદ્ધને સમર્થન આપીને એક પગલું વધુ આગળ વધ્યું છે. તેણે પેલેસ્ટીન ઓથોરિટી અને પેલેસ્ટીન લિબરેશન ઓર્ગેનાઈઝેશનના સભ્યો પર પ્રતિબંધો લાધ્યા છે, તેમના પર 'આતંકવાદ'ને ટેકો આપવા અને 'શાંતિ પ્રયાસોને અસ્થિર કરવાનો' પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો છે.

## બોમ્બે હાઈકોર્ટનો વિચિત્ર આદેશ

આ પૃષ્ઠભૂમિ સામે આપણે જોયું કે પેલેસ્ટીન સ્વતંત્રતાનો ભારતીય સમર્થકોનો અવાજ કેવી રીતે વ્યવસ્થિત રીતે દબાવવામાં આવી રહ્યો છે. એક ઉદાહરણ બોમ્બે હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં આપવામાં આવેલ વિચિત્ર આદેશ છે, જેમાં શાંતિપૂર્ણ જાહેર વિરોધ દ્વારા તેમની એકતા વ્યક્ત કરવાના તેમના બંધારણીય અધિકારને નકારી કાઢવામાં આવ્યો છે. ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) ગાઝામાં પેલેસ્ટનીઓ પર ઇઝરાયેલના અવિરત યુદ્ધ અને બચી ગયેલા લોકોને ભૂખે મારવાની તેની ઇરાદાપૂર્વકની નીતિ સામે મુંબઈના આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શન કરવા માંગતી હતી. મહારાષ્ટ્ર સરકારે નાગરિકો માટે વિરોધ પ્રદર્શન અને પ્રદર્શનો કરવા માટે એક નાનો ખૂણો આઝાદ મેદાન (જે ભારતના સ્વતંત્રતા સંગ્રામ સાથે સંકળાયેલું છે)- તે નિયુક્ત કર્યો છે. સીપીઆઈ (એમ)એ જે યોજના બનાવી હતી તે સંપૂર્ણપણે ગેરકાયદેસર હતી. છતાં મુંબઈ પોલીસે પાર્ટીના કાર્યકરોને પરવાનગી આપવાનો ઇનકાર કર્યો હતો. બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ રવીન્દ્ર ઘુગે અને ગૌતમ અંકડે કહ્યું કે, ''આપણા દેશમાં ઘણા બધા મુદ્દાઓ છે. અમને આવું કંઈ જોઈતું નથી. તમે બધા ટૂંકી દષ્ટિવાળા છો. તમે ગાઝા અને પેલેસ્ટીનના મુદ્દાઓ જોઈ રહ્યા છો. તમારા પોતાના દેશને જુઓ. દેશભક્ત બનો. આ દેશભક્તિ નથી.'' તેમણે આગળ અવલોકન કર્યું કે, ''પક્ષે ભારતમાં નાગરિક મુદ્દાઓ ઉઠાવવા જોઈએ. તમે ભારતમાં નોંધાયેલ સંગઠન છો. તમે કચરો ફેંકવા, પ્રદૂષણ, ગટર, પૂર જેવા મુદ્દાઓ ઉઠાવી શકો છો. તમે તેના પર નહીં પરંતુ દેશની બહાર હજારો માઈલ દૂર થઈ રહેલી કોઈ બાબત પર વિરોધ કરી રહ્યા છો.''

એ પછી કોર્ટ દ્વારા ઇઝરાયેલ વિરોધી વિરોધ પ્રદર્શનો યોજવાની પરવાનગી નકારવા પાછળનો તર્ક આપવામાં આવ્યો હતો. ન્યાયાધીશોએ કહ્યું કે, દેશની વિદેશ નીતિ સીપીઆઈ(એમ) દ્વારા અપનાવવામાં આવેલા વલણથી અલગ છે. તેમણે પક્ષને આવાં વિરોધ પ્રદર્શનોનાં સંભવિત રાજદ્વારી પરિણામોની ચેતવણી આપતાં કહ્યું કે, તમને ખબર નથી કે તે કેવી સમસ્યા લાવી શકે છે... પેલસ્ટીન તરફ કે ઇઝરાયેલ તરફ જઈને તમે આવું શા માટે કરવા માંગો છો ? તમે જે પક્ષનું પ્રતિનિધિત્વ કરો છો તે જોતાં, તમને સમજાતું નથી કે આનાથી દેશની વિદેશી બાબતો પર શું અસર થઈ શકે છે. ભારતની બહાર હજારો માઈલ દૂર શું થઈ રહ્યું છે તેના પર અવાજ ઉઠાવશો નહીં. કચરાના ડમ્પિંગ જેવા સ્થાનિક મ્યુનિસિપલ મુદ્દાઓ પર વળગી રહો. આ પહેલાં ક્યારેય કોઈ હાઈકોર્ટે એવી પાર્ટીને ઠપકો આપ્યો નથી જેણે ઘણી ચૂંટણીઓ જીતી હોય અને આ રીતે સરકાર બનાવી હોય.

આવા માનનીય ન્યાયાધીશો સમક્ષ એક તીક્ષ્ણ પ્રશ્ન પૂછવો જરૂરી છે. માનનીય લોર્ડશીપ્સ, શું તમે ક્યારેય આ સૂત્ર સાંભળ્યું છે : 'અમર નામ તોમરનામ વિયેતનામ વિયેતનામ ? બંગાળી ભાષામાં અનુવાદિત, તેનો અર્થ 'મારું નામ, તમારું નામ, વિયેતનામ વિયેતનામ' થાય છે. આ શક્તિશાળી સૂત્ર ફક્ત કોલકાતામાં જ નહીં, પરંતુ ભારતના ઘણા ભાગોમાં અમેરિકા દ્વારા કરવામાં આવેલા ૨૦ વર્ષના યુદ્ધ (૧૯૫૫-૭૫) દરમિયાન વિયેતનામના લોકો સાથે એકતાની અભિવ્યક્તિ તરીકે હજારો વિરોધીઓ દ્વારા ઉચ્ચારવામાં આવ્યું હતું અને ફક્ત ડાબેરી પક્ષો જ નહીં, જેઓ તે સમયે પશ્ચિમ બંગાળમાં સત્તામાં ન હતા, તેમણે આ વિરોધ પ્રદર્શનોનું આયોજન કર્યું હતું. તત્કાલીન શાસક પક્ષ, કૉંગ્રેસ અને અન્ય ઘણા પક્ષોનું સમર્થકોએ પણ નિર્દોષ વિયેતનામીઓ પર અમેરિકાના યુદ્ધ સામે રેલીઓ યોજી હતી. શું તે સમયે ભારતમાં, કેન્દ્રમાં કે રાજ્યમાં, કોઈ સરકાર દ્વારા ભારતીય નાગરિકોને આ વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી નકારવામાં આવી હતી ? વિયેતનામ યુદ્ધ એકમાત્ર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એવું ઉદાહરણ નથી કે ભારતની અદાલતોએ નાગરિકોને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાના અધિકારને સમર્થન આપ્યું છે. સ્વતંત્ર ભારતમાં આવાં અસંખ્ય વિરોધ પ્રદર્શનો થયાં છે.

જ્યારે ૧૯૫૬માં હવે લુપ્ત થયેલા સોવિયેત સંઘે હંગેરી અને ૧૯૬૮માં ચેકોસ્લોવાકિયા પર આક્રમણ કર્યું હતું, ત્યારે ભારતીય જનસંઘના સમર્થકો, જેણે આખરે ભાજપને અપનાવ્યું અને સ્વતંત્ર પાર્ટીએ જાહેર વિરોધ પ્રદર્શનો કર્યાં હતાં. ૨૦૦૧માં જ્યારે અલ કાયદા દ્વારા ૯/૧૧ના આતંકવાદી હુમલાઓએ અમેરિકાને નિશાન બનાવ્યું હતું, ત્યારે ભારતીયોએ સ્વયંભૂ વિરોધ કર્યો હતો. તેવી જ રીતે, જ્યારે રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ બુશના નેતૃત્વ હેઠળ અમેરિકાએ ૨૦03માં ''સામૂહિક વિનાશનાં શસ્ત્રો'' શોધવાના બહાના તરીકે ઈરાક પર હુમલો કર્યો (જે શસ્ત્રો હજુ સુધી મળ્યાં નથી), ત્યારે નવી દિલ્હી, મુંબઈ અને અન્ય ભારતીય શહેરોમાં પ્રદર્શનો થયાં હતાં. ખરેખર, લોકોનો આક્રોશ એ એક કારણ હતું કે વાજપેયી સરકારે ઇરાક પર અમેરિકાના નેતૃત્વ હેઠળના હુમલાની નિંદા કરતો સંસદમાં ઠરાવ રજૂ કર્યો હતો. ભાજપ સહિત તમામ પક્ષો દ્વારા સર્વાનુમતે ઠરાવ અપનાવવામાં આવ્યો હતો. જ્યારે દક્ષિણ આફ્રિકામાં અમાનવીય રંગભેદ શાસન હજુ પણ ચાલુ હતું, ત્યારે લગભગ તમામ રાજકીય પક્ષોના ભારતીયોએ વિરોધસભાઓ યોજી હતી, રંગભેદ વિરોધી સંઘર્ષ સાથે એકતા દર્શાવી હતી અને નેલ્સન મંડેલા અને તેમના સાથીઓને જેલમુક્ત કરવાની માંગ કરી હતી. તેવી જ રીતે, દર વર્ષે હિરોશિમા દિવસ (૬ ઓગસ્ટ)ના રોજ ઘણાં ભારતીય શહેરોમાં તાત્કાલિક અને સાર્વત્રિક પરમાણુ નિઃશસ્ત્રીકરણની માંગણી સાથે શાંતિ કૂચ થતી હતી. મેં પોતે મુંબઈના આઝાદ મેદાનમાં આવી ઘણી કૂચ અને સભાઓમાં ભાગ લીધો છે.

### જ્યારે ન્યાયતંત્ર પોતે બંધારણની કલમ ૧૯ને અવગણે છે

ભૂતકાળમાં આવા વિરોધ નિયમિતપણે યોજાતા હતા કારણ કે તે બંધારણમાં સમાવિષ્ટ અધિકાર હતો અને આજે પણ છે. બોમ્બે હાઈકોર્ટના વિદ્વાન ન્યાયાધીશોએ આ વાત શીખવાની જરૂર છે કે કલમ ૧૯, ખાસ કરીને કલમ (૧)એ) અને ૧(બી), નાગરિકોને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ રીતે અને શસ્ત્રો વિના ભેગા થવાના મૂળભૂત અધિકારની ખાતરી આપે છે. આ અધિકારોથી સશક્ત થઈને, આપણા લોકોએ વિશ્વભરમાં યુદ્ધ અને અન્યાયનો ભોગ બનેલા લોકો સાથે એકતા દર્શાવી છે, અને ક્યારેક ભારત સરકારની નીતિઓ અને વલણો પર પણ અસંમતિ વ્યક્ત કરી છે (જેમ કે જ્યારે કોંગ્રેસ સરકારોએ હંગેરી અને ચેકોસ્લોવાકિયા પર સોવિયેત આક્રમણની સ્પષ્ટ નિંદા કરી હતી ત્યારે). હવે, ચાલો આપણે એવું વિચારીને પોતાને મૂર્ખ ન બનાવીએ કે બે ન્યાયાધીશો - (યાદ રાખો, તેઓ ઉચ્ચ અદાલતના ન્યાયાધીશો છે, ન્યાયતંત્રના સૌથી નીચલા સ્તરનું પ્રતિનિધિત્વ કરતા નથી)એ જે કહ્યું તે આજે ભારતીય સ્થાપનામાં એક સીમાંત અભિપ્રાય છે. કઠોર સત્ય એ છે કે તે ખરેખર શાસક સ્થાપનાની મુખ્ય ધારણા છે.

જો તમે નેતાન્યાહુની સરકાર દ્વારા પેલેસ્ટીનીઓના નરસંહાર પર પ્રશ્ન કરો છો, તો તેને દેશભક્તિનો અભાવ માનવામાં આવે છે. તેને રાષ્ટ્રવિરોધી પણ માનવામાં આવે છે કારણ કે તમે ઇઝરાયેલની ટીકા ન કરવાની ભારતની વિદેશ નીતિ પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છો. તમે ભારતના વડાપ્રધાન પર સવાલ ઉઠાવી રહ્યા છો જે ઇઝરાયેલના વડાપ્રધાનને પોતાના અંગત મિત્ર માને છે. ટૂંકમાં, સરકારની ટીકાનો અર્થ રાષ્ટ્રની ટીકા થઈ ગયો છે. ઇઝરાયેલ વિરોધી વિરોધ પ્રદર્શનોને ફક્ત પોલીસ દ્વારા જ નહીં, ફક્ત હાઈકોર્ટ દ્વારા જ નહીં (મુંબઈના કિસ્સામાં), પણ શાસક સંસ્થાના ઇકોસિસ્ટમ દ્વારા પણ મંજૂરી આપવામાં આવતી નથી. ૨૭ જુલાઈના રોજ રાષ્ટ્રીય રાજધાનીમાં જે બન્યું તે ધ્યાનમાં લઈએ : ગાઝામાં હિંસાની નિંદા કરતા, પેલેસ્ટીનીઓ સાથે એકતા વ્યક્ત કરતા અને ભારત સરકારના ''ઇઝરાયેલ સાથે સહકાર''ની નિંદા કરતા પ્લેકાર્ડ સાથે પ્રદર્શનકારીઓનું એક જૂથ નહેરુ પેલેસ માર્કેટમાં એકત્ર થયું હતું, જેમાં ઇઝરાયેલી હિંસા સામેના યુએનના ઠરાવો પર ભારતની ગેરહાજરીના પુરાવા છે, અને આવા ઠરાવોને મોટાભાગના દેશો તરફથી સમર્થન મળ્યું છે. આ જૂથમાં વૈશ્વિક સ્તરે પ્રખ્યાત અર્થશાસ્ત્રી જીન ડ્રેઝ જેવી જાણીતી હસ્તીઓનો સમાવેશ થતો હતો. થોડી જ વારમાં, સરકાર તરફી હિંદુત્વ સમર્થકો દ્વારા પ્રતિ-પ્રદર્શન શરૂ થયું હતું, જેમણે વિરોધીઓની 'દેશભક્તિ' પર સવાલ ઉઠાવ્યા હતા. મીડિયા અહેવાલો મુજબ, તેઓએ 'જય શ્રી રામ' અને 'ભારત માતા કી જય'ના નારા લગાવ્યા હતા. તેઆએ એમ પણ કહ્યું : ''આ લોકો બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યા વિશે ક્યારેય કેમ બોલતા નથી ? શું તેઓ ઇઝરાયેલ પરના હુમલા વિશે ભૂલી ગયા છે?

### અનેક પ્રશ્નો અને જવાબો

મોદીના શાસનકાળથી ૨૦૧૪ પછી પેલેસ્ટીન માટે ભારતનો ટેકો કેવી રીતે બદલાયો છે ? પેલેસ્ટીન માટેનાં વિરોધ પ્રદર્શનોને હવે ભારતમાં શા માટે દબાવવામાં આવી રહ્યાં છે ? પેલેસ્ટીનને માન્યતા આપવા અંગે કયાં વૈશ્વિક વલણો પ્રકાશિત કરવામાં આવ્યાં છે ? આ ભારતના લોકશાહીને વિરોધ કરવાના અધિકાર સાથે કેવી રીતે જોડે છે ? તે પેલેસ્ટીન પર ભારતની ભૂમિકા માટે ક્યા બોધપાઠ સૂચવે છે ? બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાની નિંદા ચોક્કસ કરવી જોઈએ. નિર્દોષ ઇઝરાયેલી નાગરિકો પર હમાસ હુમલાની પણ નિંદા કરવી જોઈએ. એ પણ સાચું છે કે પેલેસ્ટીનીઓ સાથે જે થઈ રહ્યું છે તે અંગે ચિંતિત કેટલાંક જૂથો બાંગ્લાદેશમાં હિંદુઓ સાથે શું થઈ રહ્યું છે અથવા હમાસના પીડિતો સાથે શું થયું તે અંગે સમાન ચિંતા દર્શાવતા નથી. પરંતુ શા માટે આ ખોટી સમાનતા દ્વારા ગાઝામાં ઇઝરાયેલના ગુનાઓ વિશે મૌન રહેવામાં આવે છે ? સંસદે તેની ચર્ચા કરવી જોઈએ, અને પેલેસ્ટીનની સ્વતંત્રતા પર ઠરાવ અપનાવવો જોઈએ. ઉપરોક્ત ચર્ચામાંથી પાંચ બોધપાઠ મળે છે.

એક : ભારતના લોકોએ મોદી સરકરાને પેલેસ્ટીનના મુદ્દા પર પોતાની અનિશ્ચિતતા રોકવા, આંતરરાષ્ટ્રીય કાયદાના ઇઝરાયેલના ઉલ્લંઘનની નિંદા કરવામાં બાકીના વૈશ્વિક સમુદાય સાથે ઊભા રહેવા, ગાઝા પર

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ત્યારે મારી આંખ રડે છે....

**હા** મારી આંખ રડે છે, હા મને દાઝે છે,
મારી પીઠિ સોળ પડે છે ! મારા દેશની એક દીકરીને
ગામ કૂવેથી પાણી ભરવા નથી દેવાતું - માત્ર ભાડિયે
કૂવેથી રગડો ભરવો પડે છે - ત્યારે મારી આંખ રડે છે.

મારા દેશનો એક દીકરો અસંખ્ય અવરોધો પાર કરીને ખૂબ ખૂબ ભણે છે. મોટો ડૉક્ટર બને છે. સ્પેશિયાલિસ્ટ બને છે. એની પાસે ઑપરેશન માટે આવનારો ફાંદાળો શેઠિયો એની જાત પૂછીને મોં મચકોડે છે. ઑપરેશન કરાવવાની ના પાડે છે, ત્યારે મારી આંખ રડે છે.

વર્ગમાં સદાય પ્રથમ નંબર લાવનાર સુશીલ, નમ્ર અને સંસ્કારી, સમજુ અને સ્નેહાળ દલિત દીકરા સાથે કહેવાતા ઉચ્ચ વર્ણની છોકરી વાત કરે તો છોકરાને ધીબી નાખનાર આવે છે, ત્યારે મારી પીઠિ સોળ પડે છે.

પોતે મુસ્લિમ પ્રોફેસર પાસે ભણીને હોશિયાર થયા, પોતે પરીક્ષા ટાણે મુસ્લિમ સહપાઠીની આવડતનો લાભ લીધો, એ સહપાઠીની દુકાનેથી માલ લીધો કારણ કે એ વજન-ભાવમાં પ્રામાણિક હતા. છતાં પોતાના છોકરાને 'સંસ્કારી'જનો થોડાક મુસ્લિમ વિદ્યાર્થીઓવાળી શાળામાં મૂકવા ઇન્કાર કરે છે, ત્યારે મારી આંખ રડે છે.

દેશમાં એક ટકાનાયે એક ટકા જેટલા લોકો જે ટેકનોલોજી ભણે છે એમાં માહેર જુવાન એના પિતાને સાથે લઈને કોઈક મૈયતમાં ગયા હોય ત્યારે એને અને એના પિતાને માત્ર એમના મુસલમાની દેખાવને કારણે 'કાનૂન રક્ષકો' મેલાં લૂગડાંની જેમ ધોઈ નાખે છે, ત્યારે મારી પીઠિ સોળ ઊઠે છે.

મૂઠીભર સત્તાલાલચુઓ, મૂઠીભર ધર્મઝનૂનીઓ, મૂઠીભર, નફાખોરોના કારસાઓને પરિણામે એકાદ નગર, એકાદ પ્રાંત, એકાદ દેશ ભડકે બળે છે અને ભૂખે મરે છે ત્યારે એ નગર, એ પ્રાંત એ દેશ માટે મારું હૈયું દાઝે છે.

એક પરિવારને આછી પાતળીય રોજગારી નહિ આપી શકતો સમાજ એ પરિવારની દીકરીને એની એકમાત્ર મૂડીરૂપ એનું શરીર વેચતાં અટકાવે છે, એને 'અનૈતિક' ધંધેથી છોડાવે છે અને પોતે નૈતિકતાના અને સંસ્કૃતિના મહાન ઉદ્ધારક હોવાનો ગર્વ ધરે છે. અને.... પેલી દીકરી માટે તથા એના ભૂખે મરતા પરિવાર માટે આપઘાતનો એક માત્ર વિકલ્પ ખુલ્લો રાખે છે, ત્યારે મારી આંખ રડે છે.

એક જુવાન શહેરનો વાસી ઠીક કમાય છે, ઠીક લૂગડાં પહેરે છે. એ સગાની જાનમાં ગામડે જાય છે. ત્યારે એનાં નવાં લૂગડાં, એનાં ચળકતાં જૂતાં, એની આંખો પરના ગોગલ્સ, ગામને ચોરે બેઠેલા નવરા-નમાલા કેટલાકને ઉશ્કેરી મૂકે છે. બધા મળીને એ જુવાનને મારે છે... અરે ! મારી નાંખે છે... કારણ કે એ જુવાન જન્મે દલિત છે ! આવો મહાન 'સંસ્કૃત' સમાજ જોઈને મારી આંતરડી કકળે છે.

ભારતની યુનિવર્સિટીનો એક વિદ્વાન છે. એને અમેરિકાથી નિમંત્રણ મળે છે : અમારે ત્યાં આવો, અમારી સમક્ષ પ્રવચન કરો. આ વિદ્વાન વિમાન વાટે જાય છે. પરંતુ અમેરિકાના વિમાન ઘરે જ એને અટકાવાય છે. કારણ કે એની અમુક ઢબની દાઢી છે. કારણ કે એનું અમુક નામ છે... માત્ર એટલા જ કારણસર એને પરત મોકલાય છે. આ અન્યાય મને અકળાવી જાય છે.

અચાનક દૃશ્ય બદલાય છે. એક 'ગોત્ર'ની છોકરી છે. એ જ 'ગોત્ર'નો છોકરો છે. બંને પ્રેમમાં પડે છે. ત્યાં તો વડીલોના ઘોઘરા ઘાંટા ગરજી ઊઠે છે : સગોત્ર સંબંધ ! રહેંસી નાખો બંનેને ! એક 'જ્ઞાતિ'ની છોકરી છે. અન્ય જ્ઞાતિનો છોકરો છે. પ્રેમમાં પડ્યાં ! રહેંસી નાંખો બંનેને! એક 'કોમ'ની છોકરી છે, ઇતર કોમનો છોકરો છે. પ્રેમ કરવા લાગ્યાં! રહેંસી નાંખો બંનેને !

હું ચિંતાઓ ગણું છું અને ગણતરીનો અંત જ નથી આવતો. શું આ માટે આઝાદી જંગ લડ્યા હતા ? શું આ માટે ભગતસિંહ જેવા હજારોએ પ્રાણ પાથર્યા હતા ? શું આ માટે મોહનદાસ ગાંધીએ ત્રીજા ભાગની જિંદગી જેલોમાં ગાળી હતી ? શું આ માટે કરોડો કરોડો હિંદીઓ ક્રૂર પરદેશી શાસકો સામે લડ્યા હતા ?

મારી તમને વિનંતી છે દેશવાસીઓ ! હાથ જોડીને વિનંતી છે. બસ, બે મિનિટ ફાળવો. બસ બે મિનિટ વિચારો કે આવા અજ્ઞાનને ડામવા માટે, અન્યાયોને નિવારવા હું શું કરી શકું ? વળી વિચારશો કે હું પોતે તો આવી ક્રૂરતામાં સામેલ નથી ને ? જ્યાં સુધી આપણે સૌ આ વિકૃતિઓને ડામવાનો વિચાર નહિ કરીએ ત્યાં સુધી તે વિરાટ બનતી જશે. કદાચ એક તબક્કો એવો આવે કે જ્યારે તમારો-મારો આ દેશ જ ન રહે. જ્યારે સ્મશાનોમાં ભૂત રડે ભેંકાર. તેથી જ કહું છું, દેશના ભાવિ માટે જરા બે મિનિટ વિચારો.

આ બધા શબ્દો કોઈક ઘટનાનો આધાર ધરાવે છે.

**- યશવંત મહેતા**

# વાચકોના પત્રોમાંથી

- **જિતેન્દ્ર ભીખાલાલ જોટાસણા,** (અમરેલી. મો.: ૯૪૨૮૫૬૦૮૯૩)

ભૂમિપુત્રના ૧-૧૦-૨૦૨૫ના અંકમાં પ્રગટ કરેલ મમતા શર્માનો લેખ ગમ્યો. આ બહેન તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થી વિશાલ વસાવાને એમ.બી.બી.એસ.માં દાખલ કરાવવા છેક દેડિયાપાડાથી અમરેલી હાજર રહ્યાં હતાં.

*"મંદિર મસ્જિદ ભટકતે,*
*કિસે મિલા ભગવાન ?"*
*સેવા કરુણા પ્યાર સે,*
*સ્વયં બને ભગવાન.*



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સિટિઝન્સ ફોર ડેમોક્રેસી - ગુજરાત સંમેલન


**સિ**ટિઝન્સ ફોર ડેમોક્રસી (C.F.D.)ની સ્થાપના નવી દિલ્હીમાં શ્રી જયપ્રકાશ નારાયણની અધ્યક્ષતામાં તા. ૧૩-૧૪ એપ્રિલ ૧૯૭૪માં થઈ હતી. વર્ષ ૧૯૭૩-૭૪ના ગાળામાં દેશમાં રાજકીય અશાંતિ, અસંતોષ અને હતાશાનો માહોલ હતો. લોકશાહી મૂલ્યો અને દેશના બંધારણ પર સંકટનાં વાદળો છવાયાં હતાં. આ સ્થિતિમાં નિસ્બત ધરાવતા નાગરિકોએ CFD ની રચના કરી હતી. દેશની આવી સ્થિતિ માટે શ્રીમતી ઇંદિરા ગાંધી જવાબદાર હતાં. ૨૬ જૂન ૧૯૭૫ના રોજ તેમણે દેશ પર કટોકટી લાદી હતી. CFDએ પૂરી તાકાતથી તેનો વિરોધ કર્યો હતો.

કટોકટીકાળમાં લોકશાહી બચાવવા માટે આદરણીય જસ્ટીસ શ્રી એમ.સી.ચાગલાની અધ્યક્ષતામાં ગુજરાતના નિસબત ધરાવતા નાગરિકોનું સંમેલન ૧૨ ઑક્ટોબર ૧૯૭૫ના રોજ અમદાવાદમાં મળ્યું હતું. એ ઘટનાને આ વર્ષે ૫૦ વર્ષ પૂરાં થયાં. આજે પણ વર્તમાન સરકારની અઘોષિત કટોકટીમાંથી દેશ પસાર થઈ રહ્યો છે ત્યારે ૫૦ વર્ષ પહેલાંની કટોકટી, જે.પી. આંદોલન અને ચાગલાસાહેબને અવશ્ય યાદ કરવાં જ પડે. આપણી સામે ફરીથી આવી પડેલા પડકારને પહોંચી વળવા અમદાવાદમાં મળેલું ૧૨ ઑક્ટોબર ૨૦૨૫નું સંમેલન મહત્ત્વનું છે.

આ સંમેલનમાં મુખ્ય વક્તાઓ ૦ શ્રી પ્રશાંત ભૂષણ ૦ શ્રી રામપુનિયાની ૦ ભાષાસિંહ હતા.

■ **સ્મરણિકા**

સંમેલન નિમિત્તે એક સરસ સ્મરણિકા તૈયાર કરવામાં આવી, જેમાં -




૦ CFDનો પરિચય ૦ CFDના ગુજરાતના તેમજ નેશનલ સ્તરના હોદ્દેદારો ૦ ૧૯૭૫માં શ્રી ચાગલા સાહેબે અમદાવાદમાં આપેલું ભાષણ ❍ પ્રકાશભાઈ શાહનો લેખ - 'આજ લહરોં મેં નિમંત્રણ'માં ૧૯૭૫માં ભરાયેલા સંમેલનની વિગતો આપી છે.

❍ જે.પી.નો ઇંદિરા ગાંધીને ૨૧ જુલાઈ ૧૯૭૩ના રોજ લખેલો પત્ર ૦ કુમાર પ્રશાંતનો લેખ 'અંધકાર કા પ્રકાશ' જેમાં કટોકટી પછીનાં ૫૦ વર્ષ પર નજર નાંખી છે.

❍ શ્રી રામ પુનિયાનીનો લેખ Communal Violenceપર છે.

❍ ભાષાસિંહનો લેખ - લોકશાહી અને બંધારણે આપણને આપેલી ખાતરીનો ભંગ થઈ રહ્યો છે - તે અંગે છે.

❍ આનંદ યાજ્ઞિક અંગેના લેખમાં તેમના જીવન પર શ્રી ગિરીશભાઈ પટેલ અને પોતાના પિતા શ્રી અચ્યુતભાઈ યાજ્ઞિકના પડેલા પ્રભાવની વાત નોંધવામાં આવી છે. શ્રી ગિરીશભાઈ ૧૯૩૮થી ૨૦૧૮ દરમ્યાન માનવ અધિકાર માટે લડનાર ગુજરાતના પ્રસિદ્ધ વકીલ હતા. તેમણે ૨૦૦ ઉપરાંત જનહિત અરજીઓ કોર્ટમાં દાખલ કરી હતી. શ્રી આનંદભાઈ પણ આ દિશામાં સક્રિય છે.

❍ શ્રી કિશોરભાઈએ તેમના લેખમાં સરમુખત્યારનાં લક્ષણો ગણાવ્યાં છે.

❍ હેમન્તકુમાર શાહે તેમના લેખ 'સ્વતંત્રતા નિખારે હજારો સૌંદર્ય !'માં સંઘની વિભાજનકારી વિચારધારા અંગે, ધર્મના આધારે ધિક્કારનું ગુજરાત મોડેલ અંગે, શાસકોની હિંસા અંગેની વાત નોંધી છે.

❍ સત્યકામભાઈ જોષીએ તેમના લેખ 'રાષ્ટ્રીય એકતા અને આપણે'માં ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં સહિષ્ણુતા, સમન્વયશીલતા તેમજ આપણી સંસ્કૃતિની બુનિયાદ આધ્યાત્મિકતા પર ટકેલી છે તેની નોંધ લીધી છે.

❍ શ્રી વિદ્યુતભાઈ જોષીએ તેમના લેખ 'ગાંધીવાદી - માનવતાવાદી સમાજ'ની સ્થાપના માટે વર્તમાન રાજકારણ, અર્થકારણ, શિક્ષણ, સંસ્કૃતિના વિકલ્પની શોધ કરવાની વાત કરી છે. તેમના કહેવા મુજબ આખી સંસ્કૃતિને પલટાવવાની છે. અહિંસક સંસ્કૃતિની સ્થાપના કરવાની છે. ગાંધીજીના 'હિંદ સ્વરાજ'ના દર્શનને સમજીને દ્વેષધર્મની જગ્યાએ પ્રેમધર્મનું આચરણ કરવાનું છે. રાજકીય વ્યવસ્થામાં છુપાયેલી સૂક્ષ્મ હિંસાને ગંભીરતાથી સમજવાની જરૂર છે. આપણે ગાંધી ચીંધ્યાં રચનાત્મક કામો અપનાયવાની જરૂર છે. ટકાઉ અને સંપોષિત વિકાસ તરફ આગળ વધવું પડશે. શિક્ષણ સંસ્થાઓને ઉદ્યોગપતિઓ અને બહુરાષ્ટ્રીય કંપનીઓના સકંજામાંથી છોડાવવાની છે. આવા અનેક મહત્ત્વના મુદ્દાઓની નોંધ લેવામાં આવી છે. સ્મરણિકામાં બે લેખો ગ્લોબલ વોર્મિંગના અને પર્યાવરણીય પ્રશ્નો અંગેના છે.

❍ રજની દવેએ તેમના લેખ સંયુક્ત રાષ્ટ્રસંઘની સંસ્થા IPCC તેમજ વિશ્વ હવામાન સંગઠનની કામગીરી અંગેની વાત નોંધી છે. IPCCના રિપોર્ટને હળવાશમાં ન લઈ શકાય. ખતરાની ઘંટડી વાગી ચૂકી છે ત્યારે આપણે ગ્લોબલ વોર્મિંગથી થતા આર્થિક નુકસાનને ધ્યાનમાં રાખવાની જરૂર છે. કલાઈમેટ ચેન્જના કારણે સર્જાતી Extremes ઘટનાઓને સમજવી જોઈએ. પાણીનાં પૂર, વાવાઝોડાં, વીજળી પડવી, અતિશય ગરમી (Heat Wave), અતિશય ઠંડી (Cold Wave), દુષ્કાળ, જંગલની આગ વગેરેના કારણે ખૂબ નુકસાન થાય છે.

❍ મહેશભાઈ પંડ્યાએ ભારપૂર્વક કહ્યું છે કે ગુજરાતની વિષમ પરિસ્થિતિ માટે માત્ર ગ્લોબલ વોર્મિંગ કે કુદરત જ જવાબદાર નથી. આડેધડ થઈ રહેલા ચૂંટણીલક્ષી વિકાસનાં કામો જવાબદાર છે. રાજ્યમાં છેલ્લાં પંદર વર્ષથી સરેરાશ ૧૧૨ ટકા વરસાદ પડે છે. પરંતુ અમદાવાદ જેવા શહેરમાં ૩ ઇંચ વરસાદમાં પણ પૂરની સ્થિતિ જળબંબાકાર જોવા મળે છે. ગટર વ્યવસ્થા કરવામાં કોર્પોરેશન નિષ્ફળ રહ્યું છે. વર્ષ ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૨૧માં ભારે વરસાદને લીધે બનાસકાંઠામાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જો તેમાંથી કંઈ શીખ્યા હોત તો આ વખતે ભાભર થરાદ, સૂઈગામમાં નુકસાન ઓછું કરી શક્યા હોત. વધારાનાં પાણીનો રણમાં કેવી રીતે નિકાલ કરી શકાય તે માટે વ્યવસ્થા કરવી પડશે.

રાજ્યમાં ઘણાં તળાવો પૂરી નાંખવામાં આવ્યાં છે. રાજ્યના ડેમ્સમાં કાંપનો ભરાવો થાય છે. રાજ્યના ઘણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ ધારાધોરણ પ્રમાણે ચાલતા નથી. ગુજરાતમાં ૪૦ હજાર જેટલા ઉદ્યોગો કાર્યરત છે. પરંતુ તેના મોનિટરીંગ માટે પૂરતો સ્ટાફ જ નથી. રાજ્ય સરકારને પર્યાવરણ જાળવણીમાં રસ જ નથી. લેખમાં ઘણી ચોંકાવનારી વિગતો છે.

❍ ડંકેશભાઈ તેમના લેખ 'આપણી આજની લોકશાહી એક ઘેરી ચિંતાનો વિષય બની ગઈ છે'માં લખે છે - અત્યારના શાસકો ખુલ્લેઆમ વિરોધ પક્ષને નેસ્તનાબૂદ કરવા માગે છે. એમને વિરોધ-પક્ષ વિનાની લોકશાહી ખપે છે. વિરોધ પક્ષ પણ પોતાની ફરજો બજાવવામાં ઊણો ઊતર્યો છે. નાગરિકો પણ સક્રિય દેખાતા નથી. સર્વોચ્ચ અદાલત ક્યારેક તેની ફરજ બજાવવાનું ચૂકી જાય છે. રાજ્યપાલો પોતાની જ સરકાર સામે રાજકીય ઈશારાઓ પ્રમાણે બાખડે છે. વિધાનસભાના કે લોકસભા - રાજ્યસભાના સ્પીકર નિષ્પક્ષ વર્તતા નથી, આજે નૈતિક કટોકટીની કોઈ વાત કરતું નથી. આમ વર્તમાન લોકશાહીના પ્રશ્નો તેઓ ઉજાગર કરે છે.

❍ પંક્તિબેન જોગ માહિતી અધિકાર કાયદાનાં ૨૦ વર્ષો પર નજર નાંખે છે. આરટીઆઈ દ્વારા મળેલા લાભોની વાત કરે છે. આરટીઆઈના અમલમાં આવતા અવરોધોની વાત કરે છે. હાલમાં ગુજરાતમાં ૧૨૪૯ કેસો પડતર પડ્યા છે.

આરટીઆઈના કાયદામાં પણ મોટા ફેરફારો થતા રહ્યા છે. ડેટા પ્રોટેક્શનના બહાના હેઠળ અગત્યની માહિતી નાગરિકોની પહોંચથી દૂર જતી રહી છે.

❍ શ્રી કિશોરભાઈ દેસાઈએ તેમના લેખ 'ગરીબી અને બેકારી નિવારણ માટે ખાદી અને ગ્રામોદ્યોગો'માં બેકારી અને ગરીબી દૂર કરવા ગ્રમોદ્યોગ તરફ વળવાની વાત કરી છે. તેમાં ખેતીકામ, પશુપાલન, ખાદી, વણાટકામ, પૂણીકામ, કાંતણકામ, સિવણકામ, ભરત-ગૂંથણકામ, જરીકામ, રંગકામ, છપાઈકામ, હાથ-કાગળ ઉદ્યોગ, માટીકામ, ઈંટકામ, ચર્મઉદ્યોગ, મોચીકામ, વાંસકામ, સુથારીકામ, લુહારીકામ, કુંભારીકામ, પાપડઉદ્યોગ, ઘાણી ઉદ્યોગ, મધ-માખી ઉછેર ઉદ્યોગ જેવા અનેક નાના ઉદ્યોગોનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગો દ્વારા ઉત્પન્ન થયેલા માલને વેચાણ માટે તાલુકા, જિલ્લા કક્ષાએ કેન્દ્ર સ્થાપવાં જોઈએ. આ બધાનું સંચાલન સહકારી મંડળીઓ દ્વારા થવું જોઈએ. ગુજરાતમાં બોટાદ જિલ્લામાં આવેલી રાણપુરની સંસ્થા સારું કામ કરે છે. વિવિધ લેખો પર નજર નાંખતાં સ્મરણિકા સારું એવું વિચારનું ભાથું પૂરું પાડે છે.






■ **સંમેલન**

સી.એફ.ડી. ગુજરાત સંસ્થાના આયોજક દ્વારા ૧૨ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ અમદાવાદમાં ભવન્સ કૉલેજ ખાનપુરમાં ભરાયેલા સંમેલન અંગે પ્રેસનોંધ પ્રસિદ્ધ કરી હતી જેમાં પ્રશાંત ભૂષણ ભાષાસિંહ, રામપુનિયાનીએ રજૂ કરેલાં વક્તવ્યો ટૂંકમાં રજૂ કર્યાં હતાં.

■ **પ્રશાંત ભૂષણ**

તેઓ જનહિતેચ્છુ વકીલ છે. મહત્ત્વપૂર્ણ કાનૂની કેસો લડ્યા છે. ભ્રષ્ટાચાર, પર્યાવરણ સુરક્ષા, માનવ અધિકારના ઉલ્લંઘન અને શાસનમાં પારદર્શિતા જેવા મુદ્દાઓ પર કેસ લડ્યા છે. તેમના અમદાવાદના પ્રવચનમાં દેશમાં અઘોષિત ઇમરજન્સી અંગે વાત કરી હતી. દેશમાં આજે ન્યાયપાલિકા, મીડિયા અને ચૂંટણીપંચ જેવી દરેક સંસ્થાની સ્વતંત્રતાને વ્યવસ્થિત રીતે નષ્ટ કરવામાં આવી છે. ઇન્દિરા ગાંધીના શાસનમાં હતો તેવો અંધકારમય સમયગાળો આજે છે.



૧૯૭૫માં પ્રેસને સેન્સર કરવામાં આવ્યું હતું. આજે પ્રેસને ખરીદી લેવામાં આવ્યું છે. ૧૯૭૫માં રાજકીય વિરોધીઓને જેલમાં પૂરવામાં આવ્યા હતા. આજે કાર્યકરો, પત્રકારો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોને ક્રૂર કાયદાઓ હેઠળ જેલમાં નાખવામાં આવે છે, જ્યારે અદાલતો આંખ આડા કાન કરે છે. મોબ લિંચિંગ સામાન્ય બની ગયું છે. બુલડોઝરોએ ન્યાયનું સ્થાન લીધું છે. વડાપ્રધાન અંધશ્રદ્ધાનો વિજ્ઞાન તરીકે મહિમા કરે છે. (થાળી વગાડો.....)

સરકાર રીતથી ફાસીવાદી, ઇરાદાથી સાંપ્રદાયિક અને કોર્પોરેટ સાથે જોડાયેલી છે. આના કારણે ગણતંત્રના પાયા ખોખલા થઈ રહ્યા છે. ભારત માત્ર એક નેતાની તાનાશાહીનો ભોગ બન્યો નથી. પરંતુ વર્તમાન સરકારે કોર્ટરૂમથી લઈને ન્યૂઝરૂમ પર કબજો જમાવ્યો છે.

■ **ભાષાસિંહ**



તેઓ એક સામાજિક કાર્યકર્તા છે, સંશોધક છે, લેખિકા છે. જાતિ આધારિત અન્યાય સામે અવાજ ઉઠાવે છે. સમગ્ર ભારતમાં સફાઈ કર્મચારીઓ અને મેન્યુઅલ સ્કેવેન્જરોની કથાઓનું દસ્તાવેજીકરણ કર્યું છે.

અમદાવાદના પ્રવચનમાં તેમણે કહ્યું કે આજે ભારતનો આત્મા ઘેરાયેલો છે. સરકારનાં ખોટાં કામોનો વિરોધ દેશદ્રોહ મનાય છે. સત્ય અને સ્વતંત્રતાનો બચાવ કરવો એ આપણી બંધારણીય ફરજ છે. સોનમ વાંગચુકની ધરપકડની ઘટનાને લઈને જણાવ્યું કે આજે શાંતિપૂર્ણ પ્રતિકારને ગુનો ગણવામાં આવે છે. મીડિયા સત્તામાં રહેલા લોકો માટે નેરેટિવ બનાવવાનો ઉદ્યોગ બની ગયું છે. સત્યને મોટાપાયે અસત્યના પ્રચાર દ્વારા દબાવી દેવામાં આવે છે.

■ **રામ પુનિયાની**



તેઓ વિદ્વાન લેખક છે. દેશમાં સાંપ્રદાયિક સૌહાર્દ જળવાઈ રહે તે માટે લેખો લખે છે. પ્રવચનો

(જુઓ પાન ૧૫...)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org


# ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય-૩

**સ**ર્વોદય સમાજમાં - મંડળમાં નેતા કે લીડર બનવાના સ્થાને ગણસેવકત્વ - સમૂહની સેવા કરવાનો ભાવ વધુ રહેલો હોય છે. આમ છતાં કેટલાકનું વ્યક્તિત્વ જ એવું હોય છે જે બીજા માટે પ્રેરણા પૂરી પાડનારું હોય છે. કોઈ સંસ્થા કે સમૂહના માળખાને આગળ ધપાવવા માટે વ્યવહારે કોઈનું નામ પ્રમુખ તરીકે રાખવામાં આવે છે.

ગુજરાત સર્વોદય મંડળે એક બિરાદરી તરીકે વર્ષ ૧૯૫૨થી કામ શરૂ કરી દીધું હતું. ગુજરાતમાં ચાલતા ભૂદાન આંદોલનના કામના સંયોજન માટે કાર્યકરો દર મહિનાની સાતમી તારીખે 'સપ્તમી સભા' રૂપે મોટા ભાગે ગાંધી આશ્રમ, અમદાવાદમાં મળતા રહેતા. છેક ૧૯૫૯માં સંસ્થા રૂપે 'ગુજરાત સર્વોદય મંડળ' અસ્તિત્વમાં આવ્યું તે વાત આપણે આ લેખમાળાના પહેલા લેખમાં નોંધી હતી.

તા. ૭-૯-૧૯૫૯માં મંડળના પ્રથમ પ્રમુખ તરીકે ડૉ. દ્વારકાદાસ જોષીને પસંદ કરવામાં આવ્યા.

■ **ડૉ. દ્વારકાદાસ જોષી**



તા. ૨૦-૧-૧૯૧૭ના રોજ જન્મેલા જોષી સાહેબ પ્રમુખ બન્યા ત્યારે ૪૨ વર્ષના હતા. 'આપણા મોટાભાઈ' સ્મૃતિગ્રંથમાં તેમના વિષે કાન્તિભાઈ શાહ લખે છે -

'ગુજરાતમાં વિનોબાના ભૂદાન આંદોલનનો આરંભ કર્યો નારાયણ દેસાઈએ. તેને વિકસિત ને પરિપુષ્ટ કરવાનું કામ રવિશંકર મહારાજ, જુગતરામ દવે અને બબલભાઈ જેવા તપસ્વી સાધકોએ તેમજ અનેક નામી-અનામી નવદીક્ષિત લોકસેવકોએ કર્યું. તેમ છતાં વિનોબાકાળની આ આખીય સર્વોદય બિરાદરીના નિર્વિવાદ પ્રતિનિધિરૂપે જો કોઈ એક જ નામ લેવું હોય તો તે ડૉક્ટર જોષીનું જ લેવું પડે. ગુજરાતમાં વિનોબાના આંદોલનનું ધ્રુપવદ કોઈએ અખંડપણે અવિરત ઘૂંટ્યા કર્યું હોય તો તે ડૉક્ટરે જ.

ડૉક્ટર જોષી વિષે નારાયણભાઈ દેસાઈ કહે છે - સર્વોદય મંડળને અરધી સદીથી વધુ લાંબા ગાળા સુધી દાક્તરની શીલયુક્ત શીળી છાયા મળી છે. વીસમી સદીના મધ્યમાં લાંબા ચિંતન-મનનને અંતે દાક્તરે આંખના દાક્તર તરીકેનો ધીખતો ધંધો છોડી મુંબઈથી ગામડે જઈ ત્યાંના લોકોની સેવામાં ખૂંપી જવાનું નક્કી કર્યું. લગભગ એ જ ગાળો એવો હતો જ્યારે વિનોબાજીએ, સ્વરાજ પછી સમાજસેવા સારુ પોતાના આશ્રમમાંથી બહાર નીકળી જાહેર કામમાં ઝંપલાવવાનું નક્કી કર્યું.

ડૉક્ટર સાહેબ - 'મોટાભાઈ' અંગે જગદીશ શાહ લખે છે - મોટાભાઈ જીવનસાધક છે, પણ નિષ્ક્રિય નથી. તેઓ કર્મશીલ છે, પણ કર્મઠ નથી. તેઓ જ્ઞાની છે, પણ લુખ્ખા બુદ્ધિજીવી નથી. તેમને કોઈ વહાલા કે કોઈ વેરી નથી. જેને જે કાંઈ કહેવા જેવું લાગે તે પૂરા પ્રેમથી પાસે બેસાડીને ટૂંકાણમાં અને સ્પષ્ટતાપૂર્વક મક્કમ અવાજે કહે. કોઈને પણ ડગલે પગલે ટોકવાનું, સલાહ-સૂચન કરવાનું તેઓ ન કરે. વ્યક્તિનું તટસ્થતાપૂર્વક વિશ્લેષણ કરે પણ રાગદ્વેષ ન થવા દે. સમતા ન ગુમાવે.

આવા જોષી સાહેબ ૭-૯-૫૯થી ૫-૧૧-૬૩ સુધી ગુજરાત સર્વોદય મંડળના પ્રમુખપદે રહ્યા. તેમણે ૪ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ દેહ છોડ્યો. હવે મંડળના બીજા પ્રમુખ અંગે જાણીએ.

■ **હરવિલાસબેન શાહ**

હરવિલાસબેનનો જન્મ ૧૯-૬-૧૯૩૧ને રોજ સુરત પાસેના રાંદેર ગામે જૈન પરિવારમાં થયો હતો. ધોરણ ૭ સુધી રાંદેરમાં ભણ્યાં. ત્યારબાદ મુંબઈમાં મેટ્રિક સુધી ભણી પી.ટી.સી. પાસ કરીને હાઇસ્કૂલમાં શિક્ષિકા બન્યાં. નોકરી સાથે બી.એ.ની ડિગ્રી હાંસલ કરી.

મુંબઈમાં ભૂદાનના કાર્યકરોના સંપર્કમાં આવ્યાં. ભૂદાનની મીટિંગોમાં કાન્તાબહેન સાથે જવા લાગ્યાં. દાદા ધર્માધિકારી, વિમલા ઠકાર, નારાયણ દેસાઈ વગેરેનાં પ્રવચનો સાંભળતાં હતાં. પછી તો ભૂમિપુત્રના ગ્રાહકો નોંધતાં ને સર્વોદયનું સાહિત્ય વેચતાં થયાં. નારાયણ દેસાઈની નગરયાત્રામાં જવા લાગ્યાં. સર્વોદય સંમેલનોમાં જતાં થયાં. વર્ષ ૧૯૫૭માં નોકરી છોડી, ઘર છોડી, મુંબઈ છોડી ભૂદાન આંદોલનમાં ઝંપલાવ્યું. જૂન-૧૧, ૧૯૫૭ના રોજ પાદરા પહોંચી નગરયાત્રામાં જોડાયાં. હાથલારીમાં સર્વોદય સાહિત્ય લઈને બજારમાં ફરતાં. દુકાને દુકાને ફરે, લોજમાં અને વાળંદની હેર કટિંગ સલૂનમાં પણ જાય. ૧૯૬૦માં વિનોબાજીની પદયાત્રામાં સામેલ થયાં. વિનોબાજી તેમના સાહિત્યવેચાણથી ખૂબ ખુશ થયા.

નગરયાત્રા પછી ખેડા જિલ્લાના વાડાસિનોરને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. આખા જિલ્લામાં ખૂબ ફર્યાં.

વિનોબાજીની ગુજરાતમાં ૨૨ સપ્ટેમ્બર ૧૯૫૮થી ૧૪ જાન્યુઆરી ૧૯૫૯ સુધી ૧૧૫ દિવસ પદયાત્રા ચાલી તેમાં બંને બહેનો, કાન્તાબહેન અને હરવિલાસબહેન સાથે રહ્યાં. આ ગાળામાં ભૂમિપુત્રના ૧૧૦૦૦ ગ્રાહકો કર્યા.

વાડાસિનોર વિસ્તારમાં ૩ થી ૪ વર્ષનો સેવાયજ્ઞ પતાવીને ૧૯૬૦માં વિનોબાજીની ચંબલ પ્રદેશની યાત્રામાં જોડાયાં. ૧૯૬૦ના અંતમાં દોઢ



**કાન્તાબેન અને હરવિલાસબેન શાહ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મહિનો આસામમાં જઈ, બંગાળીઓ અને આસામીઓ વચ્ચે ભારે તંગદિલી ફેલાયેલી હતી તેમાં, આશાદેવી આર્યનાયકમના નેતૃત્વ હેઠળ શાંતિ સ્થાપવાનું કામ કર્યું.

૧૯૬૦થી ૧૯૭૪ સુધી ૧૪ વર્ષ હરવિલાસબહેન અને કાન્તાબહેનનું વડોદરામાં રહેવાનું થયું. વિનોબાજીએ ગુજરાતના કાર્યકરોને વડોદરા નગરમાં ભેળા થઈને સઘન કામ કરવાની સલાહ આપી હતી. બંને બહેનોએ વડોદરામાં આઠ-દસ વરસ સુધી દર વરસે એકધારા પાંચ-છ હજાર ગ્રાહક નોંધ્યા હશે. ૧૯૬૯માં ભૂમિપુત્રના ૨૮૦૦૦ ગ્રાહકો હતા. હરવિલાસબહેન ૧૯૬૪ થી ૧૯૬૭ સુધી ગુજરાત સર્વોદય મંડળના અધ્યક્ષપદે રહ્યાં.

ઑક્ટોબર ૧૯૭૪માં તેમણે વડોદરા છોડી નવનીતભાઈ, કાન્તિભાઈ અને કાન્તાબહેને સાથે મળીને ધરમપુરના ઊંડાણના આદિવાસી વિસ્તારમાં પિંડવળને કાર્યક્ષેત્ર બનાવ્યું. શરૂઆતમાં થોડોક સમય અતુલ (વલસાડ)માં રહ્યા પરંતુ ૧૯૭૬-૭૭માં કટોકટી વખતે અતુલ છોડવું પડ્યું. એટલે પિંડવળ જ રહેવા ગયાં અને સર્વોદય પરિવાર ટ્રસ્ટ - પિંડવળના નેજા હેઠળ છેવટ સુધી સર્વોદયના કામમાં લાગેલાં રહ્યાં. તા. ૨-૪-૨૦૧૦ના રોજ ૭૯ વર્ષની વયે તેમણે વિદાય લીધી.

■ **પ્રમુખ કાન્તાબહેન શાહ**

તા. ૨૩-૮-૬૭થી ૯-૪-૬૯ સુધી, કાન્તાબહેન મંડળના પ્રમુખ બન્યાં ત્યાં સુધી ડૉ. દ્વારકાદાસ જોષી મંડળના પ્રમુખપદે રહ્યા. કાન્તાબહેન અને હરવિલાસબહેનનું જીવન ૧૯૫૭ પછી સાથે સાથે ચાલ્યું છે. આપણે કાન્તાબહેનના ૧૯૫૭ પહેલાંના જીવન પર નજર નાંખીશું.

કાન્તાબહેનનું જીવન એટલે સતત સંઘર્ષ, અવિરત પુરુષાર્થ - પરાક્રમ અને અનન્ય સાધનાની કથા. તેમનો જન્મ તા. ૮-૧૦-૧૯૩૦ના રોજ ઘાટકોપર - મુંબઈમાં થયો હતો. તેમના પિતા વિદેશી કાપડની દલાલી કરતા હતા. ૧૯૩૦ના દાયકામાં ગાંધીજીએ સ્વદેશી આંદોલન ઉપાડેલું. વિદેશી કાપડની હોળી થતી હતી. આના કારણે કાન્તાબહેનના પિતાશ્રીનો ધંધો બેસી ગયો. કાન્તાબહેનના જન્મ પછી કુટુંબ ભીષણ ગરીબીમાં આવી ગયું.

કાન્તાબહેનને ૧૩-૧૪ વરસની કાચી વયે પરણાવી દેવામાં આવ્યાં હતાં. પરંતુ એકાદ વરસમાં જ પતિનું અકસ્માતમાં મૃત્યુ થયું અને પિતાના ઘરે પાછાં આવ્યાં. પરંતુ વિધવા તરીકેનાં મ્હેણાં ટોણાં ખૂબ સાંભળવાં પડતાં હતાં. જાતજાતના પ્રતિબંધો લાગ્યા. એટલે પગભર થવાનું વિચાર્યું. એક વર્ષનો કોર્સ કરીને કર્વે મેટ્રિકની પરીક્ષા પાસ કરી. હેન્ડી ક્રાફ્ટમાં લેધરવર્ક, વાયર વર્ક, પેપર વર્ક, કલે વર્ક વગેરે શીખીને હેન્ડી ક્રાફ્ટનો ડિપ્લોમા મેળવ્યો.

આર્થિક કમાણી કરવા એકસાથે ૪ ટ્યૂશન કરવા માંડ્યાં. ઘરમાં રહીને જાતજાતનાં બંધનો સહન કરવાં પડતાં હતાં એટલે ભગિની સમાજની હોસ્ટેલમાં રહેવા લાગ્યાં અને ૨૦ વર્ષની વયે નવું જીવન શરૂ થયું. બી.એ.-બી.ટી.ની ડિગ્રી મેળવીને અધ્યાપનના કામમાં લાગ્યાં.

૨૭ વર્ષની ઉંમરે ૧૯૫૭માં વિનોબાજીનો ભેટો થયો અને ભૂદાન આંદોલનમાં ઝંપલાવ્યું. પણ જ્યારે જરૂર પડી ત્યારે પરિવારની સેવા કરતાં રહ્યાં. પિતાજીનું મૃત્યુ ૧૯૬૬માં થયું ત્યારબાદ તેમનાં બા કાન્તાબહેનની સાથે જ રહ્યાં. બા ૧૯૯૦ ફેબ્રુઆરીમાં પિંડવળમાં મૃત્યુ પામ્યાં.

કાન્તાબહેન કહેતાં, મારું શરીર રોગોનું મ્યુઝિયમ બની ગયું છે. ૧૯૯૩માં ગોલ બ્લેડરમાં પથરીની સમસ્યાને કારણે ગોલબ્લેડર દૂર કર્યું. હૃદયરોગ છેવટ સુધી રહ્યો. ૧૯૯૫માં બાયપાસ સર્જરી કરાવી. હૃદય ૧૫ થી ૨૦ ટકા જ કામ કરતું હતું. ગર્ભાશયનું કેન્સર થયું.

કાન્તાબહેન અને હરવિલાસબહેનના સમગ્ર જીવનને સમજવા કાન્તિભાઈ શાહે ૧૯૯૩માં લખેલ પુસ્તક 'એકત્વની આરાધના' વાંચવું રહ્યું. ૧૯૬૮માં પિંડવળમાં નવનીતભાઈની આરોગ્યસેવાથી શરૂ કરેલ કામ કાન્તાબહેન, હરવિલાસબહેન અને કાન્તિભાઈની ત્રિપુટીએ આગળ ધપાવ્યું. એમના થકી ધરમપુરના ડુંગરોમાં ત્રણ દાયકા જેટલું કામ ચાલ્યું. સવાસો જેટલાં ગામોની ૭૦ થી ૮૦ હજારની વસ્તીનો સંપર્ક રહ્યો. તેમના વિકાસ માટેના કાર્યક્રમો ચલાવ્યા. અન્ન, વસ્ત્ર, આવાસ, શિક્ષણ, આરોગ્યની સેવાઓ પૂરી પાડી. 'સર્વોદય પરિવાર ટ્રસ્ટ-પિંડવળ'નું આ કામ નવી રાહબરી હેઠળ આજે પણ અવિરત ચાલુ છે.

કાન્તાબહેન ૨૩-૫-૨૦૦૦માં દેહમુક્ત થયાં. હરવિલાસબહેન વર્ષ ૨૦૧૦માં ગયાં. કાન્તાબહેનની વિદાય વખતે હરવિલાસબહેને લખ્યું - આજે મૃત્યુએ ૫૦ વરસના અમારા સહજીવનને એક જ ક્ષણમાં દૈહિક સંબંધથી મુક્ત કરી દીધું. નારાયણ દેસાઈએ કાન્તાબહેનને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું - સર્વોદયના ક્ષેત્રમાં અમારા જેવાની પછી આવી હતી. પણ અમારા જેવાને રાહ દેખાડતી ગઈ. આગળના લેખમાં મંડળના અન્ય પ્રમુખો વિશે જાણીશું.

**– રજની દવે**

---

**સિટિઝન્સ ફોર ડેમોક્રેસી...** (પાન ૧૩નું ચાલુ)

આપે છે. બાયોમેડિકલ એન્જિનિયરીંગના પ્રોફેસર તરીકેની પોતાની શૈક્ષણિક કારકિર્દી છોડીને સાંપ્રદાયિક રાજનીતિનો સામનો કરવા પોતાનું જીવન સમર્પિત કર્યું છે. તેમણે સાંપ્રદાયિક હિંસા, ધાર્મિક નિરપેક્ષતા અને માનવાધિકારો પર એક ડઝનથી વધુ પુસ્તકો અને સેંકડો લેખો લખ્યા છે.

અમદાવાદના તેમના પ્રવચનમાં તેમણે જણાવ્યું કે આર.એસ.-એસ.ની વિચારધારા આંબેડકરના બંધારણની વિરુદ્ધ છે. સાંપ્રદાયિક રાજકારણના કારણે ભારતની લોકશાહીનાં મૂલ્યો નબળાં પડ્યાં છે. હિંદુ રાષ્ટ્રનો વિચાર આપણી લોકશાહીના હૃદયમાં તાકેલા ખંજર બરાબર છે. ધર્મ ક્યારેય ભારતીય રાજ્યની ઓળખ નક્કી કરવા માટે નહોતો. માત્ર સમાનતા, બંધુત્વ અને સ્વતંત્રતા જ તેનો આધાર બની શકે છે.

વાત હિંદુઓ વિરુદ્ધ મુસ્લિમો નથી પણ સત્તાવાદ વિરુદ્ધ લોકશાહીની છે. આર.એસ.એસ. વિરુદ્ધ આંબેડકરનું બંધારણ છે.

સંમેલનમાં આશરે ૨૦૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો. સંમેલનનો કુલ ખર્ચ બે લાખ, અડતાળીસ હજાર, આઠસો ને ઓગણીસ રૂપિયા થયો છે. શ્રી કિશોરભાઈ દેસાઈનો સંપર્ક કરી આપ સહયોગ આપી શકો છો.

સંપર્ક નં.: ૮૭૭૯૧૨૪૬૫૦ **– રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અશ્વિન કારીઆની નજરે....

## ■ સોનમ વાંગચૂક રાષ્ટ્રદ્રોહી ?

આજથી ૫ વર્ષ પૂર્વે લડાખને કેન્દ્રિય પ્રદેશ તરીકે કેન્દ્ર સરકાર તરફથી જાહેર કરવામાં આવેલ ત્યારે લડાખના લોકોએ ઉત્સવ મનાવેલ અને સોનમ વાંગચૂકે જાહેરાતનું સ્વાગત કરેલ. લડાખના લોકોને તે સમયે કેન્દ્ર સરકાર તરફથી ટૂંક સમયમાં રાજ્યનો દરજ્જો મળવાનું વચન અપાયેલ હતું. લડાખના લોકો છેલ્લાં ૫ વર્ષથી પોતાની માગણીઓ માટે શાંત આંદોલન ચલાવી રહ્યા છે. આ માગણીઓમાં પૂર્ણ રાજ્યનો દરજ્જો, છઠ્ઠા પરિશિષ્ટમાં લડાખનો સમાવેશ, લોકસભામાં એકને બદલે બે બેઠકો તેમજ પર્યાવરણ રક્ષણ, મુખ્ય બાબતો છે. સોનમ વાંગચૂક છેલ્લા કેટલાક દિવસોથી ઉપવાસ પર બેઠા હતા. તેમની સાથે ઉપવાસ પર બેઠેલા કેટલાક લોકોનું સ્વાસ્થ્ય બગડતાં યુવાનો વિફર્યા. હિંસા થઈ અને ૪ નિવાસીઓ મૃત્યુ પામ્યા.

**રાષ્ટ્રિય સુરક્ષા ધારો શું છે ?** સોનમ વાંગચૂકની ધરપકડ રાષ્ટ્રિય સુરક્ષા ધારા હેઠળ થયેલ હોવાથી ફરીથી આ કાયદાની યથાર્થતા વિશે સવાલો ઊઠ્યા છે. આ કાયદો ભૂતકાળમાં અલગતાવાદીઓ અને માફિયાઓ સામે ઉગામાયો છે. સરકાર આ કાયદા હેઠળ જાહેર વ્યવસ્થા અથવા રાષ્ટ્રિય સુરક્ષાને જોખમી કે ધમકીરૂપ જણાતી વ્યક્તિઓની ધરપકડ કરવાની સત્તા ધરાવે છે. રાષ્ટ્રિય સુરક્ષા ધારો, ૧૯૮૦ હેઠળ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને ભારતના સંરક્ષણ, વિદેશો સાથેના સંબંધો, દેશની સલામતી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમ જ જાહેર પુરવઠો જાળવી રાખવાના કાર્યમાં અંતરાય બનતા લોકો સામે આ શસ્ત્ર ઉગામવાની સત્તા છે. જો ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ કે પોલીસ કમિશ્નરને અધિકૃત કરવામાં આવે તો તેમને પણ ધરપકડની સત્તા છે. આવા કોઈ કારણસર કોઈ વ્યક્તિ રાષ્ટ્રને નુકસાન કરે તે અગાઉ જ તેની ધરપકડ કરવાની આ કાયદા હેઠળ સરકારને સત્તા પ્રાપ્ત થાય છે.

આ કાયદો શિક્ષાત્મક નહીં, પરંતુ નિવારક (Preventive) છે. આઝાદી બાદ નિવારક અટકાયત ધારો, ૧૯૫૦ અને ત્યારબાદ 'મીસા' (Maintenance of Internal Security Act) તરીકે કુખ્યાત અને બહુ ગાજેલો કાયદો ૧૯૭૧માં પસાર કરાયો હતો. મીસા કાયદો ૧૯૭૮માં રદ કરાયો અને તેનાં બે વર્ષ બાદ રાષ્ટ્રિય સુરક્ષા ધારો, ૧૯૮૦ પસાર કરાયો છે.

આ કાયદા હેઠળ જારી કરાયેલ વોરંટ હેઠળ ધરપકડ થાય છે. ધરપકડનાં કારણો ૫ દિવસમાં (વધુમાં વધુ ૧૫ દિવસ) જણાવવાનું ફરજિયાત છે. અટકાયતીને તેની સામે સરકારને રજૂઆત કરવાનો અધિકાર છે. ત્રણ અઠવાડિયાંના હાઈકોર્ટના ન્યાયાધીશોના બનેલ સલાહકાર મંડળે કેસની સમીક્ષા કરવી જોઈએ અને જો તેના અભિપ્રાય પ્રમાણે ધરપકડ માટે પૂરતું કારણ ન હોય તો અટકાયતીને તરત છોડી મૂકવો જોઈએ. અટકાયતીને વધુમાં વધુ ૧૨ માસ સુધી રાખી શકાય. જોકે તે અગાઉ પણ અટકાયતીને મુક્ત કરી શકાય. આ કાયદાની મર્યાદા એ છે કે અટકાયતીને વકીલ રોકવાનો અધિકાર નથી. વળી સરકારને જાહેર હિતમાં ધરપકડનાં કારણો પ્રસારિત ન કરવાની સત્તા છે.

જોકે સોનમને બંધારણ અનુચ્છેદ ૨૨૬/૩૨ હેઠળ પોતાની અટકાયતની વૈધતા પડકારવાનો અધિકાર છે. પરંતુ સવાલ એ છે કે સોનમને આ કાયદો લાગુ પાડવાનું વાજબી છે ખરું ? આ કાયદો લાગુ પાડવા સામે દેશભરમાંથી વિરોધ ઊઠ્યો છે. કારણ કે સોનમે દેશહિતમાં જ કામ કરેલ છે. તે શિક્ષણવિદ્, સંશોધક, પર્યાવરણપ્રેમી તરીકે ખ્યાતિ ધરાવે છે. લડાખમાં પાણીનો પ્રશ્ન તેમણે હલ કર્યો છે. ભારત-પાકિસ્તાન યુદ્ધ વખતે લશ્કરને તેમણે સહાય કરી હતી. પર્યાવરણ બચાવવા તેમણે થોડો સમય અગાઉ જ લડાખથી દિલ્હી સુધી પદયાત્રા પોતાના સાથીઓ સાથે કરી હતી. દિલ્હીમાં પ્રવેશતા તેમને પોલીસે રોકેલ હતા. સોનમને પ્રતિષ્ઠિત મેગ્સેસે એવોર્ડ ઉપરાંત અનેક એવોર્ડો પ્રાપ્ત થયા છે. આવો માણસ દેશદ્રોહી હોઈ શકે ખરો ?

લડાખના લોકોની માગણીઓમાં દેખીતી રીતે કાંઈ અજુગતું જણાતું નથી. છતાં લડાખના લોકો ભારતના નાગરિકો છે. આ માગણીઓ સંબંધમાં કેટલાક દિવસોથી ઉપવાસ આંદોલન ચાલુ હતું તો ભારત સરકારે અહમ્ છોડી તેમની સાથે વાર્તાલાપ યોજીને સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ. તેમાં વિલંબ થવાથી ગૂંચ વધે છે. અલબત્ત, હિંસાનું ક્યારેય સમર્થન કરી શકાય નહીં. સંવાદથી ઉકેલ, એ શાંતિપૂર્ણ માર્ગ છે અને તે રસ્તો અપનાવવો જોઈએ.

## ■ ભાગદોડ દુર્ઘટનાઓમાં જીવ ગુમાવતા કમભાગી દેશવાસીઓ

તામિલનાડુ કરુરમાં અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયની રેલીમાં અંદાજ કરતાં વધારે થયેલ ભીડમાં ભાગદોડના કારણે કચડાઈ-ગૂંગળાઈને ૪૦ નિર્દોષ લોકોનાં મૉત થયાં. દરેક વખતની જેમ, દોષનો ટોપલો આક્ષેપબાજીથી એકબીજા પર ઢોળાઈ રહ્યો છે. તપાસપંચની નિમણૂક થઈ છે. તેનો અહેવાલ સરકારને સોંપાશે અને બીજી આવી દુર્ઘટના બને ત્યાં સુધી આ બધું વિસરાઈ જશે.

### આવા બનાવો ક્યાં ક્યાં બને છે ?

દેશમાં આવી દુર્ઘટનાઓ રેલવે સ્ટેશન, ધાર્મિક સ્થાનો, રમત-ગમત કેન્દ્રો તેમજ મહાકુંભ જેવા મેળાવડાઓમાં બને છે. ગત જૂન માસમાં ભારતે ક્રિકેટમાં મેળવેલ જીતનો વિજયોત્સવ મનાવવા બેંગ્લોરમાં સ્ટેડિયમ બહાર ભેગી થયેલ મેદનીમાં ભાગદોડના પરિણામે ઓછામાં ઓછા ૧ ડઝન લોકો માર્યા ગયા. ગત જાન્યુ.૨૯ના રોજ મહાકુંભ મેળામાં સંગમ સ્થાને સ્નાન માટે ઊમટેલા શ્રદ્ધાળુઓમાં ભીડના કારણે અરાજકતા ફેલાતાં ૩૦ શ્રદ્ધાળુઓએ જાન ગુમાવેલ. ગત ૧૮ ફેબ્રુ.ના રોજ કુંભમેળામાં જવા માટે દિલ્હી રેલવે સ્ટેશને ટ્રેન પકડવાની ભાગદોડમાં ૧૮ શ્રદ્ધાળુઓ માર્યા ગયા હતા. ગત મે માસમાં ગોવાના એક ગામે મંદિરે યોજાયેલ ધાર્મિક યાત્રામાં ધક્કામુક્કી થતાં અનેક દર્શનાર્થીઓએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. ૨ વર્ષ અગાઉ સુરત રેલવે સ્ટેશને ટ્રેનની ભયંકર ગિર્દીમાં ડબ્બામાં પ્રવેશ કરવાની કોશિશ કરી રહેલ એક ઉતારુ ભીડમાં કચડાઈ જતાં ગૂંગળામણથી તેનું મૉત થયું હતું. ડાકોર, પાવાગઢ,



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વૈષ્ણોદેવી વગેરે મંદિરોમાં ભૂતકાળમાં આવા અકસ્માતો નાંધાયેલા છે.

### દુર્ઘટનાનાં કારણો કયાં હોઈ શકે ?

સામાન્ય રીતે એવું બને છે કે વિજયોત્સવ રેલી, ધાર્મિક મેળાવડાઓ, રમતનાં મેદાનો પર ધાર્યા કરતાં ત્રણ ગણી સંખ્યામાં લોકો એકત્ર થાય છે. કરુરમાં ૧૦,૦૦૦ લોકોની પરવાનગી હતી. પરંતુ ૩૦ હજાર લોકો એકઠા થયા હતા. ભીડ કંટ્રોલ કરવા માટે આપણે આગોતરું આયોજન કરવામાં નિષ્ફળ નીવડ્યા છીએ. ભીડ વિજ્ઞાન કે પ્રબંધન માટે કોઈ મિકેનીઝમ આપણે વિકસાવેલ નથી. દુર્ઘટના બન્યા બાદ તત્કાળ રાહત પહોંચાડવામાં આપણે સફળ થયા નથી. બેકાબૂ ટોળામાંથી બાહર નીકળવા માટે ધક્કામુક્કીમાં કેટલાક લોકો નીચે પડી જાય છે. તેમને ઉગારવા સ્થળ પર રાહત ટુકડી હોતી નથી. સૌ પોતાનો જીવ બચાવવા કચડાયેલા પર પગ મૂકી સ્થળ પરથી નાસી છૂટવા પ્રયત્ન કરતા હોય છે. ત્રીજું કારણ એ છે કે રેલી કે ધર્મયાત્રાના મુખ્ય વક્તા, સંત કે મહારાજ નિર્ધારિત સમય કરતાં વિલંબથી સ્થળ પર હાજર રહેતા હોય છે. તેના કારણે પોતાના નેતાની ઝલક લેવા લોકો અધીરા બની જતા હોય છે. ક્યારેક કોઈ અફવા ફેલાવાને કારણે અથવા કોઈ બનાવ બનવાને કારણે અરાજકતા ફેલાય છે અને કરુણાંતિકા સર્જાય છે. દા.ત. બેંગ્લોર સ્ટેડિયમ બહાર બનેલી દુર્ઘટનાનું કારણ કોઈ અફવા હતી. કરુરમાં કેટલાક લોકો પોતાના નેતાની ઝાંખી લેવા ઝાડ પર બેઠા હતા. તે ઝાડ તૂટતાં લોકોમાં ગભરાટ ફેલાયો અને ભાગદોડ મચી ગઈ.

### મૃત્યુઆંક ચોંકાવનારો

નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના અહેવાલ પ્રમાણે વર્ષ ૨૦૦૦થી ૨૦૨૨ સુધીમાં ૩૦૭૪ લોકો આવી ભાગદોડમાં માર્યા ગયા છે. ત્રણ દાયકાના સમયગાળામાં આવી દુર્ઘટનાઓની સંખ્યા ૪૦૦૦ હતી. એવું નથી કે દુનિયાના બીજા દેશોમાં આવું બનતું નથી. જર્મનીમાં ૨૦૧૦માં અને દ.કોરિયામાં ૨૦૨૨માં તેમ જ ૬ વર્ષ અગાઉ હજયાત્રા વખતે ભાગદોડમાં સેંકડો માણસોએ જીવ ખોયા હતા. પરંતુ વિદેશમાં બનતી દુર્ઘટનાઓ કરતાં આપણે ત્યાં તેનું પ્રમાણ વધારે છે.

### તંત્ર અને લોકોનું વલણ

એવું નથી કે કોઈ દુર્ઘટના પછી તંત્ર તેમાંથી કોઈ બોધપાઠ લેતું નથી. તંત્ર કામગીરીમાં સુધારો કરવા પ્રયત્ન કરે છે જ. પરંતુ હંમેશાં એવું બને છે કે ધારણા કરતાં સંખ્યા બે-ત્રણ ગણી વધારે થાય છે. તેને કંટ્રોલ કરવા તંત્ર સજ્જ હોતું નથી. લોકોએ પણ સમજવું જોઈએ કે આટલી ભીડમાં કાંઈપણ અજુગતું બની શકે છે. લોકો આંધળી દોટ મૂકે છે. પોતાની કે અન્યની પરવા કરતા નથી. ત્રીજી બાબત એ છે કે નિયમોની કોઈ દરકાર કરતું નથી. દા.ત. એકમાર્ગી રસ્તા પર આવા પ્રસંગે બંને તરફે વાહનો દોડતાં હોય છે. તેને અટકાવવા ન તો તંત્ર તૈયાર હોય કે ન તો લોકો તત્પર હોય છે. ભીડ પણ એટલી હોય છે કે પોલીસ મોં વકાસી જોઈ રહે છે. કારણ કે ભીડના પ્રમાણમાં પોલીસની સંખ્યા ઓછી હોય છે. અને પરિણામ એ આવે છે કે લોકો આયોજનના અભાવે કીડી-મંકોડાની જેમ મરતા રહે છે.

### ■ ન્યાયતંત્ર તરફના પૂરા સન્માન સાથે

વર્ષ ૨૦૨૦માં ગલવાન પ્રદેશમાં ચીન સાથે થયેલ સશસ્ત્ર સંઘર્ષ બાબતે રાહુલ ગાંધીએ લશ્કરની બદનક્ષી કરેલ હોવાના આરોપસર રાહુલ ગાંધી સામે બદનક્ષીનો કેસ થયો હતો. સર્વોચ્ચ અદાલતે રાહુલને કેસમાં 'સ્ટે' આપતી વખતે ઠપકો આપી સાચા ભારતીય બનવા સલાહ આપી હતી. સર્વોચ્ચ અદાલતે કહ્યું ''જો તમે સાચા ભારતીય હોત તો આ કહ્યું ન હોત !'' સાથે સર્વોચ્ચ અદાલતે રાહુલને સોશિયલ મીડિયામાં રજૂઆત કરવાને બદલે સંસદમાં રજૂઆત કરવાની પણ સલાહ આપી હતી.

સર્વોચ્ચ અદાલતમાં તા. ૪-૮ના રોજ રાહુલ ગાંધી સામેના કેસની સુનાવણીના થોડા દિવસો અગાઉ જ મુંબઈ વડી અદાલતમાં પણ આવો જ કિસ્સો બન્યો હતો. ગાઝાના લોકો સાથે સહાનુભૂતિ દર્શાવવા ડાબેરી પક્ષો તરફથી મુંબઈના આઝાદ મેદાન પાસે રેલીની પરવાનગીના ઇન્કાર સામે મુંબઈ વડી અદાલતમાં કેસ દાખલ કરાયો હતો. મુંબઈ વડી અદાલતે કહ્યું 'વિદેશી બાબતો તરફ નજર કરવાને બદલે દેશની બાબતો તરફ તમારે ધ્યાન આપવું જોઈએ.' ન્યાયતંત્ર તરફ પૂરા સન્માન સાથે કહેવું જોઈએ કે સર્વોચ્ચ અદાલતનો રાહુલ ગાંધીને ઠપકો અને મુંબઈ વડી અદાલતનું નિરીક્ષણ તેમની ફરજ સાથે બંધ બેસતા નથી.

કારણ કે ખરેખર ભારતીયપણાની કે દેશપ્રેમની વ્યાખ્યા કરવાનું ન્યાયતંત્રના કાર્યક્ષેત્રમાં આવતું નથી. લોકસભા વિરોધપક્ષ નેતાની જવાબદારી કે રાજકીય પક્ષોની અગ્રતા નક્કી કરવાનું તેનું કામ નથી. વર્તમાન સમયમાં શાસક પક્ષ સાથે અસંમતિ કે વિરોધ પ્રગટ કરનારને દેશદ્રોહીનું લેબલ લગાડી દેવામાં આવે છે તેવા સંજોગોમાં સાચો ભારતીય કોણ છે અને કોણ નથી તે અદાલતે વ્યાખ્યા આપવાની કોઈ જરૂર ન હતી. ગમે તેમ પણ, સર્વોચ્ચ અદાલત, બંધારણના રક્ષક યાને કે પ્રહરીની કામગીરી બજાવે છે. સર્વોચ્ચ અદાલત કોઈ પણ મૂળભૂત અધિકારના ભંગ બદલ રક્ષણ પૂરું પાડવા ફરજબાધ્ય છે. સર્વોચ્ચ અદાલત મૂળભૂત અધિકારો અને તેમાંય ખાસ કરી વાણીસ્વાતંત્ર્ય અધિકારનું રક્ષણ કર્યાના અનેક ચુકાદાઓનો સમૃદ્ધ વારસો ધરાવે છે. અગાઉના એક ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ કે ''રાષ્ટ્રિય સલામતી''ના બહાના હેઠળ મૂળભૂત અધિકારોને નિયંત્રિત કરી શકાય નહીં. ૨૦૧૧માં પેગાસેસ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે રાષ્ટ્રિય સલામતીનાં કારણો હેઠળ રાજ્યને મુક્ત પરવાનો મળી જતો નથી. રાષ્ટ્રિય સલામતીના કારણસર જ્યારે મૂળભૂત અધિકારનો ભંગ થઈ રહેલ હોય ત્યારે ન્યાયતંત્ર માત્ર ગુસ્સો કે ચિંતા પ્રગટ કરી શાંત બેસી શકે નહીં. એટલે કે ન્યાયતંત્ર આવા પ્રસંગે નક્કર પગલાં લેવા બંધાયેલ છે.

અલબત્ત, અદાલતનાં મૌખિક ઉચ્ચારણો કે નિરીક્ષણ બંધનકર્તા નથી હોતાં. આમ છતાં અદાલત (ન્યાયતંત્ર) એ સન્માનને પાત્ર છે કે તેના શબ્દોનું પણ વજન હોવું જોઈએ. કારણ કે ન્યાયતંત્ર નાગરિક સ્વાતંત્ર્યોના જતન માટેનો એકમાત્ર આધાર છે.

**– અશ્વિન કારીઆ**

(ધ ઇન્ડિયન એક્સપ્રેસના ૭-૮-૨૫માં પ્રગટ થયેલ તંત્રી લેખના આધારે)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# આરટીઆઈનાં ૨૦ વર્ષની સફર પર એક નજર

**મા**હિતી અધિકારનો કાયદો ૧૨ ઑક્ટોબર ૨૦૦૫થી અમલમાં છે. આ કાયદો ભારતના નાગરિકોને જાહેર સત્તામંડળો પાસેથી સમય મર્યાદામાં માહિતી મેળવવાનો અધિકાર આપે છે. આ કાયદાના ઉપયોગથી સામાન્ય નાગરિકોએ ગામથી માંડીને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર સુધીની કચેરીઓને સવાલ કર્યા છે અને જવાબ મેળવ્યા છે. આ કાયદો કચેરીઓની જવાબદેહિતા સુનિશ્ચિત કરે છે. તેથી નાગરિકોને તેમની લોકશાહીમાં તેઓ સર્વોચ્ચ છે તેનો અહેસાસ અને અનુભવ કરાવે છે.

માહિતી અધિકાર કાયદાના બે દાયકાના સફરનો સંક્ષિપ્ત અહેવાલ નીચે મુજબ છે :

### ગુજરાતમાં કુલ કેટલી અરજીઓ થઈ ?

○ ૨૦ વર્ષમાં ગુજરાતના નાગરિકોએ ૨૧,૨૯,૬૧૪ આરટીઆઈ અરજીઓ કરી. તેમાં ૫૮% અરજીઓ શહેરી વિકાસ, ગૃહ અને મહેસૂલમાં થઈ.

○ આ વિભાગો સાથે નાગરિકો તેમનાં કામોના સંદર્ભમાં વધુ સંકળાયેલા હોય છે. મોટી સંખ્યામાં થયેલી આરટીઆઈ અરજીઓ આ ખાતાઓ અને તેમના નેજા હેળ આવતી કચેરીઓના કામકાજ પ્રત્યે લોકોની નારાજગી અને કચેરીઓમાં પારદર્શકતાનો અભાવ દર્શાવે છે.

○ જો આ વિભાગો નાગરિકો કઈ માહિતી માગે છે, તેનું વિશ્લેષણ કરીને સામેથી માહિતી પૂરી પાડવામાં માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે તો વિભાગનું અને તેના પરિણામે આયોગનું ભારણ ઘટશે.

### આયોગની કામગીરી

○ આરટીઆઈનાં ૨૦ વર્ષમાં ગુજરાત રાજ્ય માહિતી આયોગમાં ૧,૩૭,૩૫૦ અપીલો અને ફરિયાદો દાખલ થઈ છે. હાલમાં આયોગ સ્તરે ૧૨૪૮ કેસો પડતર છે. એટલે લગભગ ૩ મહિનામાં બીજી અપીલની સુનાવણી થઈ શકે છે.

○ ગુજરાત માહિતી આયોગમાં અત્યાર સુધીમાં સરકારી અધિકારી, નિવૃત્ત આઈએએસ અથવા અધિકારી, અથવા નિવૃત્ત જજ આયુક્ત તરીકે નિમાયા છે. પત્રકાર, સામાજિક કાર્યકર્તા અથવા અન્ય ક્ષેત્રમાંથી કોઈ માહિતી કમિશ્નર બન્યા નથી. અત્યારે મુખ્ય માહિતીકમિશ્નર સહિત ૬ કમિશ્નર નિમાયેલા છે.

○ કાયદાના ભંગ બાબતે ૨૦ વર્ષમાં આયોગે માત્ર ૧ ટકા જેટલા ૧૨૮૪ પીઆઈઓને ૧,૧૪,૯૧,૬૦૦/- રૂપિયાનો દંડ ફટકાર્યો, ૭૪ની સામે શિસ્તભંગનાં પગલાં લેવા ભલામણ કરી.

### આરટીઆઈ સંદર્ભે આયોગે કરેલ ભલામણો અંગે સરકારે શું કર્યું?

○ છેલ્લા બે દાયકામાં આયોગે તેમના વાર્ષિક અહેવાલમાં રેકોર્ડ જાળવણી, નાગરિકોને સામેથી ચાલીને જાહેર કરવાની બાબતો અંગે, તેમજ અધિકારીઓના તાલીમ અને આરટીઆઈના અસરકારક અમલને લઈને વિભાગોએ ચોકસાઈ રાખવા બાબત ભલામણો કરેલી છે.

○ નાગરિક સીસીટીવી ફૂટેજ માંગે તો તે આપવા અને જો ન આપ્યા હોય તો કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી જાળવી રાખવા બાબતે પરિપત્ર થયો.

○ ૫ પાનાં સુધીની માહિતી હોય તો તેમાં નાગરિક પાસેથી ઝેરોક્સના ચાર્જ ન લેવા અને સામેથી માહિતી મોકલી આપવા બાબતે પરિપત્ર થયો.

○ જો નાગરિક રેકોર્ડ નિરીક્ષણ માટે આવે તો તેને ફોટા પાડવા દેવા, અથવા પેન ડ્રાઈવમાં અથવા હાર્ડ ડિસ્કમાં માહિતી આપવા માટે પરિપત્ર કરવામાં આવ્યો.

○ આ ઉપરાંત આરટીઆઈની કલમ ૪ અનુસાર સામેથી ચાલીને જાહેર કરવાની બાબતો અદ્યતન કરવા રેકોર્ડનું ડિજિટલાઈઝેશન લોકોને સહેલાઈથી મળે તેવી વ્યવસ્થા પૂરી પાડવા સંબંધે ૧૭ જેટલા પરિપત્રો કરેલા છે.

○ માહિતી અધિકાર ગુજરાત પહેલ દ્વારા ૨૬ વિભાગોની વેબસાઈટનું ઓડિટ કરવામાં આવ્યું. તેમાં બહાર આવ્યું કે ૨૬ વિભાગોમાંથી માત્ર ૯ વિભાગોની વેબસાઇટ પર પૂરતી વિગતો જાહેર કરેલી છે. બાકીના વિભાગોમાં ૨૦૨૨ અથવા તેનાથી પણ જૂની માહિતી અપલોડ કરેલી છે. સંપર્કો ખોટા છે, બજેટ અને યોજનાઓની માહિતી અપ્રસ્તુત છે.

○ શહેરી વિકાસ વિભાગ, જેમાં સૌથી વધુ ૫ લાખ ઉપરાંત આરટીઆઈ અરજીઓ મળી છે, તેમની વેબસાઇટ પર ૧૩ વર્ષ પહેલાંની માહિતી (બજેટ, યોજનાઓ, ખર્ચ વગેરે) મૂકેલી છે.

○ નોંધનીય બાબત એ છે કે સર્વોચ્ચ અદાલતે પણ રિટ પિટિશન (સિવિલ) નં. ૯૯૦/૨૦૨૧માં દરેક જાહેર સત્તામંડળને PADને (પ્રોએક્ટિવ ડિસક્લોજર) અદ્યતન કરી તેનું થર્ડ પાર્ટી ઓડિટ કરવા સંબંધે સૂચનાઓ આપેલી છે, તેમ છતાં વિભાગોમાં સામેથી ચાલીને માહિતી જાહેર કરવાની દાનત અને સમજણની તૈયારી નથી.

### સંવેદનશીલ મુદ્દામાં આરટીઆઈ અંતર્ગત ૨૦ વર્ષોમાં ૧૮ નાગરિકોએ જાન ગુમાવ્યા...

○ ગુજરાતમાં ખનન, ગેરકાયદેસરનું દબાણ, ગોચરની જમીન ઉદ્યોગોને આપવા અંગે માહિતી, પંચાયત નરેગા વગેરે બાબતોમાં હિસાબ વગેરે માહિતી માંગતા ૧૮ નાગરિકોની હત્યા કરવામાં આવી છે અને એક પણ કિસ્સામાં ગુનેગારોને સજા થઈ નથી.

### ભલામણો

○ આરટીઆઈ ઓનલાઈન પોર્ટલ પર તમામ જિલ્લા કલેક્ટરશ્રીની કચેરીઓ, પંચાયતો અને તાલુકા પંચાયતોનું મેપિંગ થવું જોઈએ અને નાગરિકો જિલ્લા અને તાલુકા સ્તરે ઓનલાઈન આરટીઆઈ કરી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

(જુઓ પાન નં. ૧૯)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## રમણભાઈ પટેલ : સદ્ગુણ સંપન્ન સેવક



● **વડલાની વડવાઈઓ**

ડૉ. દ્વારકાદાસ જોષી વર્ષ ૧૯૪૯માં ૩૨ વર્ષની ભરયુવાન વયે મુંબઈ અને મુંબઈની ધીકતી કમાણી છોડીને વડનગર આવ્યા. વડનગરથી ચારેક કિલોમીટર દૂર આવેલા નવાપુરા ગામમાં પાંચ વર્ષના દીકરા મિહિર સાથે સેવાની ધૂણી ધખાવી. પછી તો ભૂદાન આંદોલનમાં પણ સક્રિય થયા. મહેસાણા જિલ્લામાં ૧૧ હજાર વીઘા જેટલી જમીન ભૂમિદાનમાં વહેંચાઈ.

તેમની દાક્તરી વિદ્યાનો લાભ લોકોને મળે તે માટે વડનગરમાં આરોગ્યધામ ઊભું કર્યું. આંખની હોસ્પિટલ ચાલુ કરી. સર્વોદય સમાજમાં સૌ કોઈ તેમને મોટાભાઈના નામે ઓળખતા થયા. મોટાભાઈએ ઘણા બધા સેવકો ઊભા કર્યા, જે મોટાભાઈની સાથે રહ્યા, પાંગર્યા અને પોતાના ક્ષેત્રમાં સમાજસેવા કરવા લાગ્યા. નામોની યાદી લાંબી થાય – ગોપાલભાઈ, અમૃતભાઈ મોદી, ડૉ. વસંતભાઈ પરીખ, શ્યામસુંદરભાઈ, ચિમનભાઈ ભાવસાર, જયંતભાઈ ભાવસાર, કનુભાઈ રાવલ, હીરાભાઈ પટેલ.... વગેરે. આ યાદીમાં આપણે રમણભાઈ પટેલનું નામ પણ જોડવું રહ્યું. વર્ષ ૨૦૨૫માં તેમણે ૯૫ વર્ષ પૂરાં કર્યાં. તેઓ છેલ્લાં ૩૭ વર્ષથી ડૉ. મિહિરભાઈ જોષી સાથે જ્યોતિ હૉસ્પિટલની વહીવટી કામગીરી સંભાળે છે. મોટાભાઈએ રમણભાઈના દીવામાં પૂરેલા તેલ થકી સેવાની જ્યોત આજે પણ પ્રકાશ ફેલાવી રહી છે.

● **રમણભાઈની જીવનઝરમર**

રમણભાઈનો જન્મ ૧-૮-૧૯૩૦ના રોજ મહેસાણા જિલ્લાના દેણપ ગામે થયો. એક જ વર્ષ પછી પિતાનું અવસાન થતાં દાદા-દાદીની નિશ્રામાં વડનગર તાલુકાના મલેકપુર ગામે બાળપણ પસાર થયું. ૧૯૫૦માં મેટ્રિક પાસ કરી ત્યાર બાદ સી.એન.વિદ્યાલયમાં ચિત્રકળાની ડિગ્રી પ્રાપ્ત કરી ચિત્રશિક્ષક બન્યા.

વર્ષ ૧૯૫૮માં રમણભાઈ ટી.બી.ગ્રસ્ત થયા. મોટાભાઈ – જોષી સાહેબની દોરવણી અને રતિભાઈ જોષી (વાલમ આશ્રમ)ની કાળજીભરી સારવારથી છ મહિનામાં રોગમુક્ત થયા.

શિક્ષક, આચાર્ય તરીકે વિવિધ સ્થળે સેવા આપીને વર્ષ ૧૯૮૮માં નિવૃત્ત થયા, ત્યારથી છેલ્લાં ૩૭ વર્ષથી જ્યોતિ હૉસ્પિટલમાં સેવા આપી રહ્યા છે. ૧૯૮૫-૯૦ના ગાળામાં મલેકપુર ગ્રામપંચાયતમાં સર્વાનુમતે સરપંચની જવાબદારી સ્વીકારી અને ગ્રામ વિકાસનાં મહત્ત્વનાં કામો કર્યાં.

● **ગુણવંદના કાર્યક્રમ**

૫ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં 'રમણેશ્વર દાદા – ગુણવંદના' કાયક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ, ડૉ. મિહિરભાઈ જોષી, સાંકળચંદ પટેલ યુનિ.ના ચેરમેન પ્રકાશભાઈ પટેલ, જીતુભાઈ પટેલ, નિલપર (કચ્છ) ગ્રામ સ્વરાજ સંઘનાં મુક્તાબહેન તેમજ નકુળભાઈ વગેરે હાજર રહ્યાં હતાં.

રમણભાઈ ઘણા બધા ગુણોના ધની છે. ૦ સત્યનિષ્ઠા ૦ નિર્ભયતા ૦ નિયમિતતા ૦ સમર્પણ જેવા અનેક ગુણોથી તેઓ સંપન્ન છે. પ્રભુ તેમને લાંબું આયખું આપે અને તેમની સેવાની સુવાસ દશે દિશામાં ફેલાતી રહે.

પારેખવાસ, મુ.તા.માણસા, જિ.ગાંધીનગર **– ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા**

---

**આર.ટી.આઈનાં ૨૦ વર્ષ...** (પાન ૧૮નું ચાલુ)

○ નામદાર સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટની જેમ, ગુજરાત રાજ્ય માહિતી આયોગમાં ચાલતી બીજી અપીલનું લાઈવ સ્ટ્રીમિંગ થાય તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

○ ગુજરાત માહિતી અધિકારના નિયમોમાં આપેલ 'નમૂનો-ગ'માં ફેરફાર કરીને માહિતી નકારવાના કિસ્સામાં નકારવા માટે ઉપયોગમાં લેવાતી કલમની સાથે સાથે જે તે કલમ કેવી રીતે લાગુ પડે છે તે બાબતની સ્પષ્ટતા કરવા માટેની જોગવાઈ કરવી જોઈએ.

○ સામાન્યતઃ એવું જોવા મળ્યું છે કે, નાગરિક આરટીઆઈની અરજી દાખલ કરે એટલે લાગતી-વળગતી, હિત ધરાવતી વ્યક્તિઓ તેમને ફોન કરીને અથવા મળીને દબાણ કરતી હાય છે. હકીકતમાં આરટીઆઈ અરજી બાબતની જાણ માત્ર સંબંધિત કચેરીને જ હોય છે, પણ કચેરીઓ તરફથી તેના અંગે ગુપ્તતા જળવાતી નથી, તેથી નાગરિકોને હેરાનગતિ સહન કરવી પડે છે. કોઈ પણ સંજોગોમાં અરજદારની ઓળખ છતી ન થવી જોઈએ અને તે અંગે તમામ જાહેર સત્તામંડળો અને તેમના તાબા હેઠળની કચેરીઓને જરૂરી સૂચના આપવી જોઈએ.

વધુ મહિતી માટે સંપર્ક – **– પંક્તિબેન જોગ**

આરટીઆઈ હેલ્પલાઈન નં. ૯૯૨૪૦૮૫૦૦૦ (સોમથી શનિ ૧૧થી ૬)

---

## વાચકોના પત્રોમાંથી

● **ડૉ. એમ. એચ. મહેતા**

ભૂમિપુત્રના ૧-૧૦-૨૦૨૫માં હિદાયત પરમારનો હવાના પ્રદૂષણ અંગેનો લેખ વાંચ્યો.

શિયાળામાં મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ડાંગરની પરાળી બાળવાથી પ્રદૂષણ ઘણું થાય છે. પરાળી પર માઈક્રોબીઅલ મિક્ષ્ચર સ્પ્રે કરવાથી પરાળી બાયો કમ્પોસ્ટ બની જાય છે. આવું કામ પંજાબ હરિયાણામાં પ્રયોગના ધોરણે કરવામાં આવે છે.

ગુજરાતમાં આ કામ કરવા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને લખ્યું છે પણ જવાબ નથી મળ્યો. રસ ધરાવતા ખેડૂતો સાયન્સ આશ્રમ, વડોદરાનો સંપર્ક મો.: ૯૩૭૭૮૯૩૮૨૬ પર કરી શકે છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ચિંપ લેડી ગૂડોલ : પ્રાણી અને પર્યાવરણ પ્રેમી વ્યક્તિત્વનો વિલય

**જે**ન ગૂડોલ ભારતમાં વર્ષ ૨૦૦૩, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૨૪ અને છેલ્લે ઑક્ટોબર ૨૦૨૫માં આવ્યાં હતાં.



વર્ષ ૨૦૦૩માં India International Centre - New Delhiમાં ચિમ્પાઝીંસ અંગે પ્રવચન આપવા આવ્યાં હતાં. ભુમિપુત્રના ૧૬-૨-૨૦૦૩ના અંકમાં પર્યાવરણ મંથન લેખમાળામાં ચિંપ લેડી - ગૂડોલ અંગે લેખ લખ્યો હતો. ૩ એપ્રિલ ૧૯૩૪માં લંડનમાં જન્મેલાં ગૂડોલનું મૃત્યુ ૧ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ ૯૧ વર્ષની વયે લોસ એન્જલસ, કેલિફોર્નિયા, યુ.એસ.માં થયું છે.

The Hinduમાં પ્રગટ થયેલા લેખમાં Sanctury Asiaના સંપાદક બીટ્ટુ સહગલ લખે છે - ગૂડોલને શાંતિ માટેનું નોબેલ પ્રાઇઝ મળવું જોઈતું હતું - Goodall worked for peace and harmony not just between humans but between Homo sapiens and all life on Earth.

તા. ૧૬-૨-૨૦૦૩ના તેમના વિષેના લેખમાં લખ્યું હતું - ''ગૂડોલ આજે ૭૨ વર્ષનાં હશે. તેઓ વિશ્વશાંતિનો સંદેશો દુનિયામાં ફેલાવે છે. તેઓ કહે છે - જ્યાં સુધી પર્યાવરણ સાથે, કુદરત સાથે સંવાદિતા-ભર્યું જીવન નહીં જીવીએ, ત્યાં સુધી વિશ્વશાંતિ સ્થપાવાની નથી.''

## ■ ગૂડોલનું લેખનકાર્ય

તેમણે લખેલાં પુસ્તકોની યાદી નીચે પ્રમાણે છે.

- In the Shadow of Man (1971)
- The Book of Hope
- My Life with the Chimpanzees
- Chimps - Jane Goodall Animal World
- Seeds of Hope - (Explores the Critical role of Plants in Sustaining Life)
- Reason for Hope
- Chimpanzee Family
- Harvest for Hope - A guide to Mindful Eating

આ યાદી જોતાં ગૂડોલના કામનો અંદાજ આવે છે.

ગૂડોલ ૨૯ વર્ષની ઉંમરે આફ્રિકાના નૈરોબીથી ૮૪૦ માઈલ દૂર આવેલા ગાઢ જંગલમાં ચિંપાંઝીઓના વિસ્તારમાં પહોંચી જાય છે. ચિંપાંઝીઓના વર્તનનો અભ્યાસ કરે છે. જંગલમાં ગૂડોલનાં માતાજી તેમની સાથે રહે છે.

## ■ ગૂડોલે ઉજાગર કરેલાં તથ્યો

કહેવાય છે કે ચિંપાંઝી અને માણસના ડી.એન.એ.માં ૯૯ ટકા સામ્ય છે. ગૂડોલ પોતાની સાથે ડાયરી-પેન, કેમેરા - બાયનોક્યુલર લઈને કલાકો સુધી ચિમ્પાંઝીની હલનચલન પર નજર રાખતાં હતાં. આ માટે જરૂરી ચાલવાનું પણ કરતાં રહેતાં. અભ્યાસના અંતે તેમણે કેટલાંક તથ્યો ઉજાગર કર્યાં :

- It was possible to love animals

- આપણે માનતા હતા કે માણસે સાધનોની શોધ કરી, કેટલાંક સાધનો બનાવ્યાં અને પ્રગતિ કરી. આ વિશેષતા માત્ર માણસમાં જ છે. પરંતુ ગૂડોલ કહે છે, Chipms ટૂલ્સ - સાધનોનો ઉપયોગ કરે છે, અને તેના ઉપયોગ થકી ખોરાક પ્રાપ્ત કરે છે. ઊધઈના રાફડાને તોડી તેમાં પાતળી ડાળી નાંખી ઊધઈને બહાર કાઢી ખાઈ જાય છે. ઊધઈ ડાળી સાથે ચીપકીને બહાર આવે છે, જેને ચિંપાંઝી ખાઈ જાય છે. આ ડાળીને તે પોતાની સાથે જાળવી રાખે છે - જંગલમાં ડાળીઓ તો જ્યાં જોઈએ ત્યાં મળી રહે પરંતુ પોતાના સાધનને જાળવી રાખે છે.

- ચિંપાંઝી માત્ર શાકાહારી નથી, જરૂર પડે માંસાહારી બની જાય છે. મોટા ભાગે ભેગા મળીને વાંદરાનાં નાનાં બચ્ચાંનો શિકાર કરે છે.

- ચિંપાંઝી જૂથમાં રહે છે. પારિવારિક ભાવના ધરાવે છે.

- પોતાનું જૂથ બનાવી પોતાના જેવા જ ચિંપાંઝીના જૂથ સાથે આયોજનપૂર્વક આક્રમક યુદ્ધ પણ કરે છે.

## ■ ગૂડોલને પણ આક્ષેપોનો ભોગ બનવું પડ્યું

બીટ્ટુ તેમના લેખમાં કેટલાક આક્ષેપોની વાત કરે છે. શરૂઆતનાં વર્ષોમાં આક્ષેપ મૂકવામાં આવ્યો કે યુવાન છોકરી માટે જંગલમાં રહી શકવાનું શક્ય જ નથી લાગતું પણ આક્ષેપબાજોને ખબર નહીં હોય કે ગૂડોલનાં માતાજી સારો એવો સમય તેને જંગલમાં સાથ આપતાં રહ્યાં હતાં. કેટલાક લોકોએ આક્ષેપ કર્યા કે જંગલનાં પ્રાણીઓને બચાવીને માણસના લાભોને અવગણે છે. ગૂડોલ જંગલને જાળવી રાખવા માંગતાં હતાં, કારણ કે ચિંપાંઝી સારી રીતે રહી શકે. કેટલાક લોકો જંગલ કાપીને ખેતી કરવા કે અન્ય દિશાના વિકાસની દિશામાં આગળ વધવા માંગતા હોય છે.

સામાન્ય રીતે પુસ્તક-લેખનમાં પાનેપાને આધાર ટાંકવાની પ્રથા રહી છે. ગૂડોલનું મોટાભાગનું લખાણ પોતાના પ્રત્યક્ષ અનુભવો પર આધારિત હતું. પુસ્તકમાં લખેલાં આસપાસનાં વાક્યો તેના પુસ્તકમાં ઓછું મહત્ત્વ ધરાવતાં હતાં છતાં ગૂડોલે પોતાના એક પુસ્તકના પ્રકાશનને અટકાવીને સંદર્ભો ટાંકીને તે પુસ્તકને છપાવ્યું હતું.

ગૂડોલ ગ્લોબલ વૉર્મિંગને અટકાવવા માટે જંગલો કાપવાના કામનો વિરોધ કરતાં હતાં. આપણે આવનારી પેઢીને સેફ ક્લાઈમેટ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોંપીને જવાનું છે. સ્વાભાવિક છે કે કોર્પોરેટ જગતને આ વાત પસંદ ન આવતી હોય. તેના કારણે ગૂડોલને વિરોધ સહન કરવો પડ્યો.

■ **ગૂડોલ વિશ્વમાનવ**

૩૦ વર્ષમાં ગૂડોલે ૬૦ કરતાં વધારે દેશોની મુલાકાત લીધી છે. વર્ષમાં ૩૦૦ દિવસ બહાર ફરતાં રહેતાં. તેઓ એક કાર્યક્રમ 'Roots & Shoots' ૭૫ થી ૧૦૦ દેશોમાં ચાલે છે. ૨૦૦૨માં આ કાર્યક્રમ ચાલુ કરવા હોંગકોંગમાં કેન્દ્ર સ્થાપ્યું હતું. કેન્દ્રનું નામ The Jane Goodall Institute રાખવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ...

– To Promote the conservation of primate habitat - ચિંપાંઝી જેવા જીવોના આવાસને સુરક્ષિત રાખવા. – પ્રાણી જગત, માનવી જગત અને વનસ્પતિ જગત વચ્ચે સંવાદિતા સ્થાપવી. – ચિંપાઝીને પાંજરામાં કે અન્ય રીતે જકડી રાખીને કોઈ તીવ્ર પ્રયોગો ન કરવા. (દવાઓની ચકાસણી માટે આવા જીવોનો ઉપયોગ કરવામાં આવે છે.)

ગૂડોલની સ્મૃતિને કાયમ રાખવા તેણે દર્શાવેલાં પર્યાવરણલક્ષી કામો આપણે પાર પાડવાં જોઈએ. જલવાયુ પરિવર્તન – Climate Crisis ના કપરા કાળમાં ગૂડોલના પગલે ચાલવાની તીવ્ર જરૂર છે.

**– રજની દવે**

---

ગાઝામાં ઈઝરાયેલ... (પાન ૧૦નું ચાલુ)

નેતાન્યાહુએ લાદેલા યુદ્ધને તાત્કાલિક સમાપ્ત કરવાની માંગ કરવી જોઈએ અને બે-રાજ્ય ઉકેલના ભાગ રૂપે મુક્ત પેલેસ્ટીન રાજ્યની સ્થાપનાને વેગ આપવા માટે ભારતનો સંપૂર્ણ ટેકો આપવો જોઈએ.

બે : પેલેસ્ટીનના મુદ્દા પર સંસદમાં ઊંડાણપૂર્વક ચર્ચા થવી જોઈએ, જે મોદી સરકારે જાણી જોઈને ટાળ્યું છે. સંસદે સર્વાનુમતે એક ઠરાવ અપનાવવો જોઈએ, જે રીતે તેણે ૨૦૦૩માં ઈરાક પર યુએસ હુમલાની નિંદા કરી હતી. આવા ઠરાવથી પેલેસ્ટીનના ન્યાયી સંઘર્ષને હિંદુ-મુસ્લિમ ધ્રુવીયતાના પ્રિઝમ દ્વારા જોવાના કોઈપણ પ્રયાસની નિંદા હશે.

ત્રીજું : રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાના લોકોના અધિકાર પર કોઈ પ્રતિબંધ અથવા દમન ન હોવું જોઈએ, જે બંધારણ દ્વારા ખાતરી આપવામાં આવેલ પવિત્ર અધિકાર છે. ભારત લોકશાહી દેશ છે.

ચાર : ભારત હંમેશાં જે કહેતું આવ્યું છે તે સાચું છે, આતંકવાદનાં તમામ સ્વરૂપોની નિંદા કરવી જોઈએ. ૨૦૨૩માં હમાસે જે કર્યું તે આતંકવાદનું કૃત્ય હતું. નેતાન્યાહુ જે કરી રહ્યા છે તે પણ (અને તેનાથી પણ મોટું) આતંકવાદનું કૃત્ય છે.

પાંચ : 'ન્યાય' અને 'સત્ય' હિંદુ ધર્મનો પાયો રહ્યા છે. બધા મહાન હિંદુ સંતોએ વિશ્વના દરેક ભાગમાં પીડિત માનવતા પ્રત્યે સહાનુભૂતિ અને એકતાના ગુણોની પ્રશંસા કરી છે. આદરણીય ગુજરાતી સંત – કવિ નરસિંહ મહેતાએ એવું જાહેર કર્યું હતું કે ધર્મમાં વિશ્વાસ રાખતી સાચી વ્યક્તિ તે છે જે બીજાના દુઃખમાં ભાગીદાર બને છે – ''વૈષ્ણવજન તો તેને રે કહીયે જે પીડ પરાયી જાને રે'', અને આ મહાત્મા ગાંધીનું પ્રિય ભજન હતું. હિંદુત્વે તેના મુખ્ય સિદ્ધાંતોને ફરીથી પુષ્ટિ આપવી જોઈએ. આજે હિન્દુત્વે તેના સિદ્ધાંતોને અયોગ્ય બનાવવાનો પ્રયાસ કર્યો છે. હવે સમય આવી ગયો છે કે મોદી સરકાર આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ દર્શાવે કે તે પેલસ્ટીન મુદ્દા પર ન્યાય માટે ઊભી છે. આ બાબતમાં વધુ કોઈ પણ તકવાદ અને અસ્પષ્ટતા એ વિશ્વમાં ભારતનું નૈતિક સ્થાન ગંભીર રીતે નબળું પાડશે.

(લેખકે ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના સહાયક તરીકે સેવા આપી હતી, તેઓ ભારત-પાકિસ્તાન અને ભારત-ચીન સહયોગને પ્રોત્સાહન અપાવામાં સક્રિય રહ્યા છે. આ લેખ સૌ પ્રથમ ૨ ઑગસ્ટ ૨૦૨૫ના રોજ પ્રકાશિત થયો હતો અને ગાઝા પર ઇઝરાયેલના યુદ્ધની બીજી વર્ષગાંઠ પર ધ ક્વિન્ટના આર્કાઇવ્સમાંથી ફરીથી પોસ્ટ કરવામાં આવ્યો છે.)

સાભાર : ગુજરાત ટુ.ડે. **– સુધીન્દ્ર કુલકર્ણી**

---

આત્માને જાણીએ... (પાન ૦૩નું ચાલુ)

જ્ઞાનવાળો નથી. મને ન તો જ્ઞાન છે, ન અજ્ઞાન છે.

આત્મા જ્ઞાનીપણાથી પણ અલગ છે. આત્માને જ્ઞાન નહીં થાય, તે સ્વયં જ્ઞાન સ્વરૂપ છે. એટલા માટે જે જ્ઞાની હોય છે તેને આ ભાન હોતું નથી કે હું જ્ઞાની છું. અને જો કોઈને 'હું જ્ઞાની છું' એવું ભાન રહેતું હોય તો તે અજ્ઞાની જ છે. એટલા માટે જ્ઞાની માણસ અહંકારી હોઈ ન શકે. સાચા જ્ઞાની જન તો અત્યંત નમ્ર હોય છે.

આ જે ચૈતન્ય છે તે આત્માનું સ્વરૂપ છે. ચૈતન્ય અલગ છે અને ચેતના પણ અલગ છે. આ જે ચેતના છે તે શરીરમાં અંકિત થનાર ચૈતન્યનું પ્રતિબિંબ છે. એટલે કે તે ક્ષેત્ર-ધર્મ છે. સ્પર્શ કરવાથી, નાડી દ્વારા મનુષ્ય સમજી શકે છે કે શરીરમાંથી ચેતના ગઈ. પણ ચૈતન્ય ગયું એવું જણાતું નથી. મરણરહિતતા એ ચૈતન્યનું લક્ષણ છે. બધું મરી ગયા પછી જે કાંઈ બચે છે, તે ચૈતન્ય છે.

ઈશ્વર અને આપણે, આ બંને એક જ ચૈતન્યના રૂપ છીએ. આપણે અંશમાત્ર છીએ, જ્યારે ઈશ્વર તે ચૈતન્યનું પૂર્ણરૂપ છે. તો પણ ચૈતન્ય તો એક જ છે. એટલા માટે ઈશ્વરની શક્તિ એ આપણી શક્તિ છે. માટે જ ઈશ્વર પાસે શક્તિ માંગવામાં અને પ્રાપ્ત કરવામાં કોઈ પરાધીનતા નથી.

પરા અને અપરા, આ બે પ્રકારની પ્રકૃતિ છે. આમાં જડ છે અપરા પ્રકૃતિ અને જીવ છે પરા પ્રકૃતિ. શાસ્ત્રકાર જડને પ્રકૃતિ અને ચેતનને પુરુષ કહે છે. ગીતામાં જડ-ચેતનને લઈને ત્રણ પ્રકારનાં દર્શન પ્રસ્તુત છે – બધું જડ, બધું ચેતન અને જડ-ચેતન – આ ત્રણેય દર્શન, ત્રણ જુદી જુદી ભૂમિકાઓ માટે છે. આ ત્રણેય ભૂમિકાઓ છે, ભક્તિયોગની, કર્મયોગની અને જ્ઞાનયોગની. ભક્તિયોગની ભૂમિકામાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આ બધું જડ, જ્ઞાનયોગની ભૂમિકાએ બધું ચેતન અને કર્મયોગની ભૂમિકામાં જડ-ચેતન - ત્રણેય ભૂમિકાઓમાં ત્રણેય તત્ત્વજ્ઞાન સત્યરૂપ છે. માણસે આ ત્રણેય ભૂમિકાઓમાં રહેવું પડે છે. એક જ માણસને એક જ દિવસમાં આ ત્રણેય તત્ત્વજ્ઞાનનો ઉપયોગ થતો હોય છે.

હરિશરણાગત ભક્ત જડને તો જડ માને જ છે, તે ચેતનને પણ જડ માને છે. તે કહે છે કે, પરમેશ્વર જ એક ચેતન છે. બીજું કંઈ પણ સ્વતંત્ર ચેતન નથી. જેવી રીતે આ પથ્થર જડ છે એવી રીતે હું પણ જડ છું. જડ-ચેતન દેખાય તો છે પણ હકીકતમાં પરમેશ્વર સિવાય બીજું બધું જડ છે. આપણા અહંકારના રોગને દૂર કરવા માટે આપણે સાતમા અધ્યાયની ભલામણો સાંભળવી પડશે. એટલે કે પોતાને જડ માનવું, પોતાને ઈશ્વરના હાથનું ઓજાર માનવું જોઈશે. અને પછી કર્મયોગની ભૂમિકાએ આપણે જડ-ચેતનનો ભેદ પણ માનવો પડશે. કર્મયોગ અને નીતિશાસ્ત્રની દૃષ્ટિએ જડ-ચેતન વિભાગ જરૂરી છે. અને માણસના આત્મચિંતન માટે બધાંને ચેતન માનવામાં આવ્યું છે. આપણી મૂઢતા (જડતા)ના નિવારણ માટે તે દર્શન પંદરમા અધ્યાયમાં પ્રસ્તુત થયું છે. ગીતાના સાતમા અધ્યાયમાં બધાને જડ માનવામાં આવ્યું છે. અન એનાથી વિપરીત પંદરમા અધ્યાયમાં બધાંને ચેતન માનવામાં આવ્યું છે. ત્યાં વેદાંતની સલાહ છે એટલે જડ-ચેતનનો ભેદ દૂર કરીને બધાંને ચેતનરૂપ મનાયું છે. સાતમા અધ્યાયમાં જડના પક્ષે રહીને ચેતનને દૂર કર્યું છે અને પંદરમા અધ્યાયમાં ચેતન પક્ષે રહીને જડને દૂર કર્યું છે. અને તેરમા અધ્યાયમાં, આ સાતમા અને પંદરમા અધ્યાયની એકાંતિક દૃષ્ટિઓને છોડી દઈને સાધારણ વિવેકદૃષ્ટિથી પ્રકૃતિ અને પુરુષ વ્યવસ્થા કાયમ રાખી છે, કેમ કે તે અધ્યાયમાં નિત્ય-અનિત્ય વિવેક શીખવવાનો છે.

હવે પ્રશ્ન થાય કે ચેતનનું લક્ષણ શું છે ? શું ગતિ એ ચેતનનું લક્ષણ ગણી શકાય ? આ ઘડિયાળ અખંડપણે ચાલે છે, તો શું તેને ચેતન કહી શકાય ? આપણે કેવળ અખંડ ગતિથી ચાલનારાઓને ચેતન નહીં માનીએ. એ ઘડિયાળને ગતિ આપનાર, ચાવી આપનાર તો કોઈ બીજું જ હોય છે.

તો શું ભાવનાને, ચેતનનું લક્ષણ માની શકાય ? ગ્રામોફોન પર વાગતી રેકોર્ડ કરુણ સંગીતના સૂરો રેલાવે છે. તે સાંભળતાં આંખોમાં આંસુ આવી જાય છે. પણ એટલાથી આપણે રેકોર્ડને ચેતન કહીશું નહીં. એ રેકોર્ડને પણ કોઈક તો ચાવી દીધી છે. અને જે ચાવી ચલાવે છે, તે ચેતન છે. આપણે તો આ જીવસૃષ્ટિમાં જોઈએ છીએ કે, બધાં ચાવી દીધેલાં પૂતળાંની જેમ ફર્યા કરે છે. તેઓ ચેતન નથી. ચેતન છે, ચાવી આપનારો. આ જીવની જ્યારે ચાવી ખલાસ થઈ જાય છે, ત્યારે તે બંધ થઈ જાય છે.

મનુષ્યના ચિત્તમાં અનેકાનેક વૃત્તિઓ આવે છે અને જાય છે. અને એ કલ્પનાઓથી માણસનું ચિત્ત ઢંકાયેલું રહે છે. વિકલ્પો હોવાને લીધે વૃત્તિઓ રહે છે. પરંતુ બે વિકલ્પોની વચ્ચે ચૈતન્યશક્તિ પ્રગટ થાય છે. માની લો, કે ઊંઘ પૂરી થઈ અર્થાત્ એક વૃત્તિ પૂરી થઈ અને હવે બીજી વૃત્તિ એટલે કે જાગૃતિ આવવાની છે. એવા સમયમાં, બંનેની વચ્ચે એવી સ્થિતિ આવે છે, જ્યારે મનમાં કોઈ પણ વૃત્તિ હોતી નથી. એટલા સમય પૂરતું ચૈતન્ય સ્પષ્ટ દેખાય છે. આવું શંકરાચાર્યનું કહેવું છે. મનુષ્યને એનું ભાન રહેતું નથી, પણ ચૈતન્ય પ્રકટરૂપે રહે છે. જેવી રીતે એક શ્વાસ છોડ્યો, અને બીજો શ્વાસ લેવાનો છે - તે બેની વચ્ચે થોડોક અવકાશ રહે છે, થોડી શાંતિ રહે છે.

શંકરાચાર્ય કહે છે કે, चित्त स्पष्टा मध्ये विकल्पयोः । ચિત્ત અર્થાત્ ચૈતન્યશક્તિ, કે જે બે વિકલ્પોની વચ્ચે એકદમ સ્પષ્ટ દેખાય છે. આમ તો માણસનું ચિત્ત તેના વિચારોથી તેના ચિંતનથી ઢંકાયેલું હોય છે. પરંતુ એક ઢાંકણું દૂર થાય છે અને બીજું આવે છે તો એની વચ્ચે તે સ્પષ્ટ જોવા મળે છે. એ જે વચ્ચેનો થોડો ગાળો, થોડો સમય હોય છે તે એકદમ ઉજ્જવળ હોય છે, એટલે કે બધા ચિંતનથી મુક્ત અને વિચારમુક્ત હોય છે. અને જો આવું ન થાત તો મનુષ્યને શાંતિ ન મળત. માણસને આ વિચારનો ખ્યાલ નથી. અહીં શંકરાચાર્યનું કહેવું છે, नष्टे पूर्वे विकल्पे - પૂર્વ વિકલ્પ, કલ્પના, ચિંતન ખતમ થઈ જાય, અને तु यावद् अन्यस्य नोदयः - બીજા વિચારનો, બીજી કલ્પનાનો, બીજી ભાવનાઓનો જ્યાં સુધી ઉદય થતો નથી तावद् એની વચ્ચે, निर्विकल्पक - चैतन्यम् - કલ્પના રહિત ચૈતન્ય, स्पष्टं विभासते - સ્પષ્ટરૂપે ભાસિત થાય છે. વચ્ચેના ગાળામાં મૂળ સ્વરૂપનું પ્રકાશન થાય છે. એક ક્રિયા પૂરી થયા બાદ, અને બીજી ક્રિયા શરૂ થતાં પહેલાં - વચ્ચેના કાળમાં તું આનો અનુભવ કરી લે.

શંકરાચાર્ય કહે છે કે જો બ્રહ્માભાસ કરવો છે, તો આ જે ક્ષણ છે, વચ્ચેનો કાળખંડ, મુક્તિનો સમય છે તેને વધારતા રહેવું જોઈએ. થાકેલા માણસને કહેવામાં આવે છે કે 'વિશ્રાંતિ લો.' આ વિશ્રાંતિની માંગ એટલે ચૈતન્યની માંગ.

(ક્રમશઃ) **- વિનોબા**



ખેડૂતનું ઝૂંપડું ઊભું નહીં થાય તો જાણજો કે તમારા બંગલા નહીં રહેવાના.

**- સરદાર વલ્લભભાઈ પટેલ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઉમાશંકર જોશી ગુજરાત અધ્યયન કેન્દ્ર, ગંગોત્રી ટ્રસ્ટ, અમદાવાદ

ઉમાશંકર જોશી ગુજરાત અધ્યયન કેન્દ્ર – Umashankar Joshi Centre for Gujarat Studies તરફથી ગુજરાત પર સંશોધન કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે ફેલોશિપ આપવાનું નક્કી કર્યું છે. આ સંશોધન ગુજરાતનાં ઇતિહાસ, સમાજ, સાહિત્ય અને અર્થવ્યવસ્થાના આંતર સંબંધોના સંદર્ભમાં કોઈ ચોક્કસ વિષયને ધ્યાનમાં રાખીને કરવાનું રહેશે. ઉપરાંત, સંશોધન સમાજને સમજવામાં ઉપયોગી થાય તે મહત્ત્વનું રહેશે.

ફેલોશિપ માટેની જરૂરી વિગતો નીચે આપી છેઃ

૧. આ સંશોધન માટે ઉમેદવારની ઉંમર ૨૦થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઈશે. સ્ત્રીઓ તેમ જ દલિત, આદિવાસી અને અન્ય વંચિત સમુદાયોના ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

૨. ઉમેદવારે સંશોધનની એક ટૂંકી રૂપરેખા આપવી જરૂરી રહેશે. શક્ય હોય તો સાથે સંદર્ભસૂચિ પણ જોડી શકાય.

૩. સંશોધન એક વર્ષમાં પૂરું કરવાનું રહેશે.

૪. સંશોધકને રૂ. દોઢ લાખની ફેલોશિપ આપવામાં આવશે.

૫. સંશોધન પ્રકાશિત થઈ શકે એ કક્ષાનું હોવું જોઈએ.

૬. ઉમેદવારે બે પાનાંનો પોતાનો પરિચય (C.V.) આપવાનો રહેશે. પોતાનું નામ, ઈ-મેઈલ સરનામું, સંપર્ક નંબર, ઘરનું સરનામું અવશ્ય આપવું પડશે.

૭. સંશોધન ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં થઈ શકશે. ગુજરાતી ભાષાને અગ્રતા આપવામાં આવશે. સંશોધન દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમમાં પણ થઈ શકશે. આ સંશોધનનો મુખ્ય હેતુ ગુજરાત અને ગુજરાતી ભાષામાં સાહિત્ય અને સમાજ વિશે એક લોકતાંત્રિક અને સમાવેશી સમજ ઊભી કરવાનો છે.

૮. સંશોધન માટેની અરજી (રૂપરેખા અને સ્વપરિચય સાથે) નીચેના સરનામે અથવા ઈ-મેઈલ દ્વારા uj.gangotritrust@gmail.com પર મોકલવા વિનંતી છે.

૯. સંશોધન માટેની અરજી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં મોકલવાની રહેશે.


૧૦. કેન્દ્રની બીજી પ્રવૃત્તિઓ, જેવી કે વિવિધ વિષયના નિષ્ણાતો સાથે સાહિત્ય, સમાજ અને ઇતિહાસ અંગે તેમજ સંશોધન/વિવેચનનાં સાધનો વિશે વખતોવખત ચર્ચાઓ, પરિસંવાદો અને વર્કશોપનો લાભ તેમજ જરૂર જણાય તો માર્ગદર્શકની મદદ સંશોધકોને મળી શકશે.

નિયામક

ઉમાશંકર જોશી ગુજરાત અધ્યયન કેન્દ્ર,

ગંગોત્રી ટ્રસ્ટ,૨૬, સરદાર પટેલ નગર,એલિસબ્રિજ, અમદાવાદ-૬

# પુરુષોત્તમભાઈ પંચાલ : સેવાતીર્થના સેવક



**શ્રી** પુરુષોત્તમભાઈ પંચાલનો જન્મ ડભોઈ તાલુકાના ચાણોદ ગામે ૧૨-૯-૧૯૪૨ના રોજ થયો હતો. તેમના પિતા ૧૯૯૭માં અને માતા ૨૦૦૫માં મૃત્યુ પામ્યાં હતાં.

તેમણે મિકેનીકલ અને ઈલેક્ટ્રીક - ડીએમઈ - ડીઈઈની ડિગ્રી પ્રાપ્ત કરીને ઈજનેર તરીકે ૩૫ વર્ષ જ્યોતિ લિમિટેડમાં તેમજ પાલેજ ખાતે કામ કર્યું હતું.

તેમનાં લગ્ન ધર્મિષ્ઠાબહેન સાથે થયાં. તેમને ૩ બાળકો છે. તેઓ સ્વભાવે ખૂબ મહેનતુ હતા. પરિવારની જવાબદારી નિભાવવાની સાથે સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા. કેટલોક સમય વડોદરા-સિંધરોટ શ્રમમંદિરમાં સક્રિય રહ્યા.

ગુજરાત રક્તપિત્ત નિવારણ સેવા સંઘમાં માનેરાવ પાટીલ સાથે પુરુષોત્તમભાઈએ મંત્રી તરીકે કામ કર્યું. પરંતુ પાટીલ સાહેબનું અવસાન થતાં તેમને પ્રમુખ બનાવામાં આવ્યા. તે સમયે તેઓ પાલેજમાં ઈજનેર તરીકે કામ કરતા હતા. તેમણે પોતાની ૫૨ વર્ષની વયે ચાલુ નોકરી છોડી સંપૂર્ણ સમય સામાજિક સેવા પાછળ વિતાવવા માંડ્યો. તરસાલી પાસે 'સેવાતીર્થ સંકુલ સંસ્થા'ને પોતાનું સેવાક્ષેત્ર બનાવ્યું.

સેવાતીર્થમાં અનેક પ્રવૃત્તિઓ ચાલે છે.

○ વિકલાંગ દીકરી-દીકરાઓ માટે મફત રહેવા ભણવાની સગવડ ○ માનસિક નબળાં ભાઈ બહેનો માટે તેમજ વૃદ્ધો માટેની યોગ્ય સારવાર ○ આંખનાં ઓપરેશન કરવાની સગવડ ○ ફિઝીયોથેરાપી સેન્ટર ○ સ્કીલ ટ્રેઈનિંગ સેન્ટર ○ એબીબી કંપની માટે રીલે બનાવવાનું કામ ○ અનાથ બાળકોને ભણાવવાનું કામ ○ ગૌશાળા વગેરે વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે.

પુરુષોત્તમ ભાઈએ સેવાતીર્થ સંકુલમાં સેવાનો અખંડ દીવો છેલ્લા શ્વાસ સુધી ચાલુ રાખ્યો. તા. ૨૬-૯-૨૦૨૫ના રોજ તેઓ પ્રભુને પ્યારા થઈ ગયા. આપણે તેમના કામને આગળ ધપાવીને જ તેમને સાચી શ્રદ્ધાંજલિ આપીએ.

૭૦૪, બરોડા હાઇટ્સ, તુલસીધામ ચાર રસ્તા, માંજલપુર, વડોદરા. મો.: ૯૯૨૫૫૪૮૬૯૨

**– અશોક રાજ**

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 16-11-2025 R.N.I. No. 1683/57

# બોલતી મેના

સિનિયર ઓફિસર તરીકે સુરેશબાબુને ઑફિસમાં સૌ આદર-માન આપતા. પોતાના કામમાં અને સમય સાચવવામાં એ ખૂબ ચોક્કસ હતા. પોશ ગણાતા વિસ્તારમાં સરસ બંગલો હતો. લગ્નજીવનનાં વીસેક વર્ષ પછી એમનાં પત્ની ઉમાએ અને એમણે સ્વીકારી લીધું હતું કે પોતાના નસીબમાં સંતાનસુખ નથી. આમ તો ઉમાદેવી સંતોષી હતાં એટલે એમને બીજી કશી ફરિયાદ નહોતી પણ સુરેશબાબુનો અતિશય ગણતરીબાજ અને કંજૂસ સ્વભાવ એમને જરાય ન ગમતો. સત્સંગમાં જઈ આવીને એ હંમેશા પતિને સંભળાવવા માટે બોલતાં, ''આજે તો મહારાજે કહ્યું કે, ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે જ જવાના છીએ. સારાં કર્મો સિવાય કશું સાથે નથી લઈ જવાના. જીવનમાં કંઈક ધર્મ-ધ્યાન કરો, દાન-પુણ્ય કરો તો તમારો ઉદ્ધાર થશે.''

પત્નીની આડકતરી વાતની સુરેશબાબુ પર કંઈ અસર થતી નહીં. કોઈ માંગણ આવી ચઢે તો એના હાથમાં ૨૫ પૈસાનો સિક્કો મૂકીને પછી લાંબું ભાષણ આપતા, ''આમ માગી-ભીખીને જીવવા કરતાં કંઈ કામ કર !'' ૨૫ પૈસાના બદલામાં કડવાં વેણ સાંભળીને પેલો માણસ દરવાજામાં સિક્કો નાખીને ચાલવા માંડતો. વળી સુરેશબાબુ ઑફિસેથી આવીને ઘરમાં પગ મૂકે ને ચા-નાસ્તો કરે કે તરત એમને ક્લબમાં જવાની ઉતાવળ રહેતી. દોસ્તો સાથે બેસીને પાનાં રમવામાં એમને સમયનું કે ઘરમાં એકલી-અટૂલી બેઠેલી પત્નીનું ધ્યાન રહેતું નહીં. રાત્રે મોડા ઘરે પહોંચે ત્યારે ઝોકાં ખાતાં બેસી રહેલાં ઉમાદેવી અકળાઈને કહેતાં,

''તમારે તો બસ, ઑફિસ અને ક્લબ એ બે સિવાય બીજું કંઈ છે જ નહીં. આખો વખત હું એકલી એકલી કરું શું? જરાક તો મારો વિચાર કરો!'' સુરેશબાબુથી કંઈ જવાબ અપાય એમ તો હતું જ નહીં. એક વખત ઉમાએ એમને કહ્યું, ''ચાલો, બીજું કંઈ નહીં તો આપણે એક કૂતરો લઈ લઈએ. વસ્તી પણ લાગશે અને ઘરની ચોકીદારી પણ થશે.''

''કંઈ ખબર છે, એક કૂતરાનો કેટલો ખર્ચો આવે તે! એનો સ્પેશિયલ ખોરાક લાવો, એના ખાસ સાબુ અને શેમ્પૂ લાવો, માંદો પડે એટલે ઢોરના ડૉક્ટર પાસે લઈ જાવ, ના ભઈ ના, આપણને એવા શોખ ન પોસાય.'' ઉમાદેવી ચૂપ થઈ ગયાં.

એક દિવસ પતિ-પત્ની બંને સ્કૂટર પર બજાર ગયેલાં ત્યાંથી પાછાં ફરતાં ઉમાનું ધ્યાન રસ્તા પર મેનાનાં પિંજરાં વેચતા માણસ પર પડ્યું. એ મોટે મોટેથી બોલી રહ્યો હતો, ''બોલતી મેના લઈ જાવ, માત્ર સો રૂપિયામાં.'' ઉમાએ પતિને સ્કૂટર રોકવા કહ્યું ને વિનંતી કરવા લાગી, તમે ભલે કૂતરાની ના પાડી પણ મહેરબાની કરીને મેનાની ના ન પાડશો. ફક્ત સો રૂપિયાની જ છે ને એને ખવડાવવા-પીવડાવવાનો કંઈ વધારે ખર્ચ નહીં આવે. સુરેશબાબુએ મનોમન ગણતરી કરી કે, વાત તો સાચી છે. આટલા ખર્ચમાં પત્ની ખુશ રહેતી હોય તો સોદો ખોટો નથી. મેના વેચનારો એનાં વખાણ કરતાં કહેતો હતો, 'સાહેબ, તમે જે બોલતાં શીખવશો એ તરત જ યાદ રાખીને બોલી બતાવશે. એની યાદશક્તિ બહુ જોરદાર છે.' રકઝક કરીને એમણે ૮૦ રૂપિયામાં સોદો નક્કી કર્યો. સ્કૂટરની પાછલી સીટ પર ઉમા મેનાનું પિંજરું લઈને બેઠી ત્યારે એનું માતૃત્વ ઉછાળા મારવા લાગ્યું.

નવા ઘરમાં ગોઠવાવામાં મેનાને વધારે સમય ન લાગ્યો. ઉમાએ એનું નામ મિતુ પાડ્યું. થોડા દિવસમાં તો સવાર પડે કે મિતુ 'જયશ્રી કિશન' બોલતી થઈ ગઈ. ઉમાને તો જાણે પહેલા ખોળાનું બાળક મળી ગયું હોય એટલી ખુશ હતી. ગામમાં રહેતા પચીસેક વર્ષના દિયર રાહુલે શહેરમાં આવીને કંઈ કામકાજ કરવાની ઇચ્છા બતાવી ત્યારે એણે રાજી થઈને પતિને કહ્યું, ''ભલેને આવે! કોઈ બોલવા-ચાલવાવાળું હોય તો મને પણ સારું લાગશે.''

થોડા વખતમાં જ બેઉને સમજાઈ ગયું કે એ ભાઈ કામ કરવા નહીં પણ જલસા કરવા જ આવેલા. બે-ત્રણ દિવસ થાય ન થાય એટલે મોટા ભાઈ સામે એનો હાથ લંબાતો. એકાદ વખત સુરેશબાબુના ખીસામાંથી પૈસા પણ ચોરાયા. આવું તો કેવી રીતે ચલાવાય? એમણે ગુસ્સે થઈને ઠપકો આપતાં કહ્યું, ''તું આળસુ, એદી, જુઠ્ઠો અને ચોર છે. આ ઘરમાં એવું બિલકુલ નહીં ચાલે.''

એ ઑફિસે ગયા ને ઉમા મંદિરે ગઈ કે મિતુએ બોલવા માંડ્યું, 'રાહુલ આળસુ, એદી જુઠ્ઠો ચોર'. રાહુલને ખૂબ ગુસ્સો આવ્યો. એણે એક તરકીબ અજમાવી. મિતુની નજીક જઈને ધીમેથી એને શીખવ્યું, 'મોટા ભાઈ કંજૂસ, મખ્ખીચૂસ, લોભિયા છે.' સાંજે સુરેશબાબુ ઑફિસેથી આવ્યા કે તરત મિતુએ 'કંજુસ, મખ્ખીચૂસ અને લોભી' કહીને એમનું સ્વાગત કર્યું. આ ઝીણકી મેનાએ આવા શબ્દો કહ્યા એટલે એમનો પિત્તો ગયો. ખૂણામાં પડેલી લાકડી લઈને એ મિતુના પિંજરા પર ધડાધડ ઠોકવા લાગ્યા. ગભરાયેલી મિતુની ચીસાચીસ સાંભળીને ઉમા રસોડામાંથી દોડી આવી. એમના હાથમાંથી લાકડી ઝૂંટવી લેતાં એણે કહ્યું, ''આ નિર્દોષ પર ગુસ્સો કરતાં પહેલાં શાંતિથી જરા વિચારી જુઓ કે વાત સાચી છે કે ખોટી? બીજા સામે એક આંગળી ચીંધતાં પહેલાં ત્રણ આંગળી આપણી સામે તકાયેલી છે એ વિચારવું જોઈએ.'' ઉમા તો આટલું કહીને પોતાના કામે લાગી ગઈ પણ સુરેશબાબુને વિચાર કરતા મૂકી ગઈ. અત્યાર સુધી એમને પોતાના જે દોષો નહોતા દેખાતા એ અત્યારે બનેલી ઘટના પછી સ્પષ્ટ દેખાવા લાગ્યા. પત્ની સાથે આટલાં વર્ષો સુધી જે વર્તન કર્યું હતું એ બદલ એમને પસ્તાવો થવા લાગ્યો. એમણે બૂમ પાડીને કહ્યું, ''ઉમા, અહીં આવ તો! એનો હાથ પકડીને પિંજરા પાસે લઈ જઈને એમણે કહ્યું, સોરી, તને અને મિતુને બંનેને.''

તે દિવસ પછી ઑફિસેથી આવીને સીધા એ મિતુ પાસે જતા, એની સાથે થોડું રમતા અને પછી પત્ની સાથે હીંચકે ઝૂલતા. ક્લબમાંથી મિત્રોના ફોન આવે તો કહી દેતા, ''હવેથી હું અઠવાડિયામાં એક જ દિવસ પાનાં રમવા આવીશ.''

ઉમા મિતુને પિંજરામાંથી બહાર કાઢીને વહાલ કરતાં કહેતી, ''ખરેખર, તું મારી દીકરી બનીને આવી છે.'' પછી એ અચાનક જ્યુથિકા રોયનું ગીત ગાવા લાગતી- 'ચૂપકે ચૂપકે બોલ મૈના, સાજન કબ ઘર આયેંગે...'

(કનક મંજરી સાહુની ઉડિયા વાર્તાને આધારે) **- આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org